
પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

(ગુજરાતી વિવેચન સાથે)




-: વિવેચનકાર :-
પૂ. આચાર્ય શ્રી કુંદકુંદસૂરીશ્વરજી મહારાજા

-: સંપાદક :-
પં. વજ્રસેનવિજયજી



-: પ્રકાશક :-
ભદ્રંકર પ્રકાશન
49/1, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટ પાસે, શાહીબાગ,
અમદાવાદ-360 004. ફોન : (079) 22860785

॥ શિવમસ્તુ સર્વ જગતઃ ॥

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ ઉપાધ્યાય ભગવંત
શ્રી યશોવિજયવાચક વિરચિત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

વિવેચક

પરમપૂજ્ય, હાલારરત્ન, આચાર્યદેવ શ્રીમદ્
વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજા

સંપાદક

પંન્યાસ શ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય

પ્રકાશક

ભદ્રંકર પ્રકાશન
૪૯/૧, મહાલક્ષ્મી સોસાયટી, સુજાતા ફ્લેટ્સ, શાહીબાગ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪. ● ફોન : (૦૭૯) ૨૨૮૬૦૭૮૫

- ગ્રંથ : **આઠ દૃષ્ટિની સજ્ઝાય**

- ગ્રંથકર્તા :

  જૈનશાસનને ઉપાધ્યાયરત્નની ભેટ કરનારા
  પરમપૂજ્ય નયવિજયજી મહારાજનાં શિષ્યરત્ન,
  પરમપૂજ્ય મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ

- કિંમત : રૂ. ૨૫/-

- પ્રાપ્તિ સ્થાન :

  ➤ **સરસ્વતી પુસ્તક ભંડાર**
  રતનપોળ, હાથીખાના, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
  ફોન : ૨૫૩૫૬૬૯૨

  ➤ **પાર્શ્વનાથ પુસ્તક ભંડાર**
  તળેટી રોડ, ફુવારા સામે, પાલિતાણા - ૩૬૪ ૨૭૦. (સૌરાષ્ટ્ર)
  ફોન : (૦૨૮૪૮) ૨૫૩૩૨૩

  ➤ **સેવંતીલાલ વી. જૈન**
  ૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઇ - ૪૦૦ ૦૦૨.

  ➤ **સોમચંદ ડી. શાહ**
  જીવન નિવાસ સામે, પાલિતાણા - ૩૬૪ ૨૭૦. (સૌરાષ્ટ્ર)


- મુંદ્રક :

  ***Tejas Printers***
  403, Vimal Vihar Apartment, 22, Saraswati Society,
  Near Jain Merchant Society, Paldi, **AHMEDABAD** - 7.
  **M. 98253 47620**

# પ્રકાશકીય

'જ્ઞાન વિના પશુ સારિખા...!'

આ પંક્તિ પૂજ્ય ગુરૂભગંવતોના મુખે સાંભળી છે, અને સત્ય હકીકત પણ એ જ છે કે, આ જીવ અજ્ઞાનતાના કારણે ભવભ્રમણ કરી રહ્યો છે. ભવભ્રમણથી બચવા માટે ભવભ્રમણનાં કારણો જાણવા પડશે. તેમાં મુખ્ય છે... મિથ્યાત્વ; અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ.

મિથ્યાત્વ હોય ત્યાં સુધી આગળ વધી શકાતું નથી. મિથ્યાત્વને કાઢીને સમ્યગ્દર્શન લાવવું પડશે. પણ એ સહેલું નથી. આવા ઉત્તમ દર્શનની પ્રાપ્તિ પૂર્વેની ભૂમિકારૂપ દૃષ્ટિઓ સમજવી પડશે. તેમાં પ્રથમ ચાર દૃષ્ટિ સમજાય અને તેવા ગુણો આવે તો ત્યારબાદ પાંચમી દૃષ્ટિ એટલે સમ્યગ્દર્શનની પ્રાપ્તિ સહજ બને.

પરમપૂજ્ય, પ્રરમોપકારી, ૧૪૪૪ ગ્રંથના રચયિતા, યાકિનીમહત્તરાસુનુ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ સંસ્કૃત ભાષામાં 'યોગદૃષ્ટિ સમુચ્ચય' નામના ગ્રંથની રચના કરી. તેમાં આ પદાર્થ વર્ણવ્યો છે. તે પદાર્થ આપણા જેવા બાલ જીવો સમજી શકે તેવા ભાવથી પરમોપકારી ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજાએ ગુજરાતી ભાષામાં 'આઠ દૃષ્ટિની સજ્ઝાય' બનાવી.

પરમપૂજ્ય, અધ્યાત્મ ઉપનિષદ્વેતા પંન્યાસજી ભગવંત શ્રી ભદ્રંકરવિજયજી મહારાજાના પ્રિયગ્રંથોમાં યોગદૃષ્ટિ

સમુચ્ચય પણ એક હતો. સંસ્કૃત-પ્રાકૃત નહિ ભણેલા પણ જીજ્ઞાસુ આત્માઓને તેના પદાર્થોનો બોધ મળે તે ભાવથી આ સજ્ઝાયના અર્થ-ભાવાર્થ થાય તો સારૂં, એવી ભાવના એમણે વ્યક્ત કરેલી. પૂજ્ય ગુરૂદેવના કાળધર્મ બાદ પણ આ ભાવના સ્મૃતિમાં લઇ, તેમના જ વિનીતશિષ્યરત્ન હાલારના હીરલા આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાએ ગુરૂદેવની ભાવના પૂર્ણ કરવા માટે આ સજ્ઝાયના અર્થ-ભાવાર્થ તૈયાર કર્યા.

આ તૈયાર થયેલ લખાણ ગુરૂભગવંતના લેખસંગ્રહમાં પડ્યું હતું, તે લેખ એક દિવસ પૂજ્ય આચાર્યભગવંતના શિષ્યરત્ન, પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજે હાથમાં લેતા લાગ્યું કે પરમ ગુરૂદેવની ભાવના, પૂજ્ય ગુરૂદેવની મહેનતને સફળ કરવા પ્રકાશન કરવું જોઈએ. આથી આ કાર્ય તુરંત જ અમલમાં મૂકાયું. ખૂબ જ ટૂંકા સમયમાં તેજસ પ્રિન્ટર્સવાળા શ્રી હસમુખભાઇ શાહે કંપોઝ - પ્રિન્ટીંગ આદિ કરીને ગ્રંથ તૈયાર કરી આપ્યો. જેના ખર્ચનો સંપૂર્ણ લાભ દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ, મુંબઈએ લીધો છે.

આ રીતે, પૂજ્યોની ભાવના, કરેલી-કરાવેલી મહેનતને અમે તો ફક્ત અમારા નામથી પૂર્ણ કરીને આપના કરકમલોમાં મૂકી રહ્યા છીએ.

આ ગ્રંથના અધ્યયન દ્વારા આપણે સૌ પરાદષ્ટિને પામવા સદ્ભાગી બનીએ એજ...

# પ્રસ્તાવના

પરમપૂજ્ય, પરમકૃપાળુ, મારા પરમગુરૂદેવ, અધ્યાત્મયોગના જ્ઞાતા, પંન્યાસપ્રવર શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યશ્રીનો ઘણાને અનુભવ છે કે, પૂજ્યશ્રી યોગીપુરૂષ હતા. એમાં પણ અધ્યાત્મયોગના સમર્થવેત્તા હતા.

પૂજ્યશ્રીને પરમપૂજ્ય, ભગવાન હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનાં ગ્રંથો, ઉપાધ્યાયજી ભગવંતના ગ્રંથો તથા કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાના ગ્રંથો પ્રિય હતા. એમનું સતત વાંચન, ચિંતન, અનુપ્રેક્ષા ચાલુ રહેતું. પૂજ્યશ્રીને યોગની રૂચિ તો અત્યંત હતી જ, એટલે યોગદષ્ટિ સમુચ્ચય ગ્રંથ તો સાહેબજી માટે પાઠ્યપુસ્તક જેવો બની ગયેલો.

હું ઘણી વખત પૂજ્યશ્રી પાસે સાંભળતો ત્યારે પૂજ્યશ્રી શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાનાં પદાર્થોનું વર્ણન કરતા. તેમાં પણ પૂજ્યશ્રી યોગદષ્ટિ સમુચ્ચયના પદાર્થો આઠ દષ્ટિ ઉપરનાં ચિંતનની વાતો વિશેષથી કહેતા.

મેં પૂજ્યશ્રીની હાજરીમાં આ ગ્રંથ વાંચેલો. ત્યારબાદ જામનગર-શાંતિભુવનમાં પંડિતવર્ય શ્રી વૃજલાલભાઇ ઉપાધ્યાયજી પાસે આ ગ્રંથ વાંચ્યો ત્યારે ખૂબ જ આનંદ આવેલો. એમાં સાથે સાથે પૂજ્યશ્રીએ કહેલા પદાર્થોની

વિચારણા પણ થતી. ચાર દષ્ટિની યોગ્યતા પછી ત્યારબાદની ચાર દષ્ટિની પ્રાપ્તિની વિચારણા વખતે અંતરમાં કંઈક અનેરો જ આનંદ રહેતો.

આ વાતને પણ ઘણા વર્ષો વ્યતીત થઈ ગયા. એક દિવસ... મારા પૂજ્ય ગુરૂમહારાજ આચાર્યદેવ શ્રીમદ્ વિજય કુંદકુંદસૂરીશ્વરજી મહારાજાના સંગ્રહિત લેખો - વ્યાખ્યાનોની કોપીઓ જોતો હતો તેમાં પરમોપકારી, મહોપાધ્યાયશ્રી યશોવિજયજી રચિત શ્રી આઠ દષ્ટિની સજઝાયનું ગુજરાતી અર્થ - ભાવાર્થ સહિત તૈયાર મેટર જોયું, થોડું વાંચ્યું, ગમી ગયું, આનંદ થયો.

વિચાર આવ્યો કે, આ લખાણ ઉપયોગી છે. જો પ્રિન્ટ કરાવીએ તો જ્ઞાનભક્તિ - ગુરૂભક્તિ બંને લાભ ઉપરાંત આમાં જણાવેલા પદાર્થો વાંચીને, આત્મસાત્ કરીને, આ ગુણો કેળવીને કો'ક પુન્યાત્મા સમ્યગ્દર્શન પામવા સદ્ભાગી બનશે તો એ બધાનો લાભ પણ મળશે.

આ રીતે, આ નાનકડા પણ અત્યંત ઉપયોગી ગ્રંથને સંપાદન કરવાનું બન્યું છે. મારી અસ્વસ્થ તબિયતમાં પણ જે કાંઈ આ જ્ઞાનભક્તિ કરી શકું છું તેમાં મારા લઘુગુરૂબંધુ પંન્યાસશ્રી હેમપ્રભવિજયજી મહારાજનો પૂર્ણ સહકાર - સહયોગ મળે છે.

આ ગ્રંથના વાંચન દ્વારા પુન્યાત્માઓ સમ્યગ્દર્શનને પામી પરાદષ્ટિને પામવા સદ્ભાગી બને એ જ અંતરની

-: આ ગ્રંથના સૌજન્ય દાતા :-

# દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ

આરાધના ભવન
૨૮૯, એસ. કે. બોલે રોડ,
દાદર (વેસ્ટ),
મુંબઇ - ૪૦૦ ૦૨૮.

# વિષયાનુક્રમ


ક્રમ પ્રકરણ..............................પૃષ્ઠ નં.

૧. પ્રથમ મિત્રા દષ્ટિ....................૧

૨. બીજી તારા દષ્ટિ....................૩૫

૩. ત્રીજી બલા દષ્ટિ....................૪૮

૪. ચોથી દીપ્રા દષ્ટિ....................૫૯

૫. પાંચમી સ્થિરા દષ્ટિ...........૧૦૮

૬ છઠ્ઠી કાંતા દષ્ટિ ..............૧૨૬

૭. સાતમી પ્રભા દષ્ટિ...........૧૪૬

૮. આઠમી પરા દષ્ટિ ...........૧૫૯

ન્યાયાચાર્ય ન્યાય વિશારદ ઉપાધ્યાય
· શ્રી યશોવિજય વાચક વિરચિત

# આઠ દૃષ્ટિની સજ્ઝાય

## પ્રથમ મિત્રાદૃષ્ટિની સજ્ઝાય

(ચતુર સનેહી મોહના - એ દેશી)

શિવ-સુખ-કારણ ઉપદિશી,
યોગ તણી અડ દિટ્ઠિ રે;
તે ગુણ થુણી જિન વીરનો,
કરશું ધર્મની પુટ્ઠિ રે,
વીર જિનેશ્વર દેશના. ................................. ૧

**અર્થ :** શ્રી વીર પરમાત્માએ પોતાની દેશનામાં મોક્ષ સુખના કારણભૂત યોગની આઠ દૃષ્ટિ ઉપદેશી છે - બતાવી છે. તે શ્રી મહાવીર પરમાત્માના ગુણોની સ્તુતિ કરીને અમે ધર્મની પુષ્ટિ કરશું.

**ભાવાર્થ :** સંસારરૂપી દાવાનળમાં દાઝતા જીવોને જેમનું વચન, શીતળ નીર સમાન શાતાપ્રદ નીવડે છે. સન્માર્ગમાં અવરોધક મોહની ધૂળને દૂર કરવામાં જેઓ પવન તુલ્ય છે, આત્માના પ્રદેશોને બાઝેલા માયાના ચીકણાં થરને દૂર કરવામાં જેઓ હળની તીક્ષ્ણ અણિ સમાન છે. તે શ્રી મહાવીર પરમાત્માના ગુણો, ગણ્યા ન ગણાય એટલા અપરંપાર છે.

મેરૂ પર્વત કરતાં અધિક નિષ્પ્રકંપ-અડોલ એવા શ્રી મહાવીર પરમાત્માના ગુણો ગાવાથી પુષ્ટિ ધર્મની જ થાય છે. કારણ કે પ્રભુ પોતે ધર્મ સ્વરૂપ છે.

એ ધર્મ-ધુરંધર શ્રી વીર પરમાત્માએ યોગની જે આઠ દષ્ટિ ઉપદેશી છે તે ભવ્ય જીવોને મોક્ષપથમાં સહાયક છે. તેનું આંતર બાહ્ય સ્વરૂપ હવે આપણે જોઈએ.

**સઘન અઘન દિન રયણીમાં,**
**બાળ વિકળને અનેરા રે;**
**અર્થ જુએ જેમ જુજુઆ,**
**તેમ ઓઘ નજરના ફેરા રે..............વીર. ૨**

**અર્થ :** જેમ સઘન - મેઘ સહિત દિવસ અને અઘન - મેઘ રહિત દિવસ, જેમ દિવસ તેમ રાત્રિ એટલે કે મેઘ યુક્ત દિવસ-રાત્રિ, મેઘ રહિત દિવસ-રાત્રિ, તેમજ તે-તે દિવસો અને રાત્રિઓમાં પણ ભેદ છે અને તે ભેદને દેખનારાઓમાં પણ કોઈ બાળ દૃષ્ટિ, કોઈ વિકળ દૃષ્ટિ અને કોઈ બીજા-તરુણ, વૃદ્ધ, રોગી વગેરે અનેક પ્રકારના હોય છે અને તેઓ જે-જે પદાર્થને જુએ તેમાં અનેક રીતે ફેર પડે છે. જુદા જુદા ભાવે દેખે છે, તેવી રીતે ઓઘ દૃષ્ટિ - સામાન્ય દૃષ્ટિ, જુદી-જુદી બહુ જાતની હોય છે.

**ભાવાર્થ :** મેઘલી રાત્રે ઘણું-ઘણું ઝાંખું કાંઈક દેખાય, તેના કરતાં કંઈક વધારે મેઘ વિનાની રાત્રે દેખાય, તેના કરતાં

ઘણું વધારે મેઘલા દિવસે દેખાય, તેના કરતાં પણ ઘણું વધારે મેઘ વગરના દિવસે દેખાય.

અને તેમાં પણ દેખનારો બાળક હોય, તો તેના દેખવામાં અને પુખ્ત ઉંમરનો હોય, તો તેના દેખવામાં પણ વિવેકના ઓછા-વધતા પ્રમાણને લીધે તફાવત હોય અથવા કાચ (પડલ - મોતીઓ) વગેરે આડો આવવાથી દેખનારની દૃષ્ટિ જો આવરાઈ-ઢંકાઈ હોય, તો તેના દેખવામાં અને કાચ (પડલ-મોતીઓ) આડો ન હોય તેના દેખવામાં પણ જરૂર ફેર પડે.

આમ એક જ દૃશ્યમાં પણ વિચિત્ર ઉપાધિ ભેદને લીધે જુદા-જુદા દૃષ્ટિભેદ થાય છે.

આ દૃષ્ટાંત પ્રમાણે લૌકિક પદાર્થને, લૌકિક દૃષ્ટિએ દેખવાના જે-જે ભેદ છે, તે-તે ઓઘ દૃષ્ટિના પ્રકાર છે.

'ઓઘદૃષ્ટિ' એટલે સામાન્ય દૃષ્ટિ. સામાન્ય દર્શન.

ઓઘ એટલે પ્રવાહ.

પ્રવાહપતિત દૃષ્ટિ તે ઓઘદૃષ્ટિ.

આમ અનાદિ સંસાર પ્રવાહમાં તણાઈ રહેલા અને તેમાં જ રાચનારા એવા ભવાભિનંદી જીવોની દૃષ્ટિ તે ઓઘ દૃષ્ટિ છે.

લોકપ્રવાહને અનુસરતા સામાન્યજનોનું જે લૌકિક પદાર્થ સંબંધી સામાન્ય દર્શન, તે ઓઘ દૃષ્ટિ છે.

આ દૃષ્ટિને કેવળ સ્થૂલ દૃષ્ટિ કહે છે, કેવળ લૌકિક દૃષ્ટિ કહે છે. જાડી નજર કહે છે.

ઓઘદૃષ્ટિવાળા જીવો સંસારમાં રચ્યાપચ્યા રહે છે. સ્થૂલ જગતની પારાયણમાં જ પરોવાયેલા રહે છે.

તાત્ત્વિક રીતે વિચારતાં ઓઘદૃષ્ટિ એટલે યથાર્થ દર્શન વગરની દૃષ્ટિ. યથાર્થ દૃષ્ટિનો અંધાપો.

આંખ હોવા છતાં નિરક્ષર માણસ પાઠ વાંચી શકતો નથી તેમ ઓઘદૃષ્ટિવાળો માણસ પણ દેખતો જણાતો હોવા છતાં જોવા જેવા પદાર્થોના સ્વરૂપને યથાર્થપણે જોઈ શકતો નથી.

**દર્શન જે થયાં જુજુઆ,**
**તે ઓઘ નજરને ફેરે રે;**
**ભેદ થિરાદિક દૃષ્ટિમાં,**
**સમકિત દૃષ્ટિના હેરે રે. ..................વીર. ૩**

**અર્થ :** ઓઘ નજરના ફેરને લીધે, જુદા જુદા દર્શન થયા. છ દર્શન થયા. તે ઓઘદૃષ્ટિનો અહીં અધિકાર નથી. અહીં તો યોગની આઠ દૃષ્ટિનો અધિકાર છે. જેમાંથી સ્થિરા આદિ ચાર દૃષ્ટિમાં સમકિત દૃષ્ટિપણું જોવાય છે.

**ભાવાર્થ :** ઉપર-ઉપરથી જોનારા બધા ઓઘદૃષ્ટિવાળા હોય છે.

આ દર્શન ભ્રામક હોય છે. વસ્તુના સમગ્ર સ્વરૂપને જોઈ શકતું નથી, પણ માળખામાં જ અટવાય છે અને અમે જે જોયું, તે જ સાચું એવો મિથ્યા આગ્રહ સેવનારું હોય છે.

પણ સ્થિરા આદિ દૃષ્ટિવાળા સમ્યગ્દૃષ્ટિ પુરુષોને તો આવો દર્શનભેદ મનમાં વસતો જ નથી. તેઓ આવા ભેદમાં અટવાતા નથી, તેઓ તો એક યોગમાર્ગને જ દેખે છે. આત્મદર્શનને જ દેખે છે.

સ્થિરા આદિ આઠ દૃષ્ટિઓ નીચે મુજબ છે : (૧) મિત્રા (૨) તારા (૩) બલા (૪) દીપ્રા (૫) સ્થિરા (૬) કાંતા (૭) પ્રભા અને (૮) પરા.

તે આઠ દૃષ્ટિમાં બોધ - જ્ઞાન પ્રકાશ કેવો હોય તે અંગે યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે.

तृण - गोमय - काष्ठाग्नि - कण - दीपोपम प्रभा ।
तारार्क - चंद्रमा - रत्न - सदृशी दृष्टिरष्टधा ॥

"ઘાસના, છાણાના, કાષ્ઠના અગ્નિકણ સમાન હોય અને દીપક સમાન પ્રભા પ્રથમની ચાર દૃષ્ટિમાં હોય અને તારા, સૂર્ય, ચંદ્ર અને રત્ન સમાન પ્રભા પછીની ચાર દૃષ્ટિમાં હોય, એમ આઠ પ્રકારની પ્રભા સમજવી.

આઠમા પ્રથમની ચાર દૃષ્ટિ સુધી મિથ્યાદૃષ્ટિ હોય અને પાછલી ચાર દૃષ્ટિ ગ્રંથિભેદથી હોય. અર્થાત્ સ્થિરાદૃષ્ટિથી સમકિત હોય.

**દર્શન સકલના નય ગ્રહે,**
**આપ રહે નિજ ભાવે રે;**
**હિતકારી જનને સંજીવની,**
**ચારો તેહ ચરાવે રે.......................વીર. ૪**

**અર્થ :** સ્થિરા આદિ દૃષ્ટિવંત પુરુષો સર્વ દર્શનના નય ગ્રહણ કરે છે અને પોતે પોતાના સ્વભાવમાં રહે છે અને અનેક ભવ્ય લોકને હિતકારી શુદ્ધ ઉપદેશરૂપ સંજીવની ચારો ચરાવીને પોતાનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરાવે છે.

**ભાવાર્થ :** સ્થિરા આદિ દૃષ્ટિવાળા પુરુષોને નયોની યથાર્થ મર્યાદાનું જ્ઞાન હોય છે, એટલે તેઓ યથાયોગ્ય નય વિભાગ કરી જાણે છે.

નય એટલે અપેક્ષા-ભેદ. તે અનંત છે. અમુક વસ્તુને અમુક અપેક્ષાએ જોવી તેનું નામ નય છે. આમ સર્વ નયનું પોતપોતાના વિષય પ્રમાણેનું સ્વરૂપ તેઓ બરાબર સમજ્યા હોય છે.

એટલે તેઓ કોઈ એક નયનો જ એકાંત પક્ષ કરતા નથી.

આ જે જુદા-જુદા દર્શનકારોએ, જુદા-જુદા દર્શન કર્યા છે, તે જુદા-જુદા નયની અપેક્ષાએ જુદા-જુદા દૃષ્ટિબિંદુથી કર્યા છે. તે-તે નયની અપેક્ષાએ તે બરાબર છે એમ સમજતા સમ્યગ્ દૃષ્ટિ પુરુષો તેમાં અટવાતા નથી, પણ રાગ-દ્વેષ, મોહરહિતપણે, એક શુદ્ધ આત્મતત્ત્વની આરાધનામાં લયલીન રહે છે.

સ્યાદ્વાદી સુજ્ઞ પુરુષો, સર્વ દર્શનોને શ્રી જિનદર્શનના અંગરૂપ માને છે અને તેનો તે રીતે સમાવતાર કરીને, આપ-સ્વભાવમાં અડોલ રહે છે.

પ્રાણી યા પદાર્થના કોઈ એક અંગને પકડી લઈને - આ

પ્રાણી આવું જ છે અથવા આ પદાર્થ આવો જ છે એવો એકાંત આગ્રહ સેવવો તે મિથ્યાદૃષ્ટિ છે. એકાંતદૃષ્ટિ છે.

સમગ્રતાવ્યાપી દૃષ્ટિ તે અનેકાંતદૃષ્ટિ. આવી દૃષ્ટિવાળો પુરુષ ક્યાંય અટવાયા સિવાય નિજ સ્વરૂપના બોધને અખંડપણે જાળવી શકે છે.

આવા ગંભીર પુરુષો **ચારિ-સંજીવની** ન્યાયને અનુસરે છે.

આ ન્યાય એટલે શું ? તેની સ્પષ્ટતા નીચેની કથામાં છે.

એક નગરમાં એક પુરુષને બે પત્નીઓ હતી. એક વિનીત છે, બીજી વક્ર છે.

વક્ર સ્ત્રીએ વિદ્યા દ્વારા પોતાના પતિને બળદ બનાવી દીધો.

સરળ સ્વભાવની સ્ત્રી, પતિપ્રેમથી પ્રેરાઇને તે બળદની ચારા-પાણી વડે સારી રીતે સારસંભાળ રાખે છે, પોતાના પતિરૂપી બળદને ફેરવવા માટે વગડામાં લઇ જાય છે.

આ વિનીત સ્ત્રી, બળદને લઇને વગડામાં ગઇ. એક વડ નીચે આરામ કરવા બેઠી. બળદ આસપાસમાં ચરે છે.

આ વડ ઉપર એક વિદ્યાધર યુગલ બેઠું હતું. વિદ્યાધર પોતાની પત્નીને કહે છે, 'આ સ્ત્રી જે બળદની સેવા કરે છે તે ખરેખર બળદ નથી, પણ પુરુષ છે. તેનો પતિ છે. પણ તેની બીજી કર્કશા પત્નીએ તેને વિદ્યા વડે બળદ બનાવી દીધો છે.'

વિદ્યાધરની પત્ની પૂછે છે, 'એવો કોઇ યોગ છે કે જેથી આ બળદ પુનઃ પુરુષ થાય ?'

વિદ્યાધરે કહ્યું કે, તે સ્ત્રી બેઠી છે, તે વડની નીચે સંજીવની ઔષધિ છે. જો તે બળદને ખવડાવે, તો તે પાછો પુરુષ બની જાય.'

આમ કહીને વિદ્યાધર એની પત્ની સાથે આકાશમાર્ગે આગળ નીકળી ગયો.

વિદ્યાધરની વાત સાંભળીને વિનીત સ્ત્રી અત્યંત રાજી થઈ, પણ વડ નીચેના ઘાસમાં સંજીવની કઈ તેની કોઇ ગતાગમ તેને નહોતી. એટલે તે વડ નીચેની બધી વનસ્પતિ પોતાના પતિરૂપી બળદને ખવડાવે છે. તેમાં સંજીવની ઔષધિ ચરવામાં આવતાં તે પુનઃ પુરુષ બની ગયો.

આમ, પરમ નિષ્પક્ષપાતપણું સૂચવતી આ કથામાં કોઈ પણ દર્શનનો - મતનો આગ્રહ નથી: પણ ચારેકોર ફરી-ચરી સાચા તત્ત્વ જિજ્ઞાસુને મધ્યસ્થતાથી 'સંજીવની' તત્ત્વ શોધી કાઢવાનો નિર્મળ બોધ છે.

આ ન્યાયને અનુસરનારો આત્મા કોઈ એક મતના મિથ્યા આગ્રહમાં ન અટવાતા, શુદ્ધ સમ્યક્ત્વને પામીને આત્મસ્વરૂપને પામે છે.

**દૃષ્ટિ થિરાદિક ચારમાં,**
**મુગતિ પ્રયાણ ન ભાજે રે;**
**રયણી શયન જેમ શ્રમ હરે,**
**સુર-નર-સુખ તેમ છાજે રે. ..............વીર. ૫**

**અર્થ :** સ્થિરા આદિ ચાર દષ્ટિમાં મુક્તિનું પ્રયાણ - ગમન રોકી શકાય નહિ. ઉત્તરોત્તર તે જીવને મુક્તિની સામગ્રી પ્રાપ્ત થાય.

ઇષ્ટનગર તરફ પ્રયાણ કરતા પ્રવાસીને રાત્રિએ શયન કરવાથી - વિશ્રામ લેવાથી જેમ શ્રમ દૂર થાય છે, તેમ સ્થિરા આદિ દષ્ટિવાળા આત્માઓ મુક્તિએ ન પહોંચે ત્યાં સુધી વચ્ચે-વચ્ચે દેવભવના અને મનુષ્ય ભવના સુખો તેમને છાજે છે - શોભે છે. એટલે કે વચ્ચે-વચ્ચે દેવ અને મનુષ્યના ભવ કરવા પડે, પરંતુ તે જીવ મુક્તિમાં અવશ્ય પહોંચે છે.

**ભાવાર્થ :** શ્રી સિદ્ધાચલ તીર્થે પહોંચવાના નિર્ધારવાળો યાત્રાળુ રસ્તામાં થાકે છે તો, શ્રી શંખેશ્વરજી આદિ તીર્થોમાં આત્મારામ કરતો-કરતો પણ ત્યાં પહોંચે છે. પણ તેમાં પાયાની શરત એ છે કે એ યાત્રાળુની આંતર દષ્ટિમાં શ્રી સિદ્ધાચલ તીર્થ અને તીર્થાધિપતિ શ્રી આદિશ્વર દાદા વસી ગયેલા હોવા જ જોઈએ, તેમજ તેણે શ્રી સિદ્ધાચલ તીર્થે લઇ જનારા માર્ગ પર જ ચાલવું પડે. તો તે અવશ્ય સિદ્ધગિરિએ પહોંચીને દેવાધિદેવને ભેટી શકે છે.

તે જ રીતે સ્થિર આત્મ દષ્ટિવાન આત્મા પણ રત્નત્રયીની આરાધનારૂપ મુક્તિમાર્ગમાં પ્રવાસ કરતો-કરતો પોતાને ઇષ્ટ એવા મોક્ષનગરે પહોંચે છે. મોક્ષનગરે પહોંચતાં સુધીમાં તેને દેવ અને મનુષ્યના જે ભવો કરવા પડે છે, તેમાં પણ તે

લપટાતો નથી, પણ પોતાની દૃષ્ટિથી આત્મામાં સ્થિર રહીને, આત્મભાવને અકબંધ રાખીને આગળ વધતો-વધતો મોક્ષે પહોંચી જાય છે.

શ્રી શંખેશ્વરજીની સગવડવાળી ધર્મશાળામાં અટવાઇ જનારો યાત્રાળુ શ્રી સિદ્ધગિરિએ પહોંચી શકતો નથી, તેમ દેવ અને મનુષ્ય ભવમાં મળતી સુખની સામગ્રીમાં જે આસક્ત થઇ જાય છે, તે મોક્ષમાં પહોંચી શકતો નથી.

સ્થિરા આદિ ચાર દૃષ્ટિઓમાં રહેલું દૈવત જીવને તેમ કરતાં અટકાવે છે અને ઇષ્ટ સ્થાને જવાની પ્રબળ પ્રેરણા પૂરી પાડતું રહે છે. આત્માના નૂરને હોલવાવા નથી દેતું, પણ દિપ્તમાન રાખીને પરમાત્મ-પદની પ્રાપ્તિ કરાવી આપે છે.

સન્માર્ગે ગમન કરતો સ્થિર દૃષ્ટિવાંન, લક્ષ્યવેધી બાણની જેમ લક્ષ્યને પામે જ છે, તેમાં કોઇ શંકા નથી.

**એહ પ્રસંગથી મેં કહ્યું,**
**પ્રથમ દૃષ્ટિ હવે કહીએ રે;**
**જિહાં મિત્રા તિહાં બોધ જે,**
**તે તૃણ અગનિ સો લહીએ રે..........વીર. ૬**

**અર્થ :** આ વાત પ્રસંગોપાત કહી.

હવે પ્રથમ **મિત્રાદૃષ્ટિ** કહું છું.

આ દૃષ્ટિમાં સત્પુરુષના સંગથી સત્ પ્રવૃત્તિ કરે અને જ્ઞાનનો બોધ થાય તેથી તે દૃષ્ટિ કહેવાય.

આ મિત્રાદષ્ટિમાં મિથ્યાત્વની મંદ સ્થિતિ અને મંદરસ હોય અને તૃણના અગ્નિ સરખો અલ્પ બોધ હોય.

**ભાવાર્થ :** યોગદષ્ટિ આઠ પ્રકારની છે.

યોગદષ્ટિ એટલે આત્મબોધકર દષ્ટિ.

તેમાં પહેલી મિત્રાદષ્ટિ છે.

આ દષ્ટિને તૃણના અગ્નિ જેવી કહી છે.

જેમ તૃણનો અગ્નિ - પ્રકાશ ઈષ્ટ પદાર્થનું દર્શન કરાવવા સમર્થ થતો નથી, તેમ આ દષ્ટિનો બોધ તત્ત્વથી ઈષ્ટ પદાર્થનું યથાર્થ દર્શન કરાવી શકતો નથી. કારણ કે તૃણના અગ્નિનો પ્રકાશ પદાર્થની કંઈક બરાબર સૂઝ પડે તેટલો લાંબો વખત ટકતો નથી, તેમ આ દષ્ટિનો બોધ પણ તેનો સમ્યક્ પ્રકારે પ્રયોગ કરી શકાય એટલો વખત ટકતો નથી.

જેમ તૃણનો અગ્નિ - પ્રકાશ અત્યંત ઝાંખો હોય છે, તેમ આ દષ્ટિનો બોધ મંદ વીર્યવાળો અર્થાત્ અલ્પ સામર્થ્યવાળો હોય છે.

જેમ તૃણના અગ્નિનો પ્રકાશ ક્ષણવારમાં હતો ન હતો થઈ જાય છે, અને તેથી તેની દઢ સ્મૃતિનો સંસ્કાર રહેતો નથી. તરત જ ભૂલાઈ જાય છે, તેમ મિત્રાદષ્ટિમાં પણ બોધ એવો અલ્પજીવી અને અલ્પવીર્ય હોય છે.

આમ સ્થિતિને વીર્યની મંદતાથી તથાપ્રકારે સ્મૃતિ સંસ્કારના અભાવને લીધે, જેમ તૃણના અગ્નિનો પ્રકાશ પાંગળો

હોઇ તેનાથી કંઇ ખરું કાર્ય બનવું સંભવતું નથી, તેમ આ દૃષ્ટિમાં બોધનું એવું પાંગળાપણું હોય છે કે ભાવથી વંદન-પૂજન આદિ કાર્યનો યોગ બનતો નથી, દ્રવ્ય-વંદનાદિ હોય છે.

તેમ છતાં મિત્રાદૃષ્ટિને, દૃષ્ટિ તો યોગની જ કહી છે એટલ તેને લાકડા જેવી નિશ્ચેષ્ટ નથી કહી, પણ તૃણના અગ્નિના પ્રકાશ જેવી કહી છે.

તૃણના અગ્નિનો પ્રકાશ અલ્પજીવી અને મંદ શક્તિવાળો હોવા છતાં ય છે તો પ્રકાશ જ. એટલે તે તેટલા પ્રમાણમાં પણ પદાર્થનું કંઇક ઝાંખું પણ દર્શન તો કરાવે છે. માટે તેને સર્વથા નગણ્ય ન જ લેખાય.

તેમ મિત્રાદૃષ્ટિવાળા જીવને પણ સર્વથા સુષુપ્ત ન કહેવાય.

જેવું તેવું પણ સોનું, કથીર કરતાં કિંમતી હોય છે, તેમ અલ્પ પણ આત્મ બોધકર મિત્રા દૃષ્ટિ, ઓઘ દૃષ્ટિ કરતાં સારી છે.

પેન પકડીને પાટી પર એકડો ઘૂંટવા મથતો બાળક, શેરીની ધૂળમાં રખડતા બાળક કરતાં સારો ગણાય છે. તેમ સંસારની શેરીમાં વિષય-કષાયના કાદવ-કીચડમાં આળોટતા ઓઘદૃષ્ટિવાળા જીવ કરતાં, આત્માનો એકડો ઘૂંટવા મથતા મિત્રાદૃષ્ટિવાળો જીવ સારો છે.

એટલે આ દૃષ્ટિને તે રીતે મૂલવવી જોઇએ. પણ તેને સર્વથા નગણ્ય ન માનવી જોઇએ.

વ્રત પણ ઇહાં યમ સંપજે,
 ખેદ નહીં શુભ કાજે રે;
દ્વેષ નહિ વળી અવરશું,
 એહ ગુણ અંગ વિરાજે રે..............વીર. ૭

**અર્થ :** આ દૃષ્ટિમાં પાંચ યમ (અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ) પ્રાપ્ત થાય. સારા કાર્યો (દયા, દાન, દેવ-ગુરુની ભક્તિ વગેરે)માં ખેદ કે આળસ ન થાય. અન્ય દર્શનીઓ તરફ દ્વેષ ન ઉપજે. આ ગુણો તેના અંગમાં વિરાજે - શોભે.

**ભાવાર્થ :** સાવ ન દેખતા માણસ કરતાં કંઇક દેખતો માણસ, દૃષ્ટિની અપેક્ષાએ સારો. એ ન્યાયે ઓઘ દૃષ્ટિ કરતાં મિત્રાદૃષ્ટિ જરૂર સારી. એમાં ભલે સ્થિરાદૃષ્ટિનું પાણી નથી તો પણ ઓઘદૃષ્ટિની નિર્જળતા પણ નથી.

અલ્પ તો ય આત્માનો બોધ ક્યાંથી ?

એવો બોધ કરાવનારી આ દૃષ્ટિ ઉઘડતાં જીવને અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિના સેવનમાં કંઇક પણ રૂચિ જાગે. અંશથી પણ તે આત્માનો ગ્રાહક બને તેટલા પ્રમાણમાં પણ આત્મા તેના આચારમાં છતો થાય.

એટલે તેને દયા, દાન, દેવ-ગુરુની ભક્તિ એ બધા સત્કાર્યોમાં ખેદ, કંટાળો, અણગમો કે આળસ ન રહે.

ઘનઘોર રાત્રિમાં પ્રકાશનું એક કિરણ પણ કમાલ કરી જાય છે. તેમ મિત્રાદૃષ્ટિનો અલ્પ પ્રકાશ - મંદ આત્મબોધ

પણ, બોધ આત્માનો કરાવનારો હોવાથી તેની વિધાયક અસર તેવી દૃષ્ટિવાળા જીવ ઉપર થતી જ હોય છે.

વિષનું એક બિંદુ જો તેની અસર ઉપજાવી શકતું હોય તો અમૃતનું એક બિંદુ તેની અસર ઉપજાવે તે સ્વાભાવિક છે.

એટલે આત્માની આંશિક અને અલ્પકાલિન પણ ઝલક, જીવને અલગ સ્વભાવની અસર પહોંચાડીને અન્ય દર્શનીઓ તરફ દ્વેષ કરતાં અટકાવે છે.

મિત્રાદૃષ્ટિવાળો જીવ આ ગુણો વડે શોભતો હોય છે.

નાનકડો પણ ગુણ એ ગુણ. નાનકડા બીજમાંથી મોટો વડલો ઉગી નીકળે છે, તેમ નાનકડા પણ ગુણમાંથી જતે દિવસે ગુણસમૃદ્ધ જીવન નિર્માણ થાય છે.

પાણીનો એક પ્યાલો પણ કેટલો મૂલ્યવાન છે, ઉપકારક છે. તેનો સચોટ અનુભવ તૃષાર્ત માણસને થાય છે, તેમ નાનકડો પણ ગુણ આત્માની મોક્ષયાત્રામાં કેટલો સહાયક થાય છે તેનો સચોટ અનુભવ તે ગુણની પ્રાપ્તિ દ્વારા સાંપડતી શાંતિ કરાવે છે.

સત્કાર્યો પ્રત્યે આદર, પરનો દ્વેષ નહિ, અહિંસા - સત્ય આદિના પાલનમાં શક્ય પણ જાગૃતિ - આ બધા ગુણો જેવા તેવા તો નથી જ.

એટલે તેને સાધી આપનારી મિત્રાદૃષ્ટિ, ભલે સ્થિરા આદિ ચાર દૃષ્ટિઓ જેટલી પાણીદાર ન હોય, તો સંસારમાં જ રઝળાવનારી ઓઘદૃષ્ટિ કરતાં ઘણી સારી છે.

કઇ દૃષ્ટિ વડે આપણે જીવનને જોખીએ છીએ, મૂલવીએ છીએ, સ્વીકારીએ છીએ, અપનાવીએ છીએ, તેનો તટસ્થપણે અભ્યાસ કરીને આપણે ધર્મની શ્રેષ્ઠ સામગ્રીયુક્ત આ માનવભવને મિત્રા આદિ દૃષ્ટિને વિકસાવીને મોક્ષદૃષ્ટિમય બનાવવાના સત્પુરુષાર્થ આદરવો જોઇએ.

**યોગનાં બીજ ઇહાં ગ્રહે,**
**જિનવર શુદ્ધ પ્રણામો રે;**
**ભાવાચારજ સેવના,**
**ભવ-ઉદ્વેગ સુઠામો રે.....................વીર. ૮**

**અર્થ :** આ મિત્રાદૃષ્ટિમાં જીવ યોગનાં બીજ ગ્રહણ કરે, નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપે શ્રી જિનેશ્વર દેવને શુદ્ધ પ્રણામ કરે, સૂત્રોક્ત રીતે પ્રવર્તનારા પંચાચારનું યથાર્થપણે પાલન કરનારા અને શુદ્ધભાષક એવા ભાવાચાર્યની સેવા કરે અને સંસારની ઉદાસીનતા તે જ ઉત્તમ સ્થાન છે - મોક્ષ પ્રાપ્તિ કરાવનાર છે, એમ જાણે.

**ભાવાર્થ :** યોગનાં મુખ્ય આઠ અંગો છે. તે નીચે મુજબ જાણવા.

(૧) પાંચ યમ (જે સાતમી ગાથામાં કહ્યાં તે).
(૨) શૌચ - સંતોષાદિ પાંચ નિયમ.
(૩) યોગાસન તે પદ્માસન આદિ.
(૪) પવનનું રૂંધવું તે પ્રાણાયામ.

(૫) ઇન્દ્રિયોને વિષયોમાં ન પ્રવર્તાવવી તે પ્રત્યાહાર.
(૬) શુદ્ધ વસ્તુનો યથાર્થ નિર્ધાર તે ધારણા.
(૭) ધ્યેયનું ચિંતન તે ધ્યાન.
(૮) ધ્યેયનો તન્મયપણે અનુભવ તે સમાધિ.

તાત્પર્ય કે યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ મુખ્ય અંગ છે.

બીજી રીતે, (૧) અદ્વેષ, (૨) જિજ્ઞાસા, (૩) શુશ્રૂષા, (૪) શ્રવણ, (૫) બોધ, (૬) મીમાંસા, (૭) પરિશુદ્ધિ અને (૮) અપ્રતિપાતી એ અષ્ટાંગ યોગ-લક્ષણ છે.

યોગનાં આ અંગોનાં બીજ, મિત્રાદષ્ટિવાળો જીવ ગ્રહણ કરે છે. તે પણ તે દષ્ટિનો અસાધારણ ઉપકાર છે.

યમ નિયમ વગરના પશુવત્ જીવનમાં આ બીજ જબ્બર ખળભળાટ પેદા કરીને જીવને નાના-મોટા વ્રત-નિયમોની ચાનક લગાડે છે.

ખાવું-પીવું, રખડવું અને સૂઇ જવું એને જ જો જીવન - આદર્શ જીવન કહેવાતું હોય તો એવું જીવન જીવતા પશુ-પંખીઓના ભવ કરતાં - માનવ ભવ શ્રેષ્ઠ ન ગણાયો હોય.

માનવભવનું શ્રેષ્ઠત્વ અષ્ટાંગ યોગ પ્રવૃત્તિ દ્વારા પાંગરે છે.

એટલે એવા જીવને યોગીને પણ આરાધ્ય એવા શ્રી જિનેશ્વર-દેવ ગમે છે. આકર્ષક લાગે છે, પૂજ્ય લાગે છે. તેમના નામ, પ્રતિમા વગેરે ચારે નિક્ષેપાને તે ભાવપૂર્વક પ્રણામ કરતો થાય છે.

આ ભાવ બધા જીવોમાં નથી જાગતો તેનું કારણ - મિત્રાદૃષ્ટિનો અભાવ છે. તે કક્ષાએ મિત્રાદૃષ્ટિ પણ ઉપકારક છે.

શ્રી જિનેશ્વરદેવને ભાવથી નમસ્કાર કરવાનો ભાવ, તેમની જ આજ્ઞાને આરાધનારા ગીતાર્થ આચાર્યદેવની સેવા કરવાની લગની લગાડે છે.

આ ભાવ અને લગનીના પરિણામે જીવની ભવ-રસિકતા ઓછી થાય છે અને મુક્તિરસિકતા વધવા માંડે છે.

સહજ ભાવે બેઠા હોઈએ ત્યારે આપણો આંતરિક અધ્યવસાય જે તરફ ઝોક ખાય, તેવા પ્રકારની આપણી દૃષ્ટિ ગણાય.

જો આપણો અધ્યવસાય સંસારને સલામ કરવાનો ઝોક ધરાવતો હોય. સ્વાર્થમાં જ રંગાયેલો રહેતો હોય, રાગ-દ્વેષ વડે તૃપ્ત થતો હોય તો આપણે મિત્રાદૃષ્ટિવાળા પણ ન ગણાઈએ.

મિત્રાદૃષ્ટિવાળા જીવની રૂચિ કેવી હોય, તે આ ગાથા બરાબર સમજાવે છે.

ઝાંખો-ઝાંખો પણ આત્મબોધ સંસારના પ્રચંડ આક્રમણ વચ્ચે પણ જીવને જડવત્ આચરણથી બચાવી લે છે.

આ દૃષ્ટિના લાભને સાચો લાભ સમજીને સેવવાથી ચઢિયાતા આત્મિક લાભનો જોગ કરાવનારી દૃષ્ટિ ઉઘડે છે.

દ્રવ્ય અભિગ્રહ પાળવા,
ઔષધ પ્રમુખને દાને રે;
આદર આગમ આસરી,
લિખનાદિક બહુ માને રે. ...............વીર. ૯

**અર્થ :** ગ્રંથિભેદ વિના ભાવ અભિગ્રહ હોય નહિ. તેથી આ મિત્રાદૃષ્ટિવાળો તો મુનિ-મહાત્માઓને ઔષધ, વસ્ત્ર, પાત્ર આદિ આપવાના દ્રવ્ય અભિગ્રહ પાળે - કરે. આદર સહિત આગમવિધિને અનુસારે સાધુ મુનિરાજને ઉચિત હોય તે આપે તથા બહુમાનપૂર્વક પુસ્તક લખાવવાં વગેરે ઉદ્યમ કરે.

**ભાવાર્થ :** દ્રવ્ય અભિગ્રહનું પાલન-સેવન એ પણ ઉત્તમ યોગ બીજ છે.

નિરતિચાર ચારિત્રના પાલક, અષ્ટ પ્રવચન માતાના બાલક એવા સાધુ ભગવંતો સાચે જ સુવર્ણપાત્ર જેવા છે - સુપાત્ર છે.

તેમની સંયમયાત્રામાં બાધક ન થાય એવા નિર્દોષ, ઉત્તમ, વસ્ત્ર, પાત્ર, ઔષધ, ઉપકરણ આદિનું તેમને ઉલ્લાસ-પૂર્વક દાન કરવું તે દ્રવ્ય અભિગ્રહ છે.

ધર્મનું આદિ પદ દાન છે. ધર્મરૂપી મંદિરમાં દાખલ થવાનું પહેલું પગથિયું દાન છે. દાન વગર જીવ પરિગ્રહના રાગની પકડમાંથી છૂટી શકતો નથી.

દાનનો મહિમા અપાર છે.

અને તેમાંય સુપાત્ર દાન તો નિયમા ફળે છે અને ફળે છે પણ એવું કે દાતાને તે સંસારમાંથી બહાર કાઢે છે.

શ્રી શાલિભદ્રજીના આત્માએ પૂર્વના ભવમાં મુનિરાજને ઉલ્લાસપૂર્વક ખીર વહોરાવી, તો તેનું કેવું સુફળ તેમને મળ્યું ?

એટલે તો આજે ય અનેક ભાઈઓ દિવાળીના દિવસે ચોપડામાં 'શાલિભદ્રજીની ઋદ્ધિ હોજો' એમ લખે છે.

પણ એ ઋદ્ધિના મૂળમાં સુપાત્રદાન હતું એ આપણે ન ભૂલવું જોઈએ.

માટે જ શ્રી શાલિભદ્રજી એ ઋદ્ધિમાં લપટાયા નહિ, પણ તેનો ત્યાગ કરીને તરી ગયા, મોક્ષે સિધાવ્યા.

નીતિની કમાઈના ઉત્તમ દ્રવ્ય વડે ધર્મના અંગભૂત શાસ્ત્રો લખાવવાનો ઉત્સાહ પણ, આ (મિત્રા) દષ્ટિવાળા જીવમાં જાગે છે.

જે શાસ્ત્રોના શ્રવણ-મનનથી જીવને સંસારનું સ્વરૂપ કેવું અસાર છે તે સમજાય છે તેમજ ધર્મ જ એક સારભૂત હોવાની દઢ પ્રતીતિ થાય છે, એ શાસ્ત્રો પ્રત્યે તેને અનહદ આદરભાવ પેદા થાય છે.

એટલે એવા એકાદ પણ શાસ્ત્રને સારામાં સારી રીતે લખાવવાનો લોભ તે જતો કરી શકતો નથી.

આમ શ્રુતભક્તિ એ પણ યોગનું અવંધ્ય બીજ છે.

લેખન, પૂજન આપવું,

શ્રુતવાચના ઉદ્ગ્રાહો રે;

ભાવ વિસ્તાર સજ્ઝાયથી,

ચિંતન ભાવન ચાહો રે. ............... વીર. ૧૦

**અર્થ :** મિત્રાદષ્ટિવાળો આત્મા સિદ્ધાંત શાસ્ત્રો લખાવવામાં તથા વિતરાગ પરમાત્માનાં બિંબોના પૂજનમાં દ્રવ્યાદિ સામગ્રી આપવામાં સાવધાન હોય, તેમજ સન્માર્ગ પ્રરૂપક સિદ્ધાંતની વાચના આપનારનો (ઉદ્ગ્રાહી) યોગ મેળવવા ઉદ્યમ કરે, પાંચ પ્રકારના (વાચના, પૃચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથાના) સ્વાધ્યાયથી શ્રદ્ધા આદિના ભાવોનો વિસ્તાર કરે, ચિંતન અને ભાવનાથી ચાહના કરે.

**ભાવાર્થ :** રાગ-દ્વેષ, મોહ, અજ્ઞાન અને મિથ્યાત્વને વશ પડેલા જીવની સઘળી પ્રવૃત્તિઓ પ્રાયઃ તેનો સંસાર વધારનારી હોય છે.

મિત્રાદષ્ટિના સ્પર્શે અર્થાત્ તેને આત્મિક ભાવનો કંઈક બોધ થાય છે ત્યારે તેની આ પ્રવૃત્તિઓમાં કાંઈક ફેરફાર થાય છે. તેની વૃત્તિ સત્શાસ્ત્રોની ભક્તિ તરફ વળે છે. શ્રી જિનપ્રતિમાના પૂજનમાં તેનો રસ જાગે છે. એ રસ વિકૃત ન બને તેવી રીતે તે નીતિની કમાઇના સ્વદ્રવ્યોથી પ્રતિમા પૂજન કરે છે. એ પૂજનમાં અનીતિનાં દ્રવ્યો ન આવી જાય તેની કાળજી રાખે છે.

દેખાતું ઉત્તમ પણ દ્રવ્ય જો નીતિની કમાઇ નું નથી હોતું તો, તે શુભ ભાવોત્પાદક નથી બનતું.

બળેલુ બીજ વાવવાથી તે ઉગતું નથી, તેમ બળેલા બીજ જેવું અનીતિનું દ્રવ્ય, શુભ ફળદાયી નીવડતું નથી.

મિત્રાદષ્ટિજન્ય અલ્પ પણ આત્મબોધ, જીવને સંસારવૃદ્ધિના કારણરૂપ અસત્ પ્રવૃત્તિઓમાં અલ્પ રસવાળો બનાવે છે.

એવા જીવને સદ્ગુરૂની નિશ્રા સેવવાની શુભ મતિ થાય છે. તેમના ચરણમાં બેસીને સુશાસ્ત્રો સાંભળવા-સમજવાની લાગણી થાય છે.

મેઘનું જળ ધરાને તૃપ્ત કરીને તૃણાંકુરોને બહાર લાવે છે, ધરતીને હરિયાળી બનાવે છે, તેમ સુગુરુના સદુપદેશથી ભીંજાયેલા મિત્રાદષ્ટિ-જીવના હૃદયમાં દયાના ભાવ જાગે છે, મનમાં શુભ વિચાર જાગે છે. સંસારમાં રમનારું તેનું ચિત્ત સ્વાધ્યાય રસિક બને છે.

શાસ્ત્રના એકાદ સૂત્રની એકાદ ગાથાના સ્વાધ્યાયમાં રત રહી શકાય છે તો જીવને તેનાથી મોટો ફાયદો થાય છે.

બુદ્ધિને શુદ્ધ બનાવવા માટે, મનની ચંચળતાને નાબૂદ કરવા માટે, સાંસારિક વિચારણાને અંકુશમાં લેવા માટે, આત્મવિશ્વાસમાં દઢતા લાવવા માટે પાંચે પ્રકારનો સ્વાધ્યાય એ અણમોલ ઔષધ છે.

પરભાવરમણતા ટાળીને સ્વભાવરમણતા વધારનારો સ્વાધ્યાય એ તો જીવનો તાત્ત્વિક ખોરાક છે.

'જેવો આહાર તેવો ઓડકાર' એ ન્યાયે સ્વાધ્યાયરૂપી આ તાત્ત્વિક ખોરાક ખાવાથી જીવની પરિણતિરૂપ ઓડકારમાં આત્મસ્નેહની મહેક આવે છે.

ચિત્તને સત્‌ના ચિંતનમાં તરબોળ કરવા માટે, સદાચાર સંપન્ન જીવન માટે, સદ્‌ગુરૂની નિશ્રાએ સુશાસ્ત્રોનું શ્રવણ કરીને તેના ઉપર ચિંતન-મનન આદિ કરતા રહેવાથી જીવનો સંસાર જરૂર પાતળો પડે છે, રાગ-દ્વેષ પાતળા પડે છે. બહિર્વૃત્તિ ઓછી થાય છે.

સંસાર વધારનારી પ્રવૃત્તિઓ કરતાં કંઈક વધુ રસ, સંસાર ઘટાડનારી પ્રવૃત્તિઓમાં પડે તેમાં જં જીવનું હિત છે.

**બીજ કથા ભલી સાંભળી,**
**રોમાંચિત હુવે દેહ રે;**
**એહ અવંચક યોગથી,**
**લહીએ ધરમ સનેહ રે. ............... વીર. ૧૧**

**અર્થ :** શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા, આસ્તિક્ય તેમજ ઔદાર્ય, ધૈર્ય, ગાંભીર્ય તેમજ યોગના અંગોની બીજ-કથા સાંભળીને આ દૃષ્ટિવાળા જીવનો દેહ રોમાંચિત થાય છે. આથી તે યોગનું અવંચકપણું પામે છે, અવંચક યોગ પામવાથી તેને ધર્મ ઉપર સ્નેહ થાય છે.

**ભાવાર્થ :** ૭ થી ૧૦ ગાથામાં જે યોગબીજ કહ્યાં તે યોગ વિષયની કથા-વાર્તા સાંભળતાં સંવેગથી ઉચ્ચ ભાવોલ્લાસથી 'આ એમ જ છે; એવી જે માન્યતા થવી, પ્રતિપત્તિ થવી તે પણ યોગ-બીજ છે.

અને એટલે મુમુક્ષુ જ્યારે ક્યાંય પણ પ્રભુભક્તિની, ગુરૂભક્તિની કે શ્રુતભક્તિની વાર્તા ચાલતી હોય, ત્યારે તે ભક્તિરસમાં નિમગ્ન થાય છે, ભાવોલ્લાસમાં આવી જાય છે, તેના શરીરમાં રોમાંચ ઉલ્લસે છે. રૂંવાડાં ખડા થાય છે અને ભક્તિભાવભીનું તેનું હૈયું બોલી ઉઠે છે કે, પ્રભુભક્તિ આદિનો જે મહિમા મેં સાંભળ્યો તે ખરેખર તેવો જ છે.

આવી અંતરંગ શ્રદ્ધાથી યોગ-બીજ દઢીભૂત થાય છે, સંસારના બીજરૂપ પાપકરણવૃત્તિ ઢીલી પડે છે.

અગાઉ કહ્યું તેમ આ મિત્રાદષ્ટિમાં આટલા ઉત્તમ યોગ બીજની પ્રાપ્તિ થાય છે.

(૧) શ્રી જિનેશ્વર દેવો પ્રત્યે કુશળ ચિત્ત, નમસ્કાર, સંશુદ્ધિ પ્રણામાદિ. (૨) ભાવયોગી એવા ભાવાચાર્ય-ભાવસાધુ આદિ પ્રત્યે શુદ્ધ ભક્તિભાવ. (૩) ભાવાચાર્ય - ભાવસાધુ આદિની વૈયાવચ્ચ - સેવા. (૪) સહજ એવો ભવ - ઉદ્વેગ - અંતરંગ વૈરાગ્ય. (૫) દ્રવ્ય અભિગ્રહ પાલન. (૬) શાસ્ત્ર સિદ્ધાંતના લેખનાદિ - લેખન પૂજન, દાન, શ્રવણ, વાચના,

ઉદ્ગ્રહણ, પ્રકાશના, ચિંતના, ભાવના. (૭) બીજ કથાના શ્રવણમાં સ્થિરમતિ, તેનો શુદ્ધ ઉપાદેયભાવ.

આમાંનું એકેક બીજ પણ ઉત્તમ છે. તો પછી તે બધાં સાથે મળ્યાં હોય તો પૂછવું જ શું ?

ઉત્તમ ભૂમિમાં, ઉત્તમ પ્રકારનું બીજ વાવવા માત્રથી કામ પતી જતું નથી. પણ તેની માવજત કરવી પડે છે. તેને સમયસર પાણી પાવું પડે છે. તેની આસપાસ ઉગી નીકળેલા નકામા ઘાસને ઉખેડીને દૂર કરવું પડે છે. તેમજ બીજા ભયોથી તેની રક્ષા કરવી પડે છે. સુરક્ષા માટે વાડ ઊભી કરવી પડે છે.

બરાબર આ જ રીતે આત્મામાં વવાએલા આત્મભાવના બીજને ઉદારતા, ધીરજ, ગંભીરતા, શાન્તિ, સંવેગ, નિર્વેદ આદિ ગુણો વડે સાચવવું પડે છે.

આમ કરવું તે ધર્મ છે, ન કરવું તે અધર્મ છે.

આમ કરવામાં ચતુર મિત્રાદૃષ્ટિવાળો જીવ અવંચક યોગને પામે છે.

અવંચક યોગ એટલે વંચે નહિ, વાંકોચૂંકો જાય નહિ, એવો અમોઘ, અચૂક, અવિસંવાદી રામબાણ યોગ.

આ યોગને પામેલા જીવને ધર્મ ઉપર સ્નેહ જાગે છે.

આ યોગ જ એવો છે કે તેના પ્રભાવે આત્માધિકાર આગળ આવે છે. આત્મગુણ સેવાય છે. આત્મસ્નેહ પોષાય છે અને સંસારમાંની આસક્તિ પાતળી પડતી જાય છે.

સાંસારિક પ્રવૃત્તિઓમાંનો રસ ઓછો થઈ જાય છે અને મોક્ષનો યોગ કરાવનારી ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ વધવા માંડે છે.

આમ સંસારરસિક જીવને મુક્તિરસિક બનાવવામાં મિત્રા દૃષ્ટિ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે.

**સદ્ગુરૂ યોગે વંદન કિયા,**
**તેહથી ફળ હોય જેહો રે;**
**યોગ-ક્રિયા-ફળ ભેદથી,**
**ત્રિવિધ અવંચક એહો રે............. વીર. ૧૨**

**અર્થ :** મિત્રાદૃષ્ટિવાળો જીવ ઉત્તમ ગુરૂનો યોગ પામીને વંદનક્રિયા વગેરે વ્યવહાર વિધિપૂર્વક સાચવે છે, તેથી શુભ-ગતિ આદિ ઉત્તમ ફળ પામે છે.

આથી યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક યોગ સધાય છે. જો કે આ ત્રણે અવંચક યોગ સાધુ મુનિરાજને ઉદ્દેશીને છે. પરંતુ શુદ્ધ સામાયિકે અને અમત્સરયુક્ત ભાવસમાધિપણે દ્રવ્યથી તે મિત્રાદૃષ્ટિવાળાને પણ સંભવે છે.

**ભાવાર્થ :** ઉત્તમ સુગુરૂનો યોગ થવો તે પણ ઉત્તમ પુણ્યના ઉદયની નિશાની છે.

આવા સુયોગને ઉત્તમ યોગ બીજ કહ્યું છે.

આવા સુયોગ પછી જે જીવ, તેનો સદુપયોગ કરે છે, અંગોપાંગ સંકોરીને સુગુરૂનો વિનય કરે છે, વિધિપૂર્વક વંદન


ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR

કરે છે, ભાવપૂર્વક સુખશાતા પૂછે છે તેને આ યોગનું સુયોગ્ય ફળ મળે છે.

તાત્પર્ય કે આવો યોગ ખાલી જતો નથી, આવી ક્રિયા બાતલ જતી નથી, પણ તેમાંથી શુભ ગતિ આદિ ઉત્તમ ફળ જન્મે છે.

શુદ્ધ ભક્તિના બળે, આત્મભાવમાં સ્થિર બનેલા મુક્તિરસિક જીવને આ ત્રણે અવંચક યોગ અમુક પ્રમાણમાં સુલભ બને છે. કારણ કે મિત્રા દૃષ્ટિની ક્ષમતા એટલી જ હોય છે.

જે યોગ ખાલી જાય, નિષ્ફળ નીવડે તે વંચકયોગ કહેવાય.

ખાલી કૂવામાં નાખેલા ઘડાને પાણીનો યોગ ન થવો તે વંચક યોગ કહેવાય, તેમ કુગુરૂના યોગે આત્મરતિ નહિ જાગવારૂપ અવજોગને વંચક યોગ કહ્યો છે.

વંચકયોગ, આત્માને આત્મયોગથી, યોગના બીજથી વંચિત રાખે છે.

યોગબીજ એટલે આત્માનો અણસાર કરનારું બીજ.

અનાત્મભાવની ઊંડી ગર્તામાં ખૂંપેલા જીવને જોમ પ્રદાન કરનારા પ્રત્યેક અવસરમાં યોગ કે બીજ રહેલું છે એમ મહર્ષિઓ ફરમાવે છે.

એટલે શ્રી જિનભક્તિ, સુગુરૂભક્તિ, શ્રુતભક્તિ, ચૈત્યભક્તિ આદિમાં વધુમાં વધુ રસ કેળવવો તે મન-વચન-કાયાના યોગોને આત્માનુકૂળ બનાવવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

આવા શુભ યોગથી જીવને ધર્મ રૂચવા માંડે તે મોટી સિદ્ધિ ગણાય છે.

અરે, ધર્મ તરફનું બહુમાન પણ જીવને ઘણો ઘણો લાભ કરે છે.

**ચાહે ચકોર તે ચંદ્રને,**
**મધુકર માલતી ભોગી રે;**
**તેમ ભવિ સહજ ગુણે હોયે,**
**ઉત્તમ નિમિત્ત સંયોગી રે............વીર. ૧૩**

**અર્થ :** જેમ ચકોર (પક્ષી) ચંદ્રની ચાહના કરે, જેમ ભમરો માલતી પુષ્પનો ભોગી હોય, તેમ આ ભવ્ય જીવને જો કે મોહનો ક્ષયોપશમ નથી હોતો, તો પણ ઉત્તમ નિમિત્તોના સંયોગવાળો, સહજ ગુણે કરીને તે થાય.

**ભાવાર્થ :** ઉત્તમ ઉપમા દ્વારા તાત્ત્વિક વાતને પૂજ્યપાદે એકદમ સરળ તથા સુગ્રાહ્ય બનાવીને આ ગાથામાં રજૂ કરી છે.

ચકોરનો સ્વભાવ જ એવો હોય છે કે તે દરેક સ્થિતિમાં ચંદ્ર તરફ આકર્ષાય છે.

ભમરો માલતી પુષ્પમાં જ મુગ્ધ બને છે, તે જ રીતે મિત્રાદષ્ટિવાળો ભવ્ય જીવ. યોગનાં ઉત્તમ બીજોનો યોગ પામતો રહે છે, કારણ કે તેના મનમાં પણ ઉત્તમ ગુણોને પામવાની તીવ્ર ભાવના ઉદયમાન હોય છે.

વ્યાખ્યાન શ્રવણ, ચૈત્ય પૂજા, તીર્થયાત્રા, શ્રુતભક્તિ, ગુરૂભક્તિ, તપ, દાન, સ્વાધ્યાય, ચિંતન, મનન વગેરે તરફની તેની આંતરિક રૂચિની પ્રબળતા તેને તેવા જ નિમિત્તોનો યોગ કરાવી આપે છે.

એક એવો નિયમ છે કે જે માણસના મનમાં જે ભાવ ઉત્કટતા પામે છે તેવા સંયોગનો તેનો યોગ થાય છે અને કદાચ તેમાં વિલંબ પડે છે, તો પણ તે ઉત્કટ ભાવથી તેના આત્માને લાભ થાય જ છે.

એટલે શુભ ભાવમાં રમણતા વધારવી તે આપણું કર્તવ્ય છે, તેનાથી અશુભ ભાવને આકર્ષનારા અશુભ બળો નિર્બળ બને છે, શુભકરણીમાં અંતરાય ઓછા થાય છે, જીવનનો પ્રવાહ ઉર્ધ્વગામી બને છે.

મોહનીય કર્મના ક્ષયોપશમ પછી જ સહજ ગુણોમાં સહજ રમણતા રહેતી હોય છે એ વાત સાચી. તેમ છતાં ભાવેલો ઉત્કટ ભાવ પોતાની અસર પેદા કરીને જીવને તથા-પ્રકારના શુભ નિમિત્તોનો યોગ કરાવીને આત્માની ભૂમિમાં ઉત્તમ યોગબીજોનું વમન કરાવે છે.

એટલે આપણા મનનું વલણ કઇ દિશામાં છે તે આપણે તપાસવું જોઈએ.

જો તેનો ઝોક સાંસારિક સુખો તરફ હોય તો તેને ત્યાંથી

વાળીને પ્રભુની ભક્તિમાં પરોવવું જોઇએ. આત્માના ગુણો સાથે જોડવું જોઇએ. સ્વાધ્યાયમાં મગ્ન બનાવવું જોઈએ.

પ્રાપ્ત થયેલી મિત્રા દૃષ્ટિ પણ લુપ્ત ન થઇ જાય તે રીતેના પ્રશસ્ત પ્રયત્નો દ્વારા આપણે તે દૃષ્ટિને અધિક પ્રકાશમય એવી આગળ આગળની દૃષ્ટિ માટે ક્ષમતાવાળી બનાવવી જોઇએ.

ઠેરના ઠેર રહેવું તે કામ ચેતનને ન છાજે. ચેતનને પૂર્ણત્વની યાત્રાના અંતે જ શાશ્વત આરામ છાજે, તે પૂર્વે તેની યોગ સાધના અખંડપણે ચાલતી જ રહેવી જોઇએ.

**એહ અવંચક યોગ તે,**
**પ્રગટે ચરમાવર્તે રે;**
**સાધુને સિદ્ધદશા સમું,**
**બીજનું ચિત્ત પ્રવર્તે રે. ................ વીર. ૧૪**

**અર્થ :** એવા અવંચક યોગ, જયારે જીવ ચરમાવર્ત - છેલ્લા પુદ્ગલ પરાવર્તમાં આવે ત્યારે પ્રગટે. તે પણ કેટલાક જે જીવો ક્રિયાયોગી હોય તેઓને હોય અને સાધુઓને તો સિદ્ધ અવસ્થા સમાન પરમ આનંદ આપનાર હોય.

આ મિત્રાદૃષ્ટિમાં વર્તતા જીવને બીજ યોગના અંગ સમતા, ઔદાર્ય વગેરેને ગ્રહણ કરવાને પ્રયત્નવાળું ચિત્ત હોય.

**ભાવાર્થ :** અનંત સંસાર ચક્રના છેલ્લા ચક્રમાં પ્રવેશ પામનારા ભવ્ય આત્માને અવંચક-ત્રય પ્રગટે છે અને તેનું કારણ છે ભાવમળનો હ્રાસ.

ભાવમળને સહજમળ પણ કહે છે.

સહજમળ એટલે પાપકરણવૃત્તિ.

આ સહજમળનો હ્રાસ એમને એમ નથી થતો, પણ દેવ-ગુરૂની ઉત્તમ પ્રકારની ભક્તિ કરવાથી થાય છે.

દેવ (દેવાધિદેવ)માં આ મળનો અંશ પણ નથી. ગુરૂ આ મળના અવશેષોના નાશ માટે ધર્મારાધનામાં દઢપણે મગ્ન છે.

એટલે તેમના શરણાગતને પણ ભાવમળના હ્રાસની સન્મતિ સ્પર્શે છે. ધર્મકરણીમાં ઉત્સાહ વધે છે.

વ્યક્તિના જીવનમાં અવંચક ત્રયનું મહત્ત્વ ખૂબ જ છે.

(૧) દર્શનથી પવિત્ર કરે તેવા કલ્યાણ સંપન્ન સંતપુરુષોનો યથાર્થ વિધિથી દર્શન યોગ તે યોગાવંચક યોગ કહેવાય છે.

આ યોગને અવંચક એટલા માટે કહ્યો છે કે તે કોઈ કાળે નિષ્ફળ જતો નથી, જીવની પરિણતિને ઉલટે માર્ગે જવા દેતો નથી.

(૨) તેવા ગુરૂઓને પ્રણામ આદિ કરવાનો પાકો નિયમ તે ક્રિયાવંચક યોગ. કારણ કે આવી ક્રિયા વાંછિત ફળને આપે છે પણ તેનાથી વંચિત નથી રાખતી.

(૩) સદ્‌ગુરૂની મદદથી ધર્મસિદ્ધિ થવાથી, સત્પુરુષોને સમ્મત મોક્ષ સુધીના ફળો મળ્યે જાય તે ફળાવંચક યોગ.

પહેલા બે યોગમાં યથાર્થ નિપુણ બનેલો જીવ આ ત્રીજા યોગનો ભોક્તા બને જ છે.

આ વંચક ત્રયને પામેલા સાધુ ભગવંત સહજાનંદમાં મગ્ન રહે, ત્યાં સુધી કે તેમને મોક્ષ માટેની ઉતાવળ પણ ન હોય. અહીં જ તેમને તેવો આનંદ હોય.

જ્યારે મિત્રાદૃષ્ટિવાળો જીવ યોગના અંગભૂત સમતા, ઔદાર્ય, ધીરજ વગેરે બીજોને ગ્રહણ કરવામાં પ્રતત્નશીલ રહીને વંચક ત્રયની પ્રાપ્તિ માટેની લાયકાત મેળવતો રહે.

ઉત્તમ ભૂમિમાં, ઉત્તમ બીજ વાવતાં પૂર્વે તે ભૂમિને શુદ્ધ કરવી પડે છે. ખેડીને પોચી કરવી પડે છે તેમ ઉત્તમ એવા આત્મામાં, ઉત્તમ એવા યોગ બીજો વાવતાં પૂર્વે તેની સપાટીને શુદ્ધ તેમજ સ્નિગ્ધ બનાવવી પડે છે.

અનાદિની મલિન વાસનાઓથી ખરડાયેલા આત્માની શુદ્ધિ, સતત શુભ વિચારોના સેવનની અપેક્ષા રાખે છે. શુભ વિચારોના સતત સેવન માટે પરમ વિશુદ્ધ પરમાત્માના સ્મરણમાં મનને પરોવવું પડે છે. એ પરમાત્માના પરમ વિશુદ્ધ સ્વરૂપની જાણકારી મેળવવા માટે સુગુરૂની કૃપા મેળવવી પડે છે. સાચા ભાવપૂર્વકની સેવા દ્વારા સુગુરૂની કૃપા મળે છે, તેમજ ફળે છે.

મન, મૈત્રી આદિ ભાવથી નીચે જાય એટલે મિત્રાદૃષ્ટિ પણ લુપ્ત થઇ જાય.

પાટા ઉપરથી ઉતરેલી ગાડીમાં કોઈ પ્રવાસી બેસતો નથી તેમ મૈત્રી આદિ ભાવથી ભ્રષ્ટ થયેલા ચિત્તમાં એક પણ શુભ વિચાર વાસ કરતો નથી.

એટલે પોતાનો પ્રયત્ન ઉત્તમ ગુણોને ગ્રહણ કરવાની દિશામાં જ રાખીને જીવ, મિત્રાદૃષ્ટિનું જતન કરી શકે છે.

**કરણ અપૂર્વના નિકટથી,**
**જે પહેલું ગુણ ઠાણું રે;**
**મુખ્યપણે તે ઈહાં હોયે,**
**સુયશ-વિલાસનું ટાણું રે. ............. વીર. ૧૫**

**અર્થ :** અહીં અપૂર્વકરણના નિકટપણાથી સ્થિતિ અને રસમાં મંદપણે 'મિથ્યાત્વ' ગુણ ઠાણે તે પ્રવર્તે. તે ઉત્તમ યશના વિલાસનું સ્થાન હોય.

**ભાવાર્થ :** આ મિત્રા નામની પહેલી દૃષ્ટિમાં કયું ગુણસ્થાનક હોય તેનું અહીં સૂચન કર્યું છે. શાસ્ત્રમાં જે 'મિથ્યાદૃષ્ટિ' નામનું પ્રથમ ગુણસ્થાન કહ્યું છે તે અહીં મુખ્યપણે ઘટે છે.

આ ગુણસ્થાનકે રહેલા જીવના રાગ-દ્વેષ મંદ હોય તેમજ અલ્પકાલિન હોય.

આ દૃષ્ટિ પ્રાપ્ત થયા પૂર્વે પણ સર્વ મિથ્યાદૃષ્ટિ જીવોની ગણત્રી પ્રથમ ગુણસ્થાનકમાં કરાય છે, પણ તે ગૌણપણે - મુખ્યપણે નહિ. એઓનું એ ગુણસ્થાનક નામનું જ હોય છે. કારણ

કે તેમાં ગુણનું પ્રગટપણું નથી, ગુણનું સ્થાનક નથી. એટલે શબ્દના ખરા અર્થ મુજબ તે ગુણસ્થાનક નથી. કહેવા પૂરતું નામ માત્ર ગુણસ્થાન છે. આમ એ બંને પ્રકારમાં ઘણો ફેર છે.

જેમ કોઈ માણસ 'રાજા' કહેવાતો હોય ને કોઈ ખરેખરો રાજસત્તા ધરાવતો રાજા હોય, તે બેમાં જેટલો તફાવત છે તેટલો ગુણ વગરના ગુણસ્થાનમાં ને ગુણસંપ્ર એવા મિત્રા દૃષ્ટિવાળા પ્રથમ ગુણસ્થાનમાં છે.

ગુણોની ઉત્પત્તિનું સ્થાનક તે ગુણસ્થાનક કહેવાય અને તેમાં પ્રાથમિક અવસ્થાના ગુણોનું જ્યાં સ્ફુરણ હોય તે પ્રથમ ગુણસ્થાનક કહેવાય.

આવા તથારૂપ ગુણોની પ્રાપ્તિનો પ્રારંભ પ્રથમ દૃષ્ટિમાં થાય છે, યોગમાર્ગમાં મંગળ પ્રવેશ આ પ્રથમ દૃષ્ટિમાં છે, મોક્ષની નિસરણીનું આ પહેલું પગથિયું છે.

આ પહેલા પગથિયે રહેલા જીવને, જગતના જીવો પ્રત્યે મૈત્રીભાવ, અદ્વેષભાવ, નિર્વૈરબુદ્ધિ પ્રગટે છે. તેના રાગ-દ્વેષ મંદ તેમજ અલ્પકાલીન હોય છે. દેવ-ગુરૂની ભક્તિમાં ઉલ્લાસ અધિક હોય છે. શાસ્ત્રશ્રવણ - સ્વાધ્યાય વગેરેમાં તેને અધિક રૂચિ પ્રગટે છે. દુઃખી જીવો પ્રત્યે દયા હોય છે. ગુણીજનો પ્રત્યે દ્વેષ હોતો નથી. સંસાર તેને સેવવા જેવો ઓછો લાગે છે.

આવા ઉત્તમ લક્ષણવાળા ભદ્ર આત્માને અવંચકત્રયના ઉદયરૂપ શુભ નિમિત્ત મળે છે તેથી યોગ બીજ વગેરેની પ્રાપ્તિ સુલભ બને છે અને તે યોગમાર્ગમાં આગળ વધતો રહે છે.

જેમને જીવો પ્રત્યે દ્વેષ હોય છે, સંસાર પ્રત્યે કેવળ રાગ હોય છે. શાસ્ત્રના વચનોમાં અશ્રદ્ધા હોય છે, માયા-પાખંડ-દંભ આદિ આચરવામાં જેઓ નિપુણ હોય છે, પાપ કરવા છતાં જેમને આંચકો પણ લાગતો નથી, જેઓ ગુરૂની આશાતના કરે છે, તેઓને આ દષ્ટિ હોતી નથી.

સહેજ પણ ઉઘાડી આંખવાળો માણસ ઇરાદાપૂર્વક ખાડામાં નથી પડતો, તેમ મિત્રાદષ્ટિવાળા જીવો પણ જાણીબૂઝીને પાપરૂપ ગર્તામાં નથી ગબડતા.

આપણી આત્મદષ્ટિ કેટલા પ્રમાણમાં ઉઘડેલી છે તેનું માપ ઉક્ત ગુણો આપણામાં કેટલા પ્રમાણમાં છે તેના ઉપરથી નીકળે છે.

ગુણસંપન્ન જીવન માટેની આપણી ઝંખના દિન-પ્રતિદિન વધતી રહો.

⌘ ⌘ ⌘

# દ્વિતીય તારાદૃષ્ટિની સજ્ઝાય

(મનમોહન મેરે : એ દેશી)

**દર્શન તારા દૃષ્ટિમાં મનમોહન મેરે,**
**ગોમય અગ્નિ સમાન; મન.**
**શૌચ, સંતોષ ને તપ ભલું, મન.**
**સજ્ઝાય ઈશ્વરધ્યાન. ............................ ૧**

**અર્થ :** (હવે તારા દૃષ્ટિનું સ્વરૂપ કહે છે.)

મિત્રાદૃષ્ટિ કરતાં તારાદૃષ્ટિમાં મિથ્યાત્વ વિશેષ મંદ હોય છે અને બોધ છાણાના અગ્નિ સમાન હોય છે.

જેમ છાણાનો અગ્નિ ધીમે ધીમે વધે છે, તેમ આ દૃષ્ટિમાં બોધ વધતો જાય. તેમજ શોચ એટલે મન નિર્મળ રહે. સંતોષ પ્રાપ્ત વસ્તુથી વિશેષ તૃષ્ણા ન રહે. તપ-ઈચ્છાનો રોધ કરે, સ્વાધ્યાય કરે, પરમાત્માનું ધ્યાન કરે, આત્મહિત ચિંતવે અને વિચારે કે - જો અકાર્ય સેવીશ, તો દુર્ગતિ પામીશ.

**ભાવાર્થ :** યોગના આઠ દૃષ્ટિમાં પહેલી મિત્રાદૃષ્ટિનું સ્વરૂપ અને મિત્રા દૃષ્ટિવાળા જીવના લક્ષણો આપણે જોઈ ગયા.

હવે બીજી તારાદૃષ્ટિનું સ્વરૂપ અને એવી દૃષ્ટિવાળા જીવનાં લક્ષણો જોઈએ.

તારાદૃષ્ટિ છાણાના અગ્નિના પ્રકાશ જેવી હોય છે.

તૃણના અગ્નિના પ્રકાશ કરતાં છાણાના અગ્નિનો પ્રકાશ વધારે હોય છે. અધિક સમય સુધી ટકે છે તે જગજાહેર છે.

એટલે આ દષ્ટિવાળા જીવને આત્મબોધ, પહેલી દષ્ટિવાળા જીવ કરતા કંઇક વધુ ઊંડો હોય છે. અધિક જીવંત હોય છે. અધિક કાળ સુધી ટકી રહેનારો હોય છે. કારણ કે આ દષ્ટિવાળા જીવના રાગદ્વેષ વિશેષ મંદ હોય છે.

સંસાર તરફ રાગ થાય ખરો, પણ થોડી વાર પછી દૂર થઇ જાય. રાગની મંદતાના કારણે દ્વેષ પણ મંદ પ્રકારનો રહે છે.

રાગ-દ્વેષની આ મંદતાના કારણે જીવને મનનો મેલ ડંખે છે. શુદ્ધિ રૂચિકર લાગે છે. એટલે તે મનને મૈત્રી આદિ ભાવોથી વાસિત કરતો રહે છે. વચ્ચે-વચ્ચે રાગ-દ્વેષ આવી જાય છે. તો તેને ઝટ ખંખેરીને પુનઃ શ્રી અરિહંતમાં મનમાં પરોવી દે છે.

મનની આ પવિત્રતા જીવનમાં સંતોષ ગુણને બળવાન બનાવે છે.

આ સંતોષ ગુણના પ્રભાવે જીવને પ્રાપ્ત વસ્તુથી વિશેષ મેળવી લેવાની તૃષ્ણા નથી જાગતી.

તૃષ્ણા એટલે બાહ્ય-ભૌતિક પદાર્થ માટેની પિપાસા, લાલસા, ઝંખના, વલવલાટ.

મનની પવિત્રતા જીવનમાં પવિત્રતા માટેની ભૂખ પેદા કરે છે એટલે જીવનને પાપ વડે અપવિત્ર કરનારી ઇચ્છાઓને

અંકુશમાં રાખીને આવો આત્મા, આત્માની શુદ્ધિનો પોતે પક્ષકાર હોવાની પ્રતીતિ કરાવે છે.

આમ ઇચ્છાનિરોધ એ પણ એક પ્રકારનો તપ બની રહે છે.

ઇચ્છા માણસને સાંસારિક જીવનમાં જકડી રાખે છે. તેના ઉપર અંકુશ આવવાથી નિરીચ્છ જીવન શરૂ થાય છે. જેના કારણે જીવનું જોમ વધે છે, જડનું બળ ઘટે છે.

ઐહિક ઇચ્છાઓની માત્રા ઓછી થવાથી મનમાં સદ્વિચારની માત્રા વધે છે. એ માત્રા વધવાથી, મુક્તિની યાત્રામાં સહાયક સ્વાધ્યાયમાં તીવ્ર રૂચિ જાગે છે.

ભોજન વગર દેહ હજી અમુક કાળ સુધી ટકે પણ સત્ શાસ્ત્રોના સ્વાધ્યાય સિવાય મનની નિરોગિતા ન ટકે.

'ચેતન જ્ઞાન અજવાળીએ' જેવી સજ્ઝાયોનો સ્વાધ્યાય - એ આ પડતા કાળમાં જીવને પરિણામ પતિત થતાં બચાવી લેનારો વજ્રસ્થંભ છે.

મનને અંતર્મુખ બનાવી આત્માની સ્વરૂપની વિચારણા કરવી તે પણ સ્વાધ્યાય છે.

સ્વાધ્યાય એટલે સ્વનું અધ્યયન.

જાણે 'જ્ઞાનસાર' કે 'ઉપમિતિ' વાંચતા હોઈએ તેમ આત્માને વાંચતા રહેવાથી, બહિર્ભાવ ઉપર, પરપરિણતિ ઉપર મોટો અંકુશ સ્થપાય છે અને મનનું વલણ આત્માતરફી બને છે.

સજ્ઝાય - રસિક જીવને ઈશ્વરભજન ગમે જ ગમે. કારણ કે ઈશ્વરભજન એ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સ્વાધ્યાય છે. પરમગુણસંપન્ન શ્રી જિનેશ્વરદેવના ગુણોનું ચિંતન - મનન કરવાથી મનમાં ગુણરાગ જાગે છે.

ગુણના રાગમાંથી ગુણધ્યાન જન્મે છે.

પાણીવાળા દૂધનુ દહીં બરાબર જામતું નથી, તેમ ગુણરાગ મંદ પ્રકારનો હોય છે, તેમાં બીજી વૃત્તિઓ ભળેલી હોય છે. તો તેમાંથી ઉત્તમ દહીંરૂપી ગુણધ્યાન જન્મતું નથી.

પરમ ઉપકારી પ્રભુનું ધ્યાન એ તો સર્વ અંતરાયોને દૂર કરનારું આધ્યાત્મિક બળ છે. એવું બળ કે જેની આગળ એટમબોમ્બનું બળ પણ નહિવત્ છે.

તારાદૃષ્ટિવાળા આત્મામાં આ બધી યોગ્યતા હોય છે. ન હોય તો તે તારાદૃષ્ટિવાળો નહિ.

એકને એક બે જેવી આ હકીકતનો ઈન્કાર કરવાથી તેનું અસ્તિત્વ ટળી જતું નથી. તેમ કરવા કરતાં આપણે આપણી આંતરિક યોગ્યતાને વિકસાવીને તેની યથાર્થતાને અભિનંદવી તે જ શ્રેષ્ઠ વિધાયક માર્ગ છે.

તાત્પર્ય કે મનની શુદ્ધિપૂર્વકનું, ધર્મપરાયણ જીવન તારાદૃષ્ટિવાળા જીવનું હોય. એટલે તેવી દૃષ્ટિવાળો જીવ, સદાય આત્માની શુદ્ધિના લક્ષ્યપૂર્વક જીવન જીવવાના શ્રેષ્ઠ પ્રયત્નો કરતો રહે છે.

નિયમ પંચ ઈહાં સંપજે, મન.
નહિં કિરિયા ઉદ્વેગ; મન.
જિજ્ઞાસા ગુણતત્ત્વની, મન.
પણ નહિં નિજ હઠ ટેગ. મન................. ૨

**અર્થ :** આ દૃષ્ટિમાં પૂર્વોક્ત પાંચ નિયમ સંપજે, મોટી ક્રિયામાં અખેદપણે પ્રવર્તે અર્થાત્ પરલોક હિતાર્થે કામ કરતાં ઉદ્વેગ ન પામે. શુદ્ધ ગુણતત્ત્વની જિજ્ઞાસા હોય તથા પોતાની હઠનો વિશેષ આગ્રહ ન હોય.

**ભાવાર્થ :** પહેલી મિત્રાદૃષ્ટિમાં હોય છે તે પાંચ યમના યથાશક્ય પાલન ઉપરાંત શૌચ, સંતોષ આદિ પાંચ નિયમોનું શક્ય પાલન તારા નામની આ બીજી દૃષ્ટિમાં હોય છે.

પહેલી દૃષ્ટિમાં ખેદ નામનો દોષ નથી હોતો તેમ આ બીજી દૃષ્ટિમાં ઉદ્વેગ દોષ એકદમ મંદ પડી જાય છે.

ઉદ્વેગની અધિક મંદતાના કારણે પારમાર્થિક કાર્યોમાં કંટાળો નથી આવતો, ઉત્તમ અનુષ્ઠાન ઉમંગપૂર્વક કરી શકાય છે.

ઉદ્વેગ એ આર્ત્તધ્યાનનું અંગ છે.

ઝાંખા પણ આત્મબોધવાળા જીવને આ અંગનું પોષણ કરવામાં કોઈ રૂચિ નથી રહેતી. એટલે તેનામાં તત્ત્વરૂચિ જાગે છે. તાત્ત્વિક જિજ્ઞાસા પ્રગટે છે.

જિજ્ઞાસા એટલે તત્ત્વ જાણવાની તીવ્ર ઉત્કંઠા, ઈચ્છા.

તરસ્યો માણસ પાણી માટે ટળવળે તેમ આ ગુણવાળો આત્મા, તત્ત્વરૂપી જળના પાન કાજે ટળવળે. એટલે તેને તત્ત્વપિપાસુ પણ કહે છે.

તરસ્યો જળાશયે પહોંચે છે, તેમ તત્ત્વપિપાસુ જીવ અધિકારી ગુરૂ ભગવંત પાસે જાય છે. જઈને વિધિપૂર્વક વંદન કરે છે, પણ વિનયપૂર્વક બેસીને આદરપૂર્વક પોતાની જિજ્ઞાસા વ્યક્ત કરે છે.

પાત્રની પાત્રતા જાણીને ગુરૂ મહારાજ તેને તત્ત્વનું સ્વરૂપ સમજાવે છે. નવ તત્ત્વમાં ક્યાં તત્ત્વો હોય છે, ક્યાં ઉપાદેય છે તે વિશદ રીતે પ્રરૂપે છે.

અંદર પ્રગટેલા જિજ્ઞાસા ગુણના કારણે તે જીવ તે બધા તત્ત્વોપદેશને અહોભાવપૂર્વક અંગીકાર કરીને કૃતકૃત્ય થાય છે. જીવ તત્ત્વમાં પ્રીતિવાળો બને છે. અજીવ તત્ત્વ તરફની આસક્તિનો ત્યાગ કરે છે. એક મોક્ષ તત્ત્વને જ પોતાના આત્માનું લક્ષ્ય બનાવે છે.

તત્ત્વામૃતનું પાન કરનારની યોગદૃષ્ટિ અધિક નિર્મળ થયા સિવાય રહેતી નથી. એટલે એવા જીવની પીછેહઠ થતી નથી. અર્થાત્ તે બીજી દૃષ્ટિમાંથી ત્રીજી તરફ આગળ વધે છે, પણ પાછો પડીને પહેલીમાં નથી જતો.

તત્ત્વપ્રીતિવાન પ્રત્યેક જીવને કદાગ્રહ કઠે છે, ભોંકાય છે, બંધબેસતો નથી થતો એટલે તે ક્યારેય પોતાનો કક્કો

ખરો હોવાનો મિથ્યા આગ્રહ નથી સેવતો, પણ આત્મતત્ત્વને અનુકૂળ અભિગમ સાચવીને નિજ દૃષ્ટિનું જતન કરે છે.

**એહ દૃષ્ટિ હોય વરતતાં, મન.**
**યોગકથા બહુ પ્રેમ; મન.**
**અનુચિત તેહ ન આચરે, મન.**
**વાળ્યો વળે જેમ હેમ. મન. .................. ૩**

**અર્થ :** આ દૃષ્ટિમાં વર્તતો જીવ, અષ્ટાંગયોગ આદિ કથામાં બહુ પ્રેમવાળો હોય. યોગશુદ્ધિ, ક્રિયાશુદ્ધિમાં પ્રવર્તી ફળશુદ્ધિ કરે. પરલોક સંબંધી અહિત થાય તેવું અનુચિત કાર્ય કરે નહિ. તેને કોઈ શિખામણ આપે તો તેની સાથે સુવર્ણ જેમ વાળ્યું વળે તેની પેઠે સરળતા રાખે.

**ભાવાર્થ :** 'જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ' એ ન્યાયે તારા દૃષ્ટિવાળો ભવ્ય આત્મા, આત્મબોધવર્ધક યોગ કથાઓ વાંચવા - સાંભળવા - વિચારવા આદિમાં પૂરો પ્રેમ રાખે.

આ કથાઓ તેને અમૃત જળ જેવી શીતળ, સુખદ લાગે. સાંભળતાં-સાંભળતાં તેનો આત્મા રાજીનો રેડ થાય. વિચારતાં-વિચારતાં તેનું મન ફૂલ જેવું ફોરૂં અને ચંદ્ર જેવું ચોખ્ખું થાય.

શ્રી તીર્થંકર ભગવંતોના જીવનચરિત્રો, ગણધર ભગવંતોના જીવનચરિત્રો, પ્રભાવક પુરુષોના જીવનચરિત્રો, ભરહેસરમાં આવતા મહાસંતો અને મહાસતીઓનાં

જીવનચરિત્રો અને એવાં જ બીજા આત્મપ્રીતિવર્ધક જીવન-ચરિત્રો તેને ભોજન કરતાં વધુ મીઠાં લાગે.

ઉત્તમ ગુરૂની નિશ્રામાં ચઢતા પરિણામે ધર્મ આરાધતો રહીને તે ઉત્તમ ફળને ઉપાર્જે. તુચ્છ એવા કોઇ વિષયમાં તેને ખરેખરો રસ ન હોય.

આ લોકમાં તે એવું કોઇ વર્તન ન કરે કે જેથી તેનો પરલોક બગડે.

દુર્ગતિનો જેને ભય નહિ, તે પાપ કરતાં ડરે નહિ અને જેને પાપ કરવા જેવું લાગે તે તારાદૃષ્ટિવાળો નહિ.

ઉચિત-અનુચિતનો વિવેક તારાદૃષ્ટિવાળાને હોય જ - હોવો જોઇએ.

ગુણવાન પુરૂષોનો આદર કરવો તે ઉચિત કાર્ય. ત્યાગી, તપસ્વી, નિષ્પરિગ્રહી મહાત્માઓનું બહુમાન કરવું તે ઉચિત કાર્ય. વડીલોનો વિનય સાચવવો તે ઉચિત કાર્ય.

જે વિચાર, વાણી અને વર્તનથી આત્માનું હિત થાય. યોગદૃષ્ટિ ઝાંખી ન પડે તે ઉચિત કાર્ય કહેવાય.

જે વિચાર - વાણી - વર્તન આદિથી આત્મા ઝાંખો પડે, આત્મબોધ ફીક્કો પડે, આત્માર્થીપણાથી ભ્રષ્ટ થવાય, સંસાર રસિકતા પુષ્ટ થાય એ બધાં અનુચિત કાર્યો ગણાય.

ઉચિત-અનુચિત અભિગમમાં જાગૃત જીવ, અંદરથી એવો કૂણો પડે છે કે જાણે શુદ્ધ કુંદન. જોઇ લ્યો !

આત્મહિતકારી દિશામાં એ તરત જ વળી જાય છે. તે સમયે તે એ પણ નથી વિચારતો કે આ દિશા ચીંધનાર વ્યક્તિ કોણ છે. તે તો પોતાના આત્મહિતની મુખ્યતાએ જ વર્તે છે. બાળકનું પણ હિતકર વચન ગ્રહણ કરવામાં તે ભોંઠપ નથી અનુભવતો. કારણ કે તેનામાં અહંની માત્રા નહિવત્ હોય છે.

એ માટે જ તે કુંદન જેવો કૂણો ગણાય છે. વજ્ર જેવો કઠણ નહિ:

**વિનય અધિક ગુણીનો કરે, મન.**
**દેખે નિજ ગુણ-હાણ; મન.**
**ત્રાસ ધરે ભવ ભય થકી, મન.**
**ભવ માને દુઃખ-ખાણ. મન. .................... ૪**

**અર્થ :** તારાદષ્ટિવાળો જીવ પોતાનાથી જે અધિક ગુણવંત હોય તેનો વિનય કરે. પોતે વિશેષ ગુણવાળો હોય છતાં પોતાને અલ્પગુણી માને. સંસારના ભયનો ત્રાસ ધારણ કરે. સંસારને દુઃખની ખાણ માને.

**ભાવાર્થ :** હૈયાના સકળ હેત વડે અભિવાદન કરવા છતાં અતૃપ્તિ રહે એવી ઉત્તમ તત્ત્વવર્ષા દ્વારા પૂજ્યપાદે કરેલા ઉપકારને કોઈ વિશેષણ પૂરો ન્યાય કરી શકે એમ લાગતું નથી.

તારાદષ્ટિમાં વર્તતો જીવ કેવો હોય ?

તો કહે, ગુણવંતનો વિનય કરનારો હોય. પરના ગુણનો ગુણાકાર કરનારો હોય. પોતાના ગુણના અહંકારથી રહિત

હોય. એની દૃષ્ટિ અનંત ગુણસાગર પરમાત્મા ઉપર જ મંડાયેલી હોય એટલે એને પોતાના અલ્પગુણીપણાનું સતત ભાન રહે. ગુણીજનના ગુણ ગાતાં તે થાકે નહિ. કોઈના અવગુણ ગાવામાં તે રાચે નહિ.

આ દૃષ્ટિ ગુણને પકડવામાં હંસની ચાંચ જેવી હોય છે. હંસની ચાંચ પાણીને જતું કરીને દૂધને પોતાનું કરી લે છે, તેમ આ દૃષ્ટિવાળો જીવ દોષને જતો કરીને, ગુણને પોતાનો કરી લે છે. કારણ કે તે ગુણનો ખપી હોય છે. દોષથી દૂર રહેવામાં માનતો હોય છે.

આવા ગુણરાગી, ગુણવાન આત્માને આ સંસાર કાંટાની પથારી જેવો ત્રાસદાયી લાગે છે. કાંટાની પથારીમાં ગમે તે પડખે સૂઈ રહેનારને કાંટા વાગે જ છે. તેમ આ સંસારમાં જીવને ડગલે ને પગલે દુઃખ નડે છે. પાપ નડે છે. પરાધીનતા નડે છે. આધિ નડે છે. વ્યાધિ નડે છે. ઉપાધિ નડે છે. માથે લટકતી હજારો તલવારો વચ્ચે માણસ નિરાંતની નિદ્રા ન જ લઈ શકે તેમ આ દૃષ્ટિવાળો જીવ સંસારમાં સુખે શ્વાસ પણ ન લે. એનો શ્વાસ તો ધર્મના ખોળે હેઠો બેસે. ધર્મકરણી વખતે એ નિરાંત અનુભવે. પ્રભુના નામનો જાપ કરતી વખતે એને શાંતિનો અનુભવ થાય.

ધર્મ સાથેનો સંબંધ છૂટતાં જ એ ગભરાઈ જાય. એટલે તે સંસાર સાથે હાર્દિક સંબંધ રાખે જ નહિ.

આ સંબંધથી યોગભ્રષ્ટ થવાય છે.

જ્યાં-જ્યાં સંસારનો યોગ, ત્યાં-ત્યાં આત્માનો વિયોગ, આત્મદષ્ટિનો વિયોગ.

સંસારની સુખની ઇચ્છા કરવી એ તો માત્ર ઉઘડેલી આંખ ઉપર ફરીથી પાટો બાંધવા જેવું અપકૃત્ય છે.

તારા એ બીજા નંબરની યોગ દષ્ટિ છે. મોક્ષરૂપી મહેલમાં લઇ જનારી નિસરણીનું બીજું પગથિયું છે. એ પગથિયેથી ભોંય પર પટકાઇએ તો તો શુભ ભાવ-દેહના હાડકાં ભાંગી જાય. તાત્પર્ય કે નર્યો મોહ આત્માના પ્રદેશે-પ્રદેશે વ્યાપી જાય.

એટલે ભવસ્થિતિનો નાશ કરનારા ધર્મની આરાધનામાં અધિક રૂચિ કેળવવામાં તારાદષ્ટિને પરોવવી તે-તે દષ્ટિને પામેલા પુણ્યાત્માનું પવિત્ર કર્તવ્ય બની રહેવું જોઇએ.

**શાસ્ત્ર ઘણાં મતિ થોડલી, મન.**
**શિષ્ટ કહે તે પ્રમાણ; મન.**
**સુયશ લહે એ ભાવથી, મન.**
**ન કરે જૂઠ ડફાણ. મન.........................૫**

**અર્થ :** શાસ્ત્રો ઘણાં છે અને પોતાની બુદ્ધિ ઓછી છે, માટે શિષ્ટ પુરુષો - મહાન ગુરુઓ કહે, તે વચન પ્રમાણ કરે - સ્વીકારી લે.

સારી રીતે મન - વચન - કાયાએ, કરણ-કરાવણ અને

અનુમતિપણે નિર્વિકારપણું હોય અને એ ભાવનાથી ઉત્તમ યશ મેળવે તે ખોટો આડંબર કરે નહિ. શુભ યોગ કથામાં પ્રીતિ રાખે.

**ભાવાર્થ :** શાસ્ત્રો ઘણાં છે તે હકીકત છે અને તેમાં પારંગત તો કોઈક વિરલ મહાત્મા જ બની શકે છે, એમ સમજી-સ્વીકારીને આ દૃષ્ટિવાળો આત્મા એવા શાસ્ત્રમર્મજ્ઞ ગુરૂ ભગવંતના વચનને માથે ચઢાવીને તદનુસાર જીવન જીવવાનો શુભ પ્રયત્ન કરે છે. પણ શાસ્ત્રો ઘણાં હોવાની વાત આગળ કરીને, અશાસ્ત્રીય જીવનમાં અટવાતો નથી.

ગુરૂમુખે શાસ્ત્રોનો સાર ગ્રહણ કરીને તેને પોતાના જીવનનો સાર બનાવવો તે જ આત્માર્થીનું કર્તવ્ય છે.

આ કર્તવ્યના પાલનમાં તારા દૃષ્ટિ અચૂક પ્રકાશ પાથરે છે, બળ પૂરે છે, મનને અસાર સંસાર તરફ ઝૂકવા નથી દેતી. પણ મન - વચન - કાયાના યોગોને યોગ દૃષ્ટિની પુષ્ટિમાં પ્રવર્તાવે છે.

દૃષ્ટિને બીજે બધેથી ખસેડીને આત્મામાં પરોવવી, આત્મસ્વભાવમય બનાવવી તે ઉત્તમ લક્ષ્યની સિદ્ધિ ત્રિવિધે, ત્રિકરણ યોગે થતી દેવ-ગુરૂની ભાવપૂર્વકની ભક્તિ, ઉત્તમ યોગકથાઓ પ્રત્યે અસીમ પ્રેમ, ગુણવંતનાં બહુમાન, તત્ત્વ જિજ્ઞાસા, ઉચિત આચરણ, ભવવૈરાગ્ય, ઉચિત કર્તવ્યમાં ઉલ્લાસ, સ્વચ્છંદ ત્યાગ આદિ ઉત્તમ ગુણોની સેવનાથી થાય છે.

આ બધા ગુણો જેનામાં હોય છે તે આત્મા તારા-દૃષ્ટિવાળો કહેવાય છે.

મિત્રાદષ્ટિ કરતાં તારાદષ્ટિનું તેજ કંઈક વધારે હોય છે. એટલે આ દષ્ટિવાળાના ઉક્ત ગુણો પણ અધિક પાણીદાર હોય છે. તેની પરિણતિ પણ કંઈક વધુ ઊંડી હોય છે.

આ દષ્ટિવાળાને સંસારનું કોઇ પણ સુખ ખરેખર સુખરૂપ નથી લાગતું. એટલે તે ગમે તેવી સમૃદ્ધિમાં પણ આસક્ત નથી બનતો, પણ તેની સાથે ઔપચારિક સંબંધ રાખીને સાચો સંબંધ આત્મહિતકર ધર્મ સાથે રાખે છે. દષ્ટિમાંથી આત્મભાવ લુપ્ત ન થઇ જાય તેની પૂરતી કાળજી રાખે છે. એ દષ્ટિને તે દેહ કરતાં પણ અધિક સાચવે છે અને તેને જે મિનિટે એમ લાગે છે કે અત્યારે મારી દષ્ટિમાં કંઈક બગાડ થયો છે, તે જ મિનિટે તે પોતાની કડક જાત તપાસ કરીને પુનઃ ચેતનવંતો બની જાય છે.

મુક્તિ જેને વહાલી છે તેને ત્યાં લઇ જનારી દષ્ટિને ખોલનારી આ દષ્ટિ વહાલી હોય જ છે.

યોગદષ્ટિનું જતન કરનારની યોગસૃષ્ટિ પણ સલામત રહે છે તે નિર્વિવાદ હકીકત છે.

⌘ ⌘ ⌘

## ત્રીજી બલાદૃષ્ટિની સજ્ઝાય

(પ્રથમ ગોવાલ તણે ભવે : એ દેશી)

**ત્રીજી દૃષ્ટિ બલા કહીજી,**
**કાષ્ઠ-અગ્નિ સમ બોધ;**
**ક્ષેપ નહિં આસન સધેજી,**
**જિનજી ! ધન ધન તુજ ઉપદેશ.............. ૧**

**અર્થ :** (હવે ત્રીજી બલા નામની દૃષ્ટિ વર્ણવે છે.)

આ દૃષ્ટિમાં સુખાસને બેઠેલાની જેમ સ્થિર ચિત્ત હોય. દેવવંદન, ગુરૂવંદન, આવશ્યક આદિ ક્રિયાઓ અનુકૂળપણે કરે. જો કે અહીં મિથ્યાત્વ છે તો પણ તેની બહુ જ મંદતા હોય. મિથ્યાત્વીઓના ભ્રાંતિરૂપ ચમત્કારિક જ્ઞાન દેખીને ચપળ પરિણામવાળો ન થાય.

આ દૃષ્ટિમાં શાસ્ત્ર શ્રવણથી – કાષ્ઠના અગ્નિ સરખો બોધ થાય.

વળી ક્રિયાઓનું અન્યોન્ય - એકબીજામાં મિશ્રણ કરવું તે ક્ષેપદોષ કહેવાય છે. તેવો ક્ષેપદોષ ન હોય.

આ દૃષ્ટિવાળો પર્યંકાસન આદિ યોગાસનને શોધે. સિદ્ધાંત શ્રવણ કરવાની તીવ્ર ઈચ્છા કરે તેવી ઈચ્છાને સાધે. ‘હે જિનેશ્વર દેવ ! આપના ઉપદેશને ધન્ય છે’ એવો ભક્તિવાચી ઉદ્ગારો કાઢે અને એવા ઉપદેશને પામવા માટે પોતાના આત્માને ધન્ય માને.

**ભાવાર્થ :** બલાદૃષ્ટિ એટલે બળવાળી દૃષ્ટિ. આ દૃષ્ટિમાં દર્શન એટલે સત્ શ્રદ્ધાવાળો બોધ પણ પહેલી અને બીજી દૃષ્ટિ કરતાં વધારે બળવાન હોય છે. વધુ ઊંડી છાપ પાડનારો હોય છે.

આ દૃષ્ટિના પ્રકાશને કાષ્ઠના અગ્નિમાં પ્રકાશ જેવો કહ્યો છે. એટલે તે તૃણ અને છાણાના અગ્નિના પ્રકાશ કરતાં વધુ સતેજ તેમજ અધિક કાળ સુધી ટકી રહે છે.

આ દૃષ્ટિમાં યોગનું ત્રીજું અંગ આસન પ્રાપ્ત થાય છે. આસનની દૃઢતા હોય છે. જેમ જેમ યમ - નિયમ આત્મામાં પરિણામ પામતા જાય છે, તેમ-તેમ જીવ યોગ માર્ગમાં દૃઢ સુખાસન જમાવતો જાય છે, સ્થિર થતો જાય છે.

અહીં મુખ્ય ભાર ચિત્તની સ્થિરતા પર છે, આત્મરચના પર છે.

મતલબ કે પર્યંકાસન આદિ બાહ્ય આસન ઉપરાંત મુખ્યપણે અભ્યંતર આસનની વાત સમજવાની છે.

આ જીવ અનાદિકાળથી પર વસ્તુમાં અધ્યાસ - આસન કરી બેઠો છે, એવી અનાદિની પરવસ્તુની બેઠક ઉઠાવી લઈ, પોતાના આત્મસ્વરૂપમાં આસન કરવું - બેઠક જમાવવી તે પરમાર્થથી સુખાસન છે.

સ્થિર આસનની મનોયોગ ઉપર સાનુકૂળ અસર થતી હોવાથી તે ધર્મધ્યાનમાં સહાયક થાય છે. દેવવંદન, ગુરૂવંદન,

પ્રતિક્રમણ આદિ ધર્મ ક્રિયાઓમાં ઉલ્લાસ વધતો રહે છે. થાક, કંટાળો નડતો નથી. તેમજ ક્રિયા કરતાં કરતાં ચિત્ત જ્યાં-ત્યાં દોડતું નથી.

ધર્મક્રિયા વખતે ચિત્તમાં બીજી ક્રિયાઓ ભળે છે અથવા ચિત્ત બીજે દોડી જાય છે તેને ક્ષેપ નામનો દોષ કહ્યો છે.

બાહ્ય અને અભ્યંતર આસન સધાવાથી આ દોષથી ચિત્ત પર રહે છે. એટલે સાધકની યોગસાધના બળદાયી નીવડે છે.

કાષ્ઠના અગ્નિના પ્રકાશની પ્રબળતાની જેમ આ દષ્ટિમા આત્મબોધ પ્રમાણમાં પ્રબળ હોય છે એટલે યોગસાધક આત્મા ભ્રાંતદર્શનથી ભરમાતો નથી પણ આત્મયોગમાં લીન રહે છે.

અહીં મિથ્યાત્વની માત્રા અલ્પ હોય છે એટલે તત્ત્વની સમ્યક્ પરિણતિ અધિક પ્રમાણમાં થાય છે. તત્ત્વશ્રમણની ઉત્કટ ઈચ્છા રહે છે તેમજ તે ઈચ્છાની પૂર્તિ કરીને સાધક કૃતકૃત્ય થાય છે.

કૃતકૃત્ય થયેલો તે આત્મા શ્રી જિનેશ્વરદેવના અસીમ ઉપકારોને માથે ચઢાવીને ભાવપૂર્વક નમસ્કાર કરે છે. ભવસાગરથી તારનારા ઉપદેશના દાતા શ્રી જિનેશ્વરદેવને વારંવાર સ્તવે છે. એવા ઉત્તમ ઉપદેશને પામવા બદલ પોતાને બડભાગી માને છે અને મનને આત્મયોગની સાધનામાં ઓતપ્રોત રાખે છે.

તરુણ સુખી સ્ત્રી-પરિવર્યોજી,
જેમ-ચાહે સુરગીત;
સાંભળવા તેમ તત્ત્વને જી,
એ દૃષ્ટિ સુવિનીત રે. ................જિનજી. ૨

**અર્થ :** જેમ કોઇ પુરુષ યુવાન હોય. વળી તેની સાથે રસિક યુવતી હોય અને તે વળી દેવતાનું દિવ્ય સંગીત સાંભળવાની ચાહના કરે, તેવી રીતે આ બલાદષ્ટિવાળો આત્મા તત્ત્વજ્ઞાન સાંભળવાની ચાહના કરે. વળી આ દૃષ્ટિવાળો વિનયવંત હોય.

**ભાવાર્થ :** આ ઉપમા જેટલી સુંદર છે તેટલી સચોટ છે.

આ ઉપમાનું તાત્પર્ય એ છે કે પાંચ ઇન્દ્રિયોના વિષયોની સર્વોત્તમ સામગ્રી વચ્ચે મહાલતા એક ભોગી યુવાનને એ ભોગ સુખના શિખરે કળશરૂપ શ્રેષ્ઠ સંગીત સાંભળવાની ઉત્કટ જે ઇચ્છા થાય તેવી બલ્કે તેના કરતાં અધિક ઉત્કટ ઇચ્છા આ દૃષ્ટિવાળા આત્મરસિક જીવને આત્મપ્રીતિવર્ધક તત્ત્વજ્ઞાન સાંભળવાની થાય.

આવી ઉત્કટ ઇચ્છા આપણને થાય છે ખરી ? જો ન થતી હોય તો તેનું કારણ શું ?

શું હજી યે આપણને આત્માનો સંસાર વધારનારી વિકૃત વાતો-કથાઓ, ગીત-સંગીત વગેરે સાંભળવાની ઉત્કટ ઇચ્છા વળગેલી છે ?

તો-તો આપણે એકડીઆ પણ ન ગણાઈએ. પ્રથમ ગુણસ્થાનકને પાત્ર પણ ન ગણાઈએ.

ચરમ પુદ્ગલ પરાવર્તમાં પ્રવેશેલા જીવને પણ ઉંડે-ઉંડે તત્ત્વ-પ્રીતિ રહ્યા કરે છે. ગુણનો રાગ રહ્યા કરે છે. સંસાર ઓછો ગમે છે.

ગઈ ગૂજરી ભૂલી જઈને આપણે આજથી જ આત્માની આગેવાની નીચે જીવન જીવવાનું શરૂ કરીશું તો આપણી આંતરિક યોગ્યતા આપણને જરૂર ઉત્તમ ગુણસ્થાનકે લઈ જશે.

બલાદૃષ્ટિમાં આત્માનું બળ પ્રગટપણે વર્તાય છે. મોહના બળ સામે વારંવાર ઝૂકી પડવા છતાં આ દૃષ્ટિવાળો આત્મા તરત સ્વસ્થ બની જાય છે. તત્ત્વામૃતના પાન વડે પરિણામના પોતને પવિત્ર કરીને વિનીતભાવે આગળ વધે છે.

આ દૃષ્ટિવાળા જીવમાં ઊંચી જાતનો વિનય ગુણ હોય જ છે. એટલે તે અલ્પ ગુણીને પણ તુચ્છકારતો નથી અને અધિક ગુણવાનનો ઉચિત આદર કરીને નિજ પાત્રતાને ધારદાર બનાવે છે.

શ્રી જિનેશ્વર દેવના ધર્મોપદેશની ગંગામાં સ્નાન કરવાનો જે સુઅવસર આપણને સાંપડ્યો છે તે આપણું મોટું સદ્ભાગ્ય છે એમ બરાબર સમજીને આપણે જીવનમાં આત્મદૃષ્ટિ કેળવીને તે અવસરને દીપાવવો જોઈએ.

**સરી એ બોધ પ્રવાહની જી,**
**એ વિણ શ્રુત થલ-કૂપ;**
**શ્રવણ-સમીહા તે કિસી જી,**
**શયિત સુણે જેમ ભૂપ રે. ............જિનજી. ૩**

**અર્થ :** આ દૃષ્ટિ બોધ પ્રવાહની - જ્ઞાન પ્રવાહની સરી-સરવાણી સરખી છે. જેમ કૂવા-વાવ વગેરેમાં પાણીની સેર-જમીન ખોદવાથી નીકળી આવે છે અને તે સેરમાંથી પાણી તરત પ્રાપ્ત થાય છે, તેમ આ દૃષ્ટિથી જ્ઞાન-પ્રવાહની સરવાણી પ્રાપ્ત થાય છે.

જેમ રાજા શય્યામાં સૂતાં-સૂતાં યાચકોનાં ગીત શ્રવણ કરે, પણ વિષય-કષાયમાં ગ્રસ્ત હોવાથી તે ગીતમાં ધ્યાન ન રહે. તેવી રીતે આ દૃષ્ટિ વિના શ્રુત-શ્રવણ બોધકારક ન નીવડે. સર્વ કૂપ-કૂવા, થળકૂપ સમાન થાય એટલે થળના કૂવામાં પાણી ન હોય એવું થાય.

**ભાવાર્થ :** આવી-આવી અદ્ભુત ઉપકારક ગાથાઓના રચયિતા ભગવંતને જેટલા પ્રણામ કરીએ તેટલા ઓછા છે.

બલાદૃષ્ટિને જ્ઞાનપ્રવાહની - આત્મબોધની સરવાણી કહીને તેનું યથાર્થ જે મૂલ્ય તેઓશ્રીએ ઓક્યું છે તેનો સાદર સ્વીકારીને આપણે વિચારવાનું એ છે કે, આપણા જીવનમાં આવી પવિત્ર સરવાણી વહી રહી છે કે કેમ ?

કૂવા-વાવ-તળાવ આદિમાં પાણી, અંદરની સરવાણી ફૂટે છે તો ટકી રહે છે, નહિતર તરત સૂકાઇ જાય છે. એક પંખી પણ ત્યાં જતું નથી.

જળની આ સરવાણીનું ઉદ્‌ભવસ્થાન ધરતીનું પેટાળ છે. તેમ જ્ઞાનપ્રવાહની સરવાણીનું ઉદ્‌ભવસ્થાન આત્મા છે. એટલે આત્મદષ્ટિવંત આત્મા સદાય આ જ્ઞાનપ્રવાહથી છલોછલ રહે છે. સંસારમાં રહેવા છતાં તેમાં આસક્ત થતો નથી. ઉત્તમ શ્રુતની ઉત્તમ પ્રકારની પરિણતિ તેને થતી હોય છે, કારણ કે અંદર સદ્‌બોધની સરવાણી વહેતી હોય છે.

બલાદષ્ટિ બંધ થઇ જાય તો આ સરવાણી અટકી જાય, જીવનમાં અજ્ઞાનનું જોર વધી જાય, વિષય-કષાયના તોફાન વધી જાય. પરભાવરમણતા સુખદાયી લાગે.

આવા જીવનને મરૂભૂમિના થળપ્રદેશ સાથે સરખાવ્યું છે. કારણ કે આવા પ્રદેશમાં આવેલા કૂવામાં પાણી નથી હોતું. કહેવાય કૂવા પણ પાણી વગરના. તેમ દેખાવમાં માણસ એવા આપણે પણ આ સરવાણી સિવાય પેલા કૂવા જેવા બની રહીએ.

આ સરવાણીયુક્ત જીવનમાં આત્મા આગળ રહે છે. આત્માના ગુણો આગળ રહે છે. આત્મદષ્ટિ અકબંધ રહે છે. સંસાર પાછળ રહે છે. સાંસારિક સુખની ખેવના ખોરવાઇ જાય છે. સંસાર ખાલી કૂવા જેવો ભેંકાર લાગે છે. તેમાં ડોકિયું કરવાનું મન પણ થતું નથી.

ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળતી વખતે જો મન બીજે ભટકતું હોય તો માની લેવું કે જ્ઞાનબોધની આ પવિત્ર સરવાણી બંધ થઈ ગઈ છે યા અટકી પડી છે.

સંસારના બળને હંફાવનારી આ દૃષ્ટિનું દાન પણ દેવાધિદેવના અસીમ ઉપકારોને પ્રભાવે જ થાય છે. એ આપણે સદા યાદ રાખીએ !

**મન રીઝે, તન ઉલ્લસેજી,**
**રીઝે બુઝે એકતાન;**
**તે ઈચ્છા વિણ ગુણ કથાજી,**
**બહેરા આગળ કાન..................જિનજી. ૪**

**અર્થ :** જે શ્રવણથી મન આનંદ પામે, શરીર રોમાંચિત થાય. આનંદ અને બોધ ઉભયની એકતાનતા એટલે એકતા થાય, તે શ્રવણ જ સાર્થક છે. તેવી પ્રબળ ઈચ્છા વિનાને તત્ત્વકથા કહેવી તે બહેરા માણસ આગળ ગાયન ગાવા સમાન નિષ્ફળ છે.

**ભાવાર્થ :** આ ગાથામાં તત્ત્વપિપાસાનો મહિમા છે.

તરસ્યાને ઠંડું પાણી પીતાં જે આનંદ થાય, ભૂખ્યાને ભાવતું ભોજન મળતાં જે આનંદ થાય, તેવો જ આનંદ તત્ત્વપિપાસુને તત્ત્વકથા-ગુણકથા-શાસ્ત્રકથા સાંભળતાં થાય.

અંદર જાગેલી પિપાસા તેને આ શ્રવણમાં એવો ઓતપ્રોત બનાવી દે છે કે તેના મનમાં અખૂટ આનંદ ઉભરાય

છે, તેની રોમરાજી વિકસ્વર થાય છે. તેની આંખોમાં હર્ષનાં અશ્રુ છલકાય છે.

'હાશ ! આજે મારી તત્ત્વ-તૃષા છીપી' એવો પ્રગટ આનંદ તેના વદન પર વંચાય છે.

આ દૃષ્ટિમાં આવી તત્ત્વપિપાસા જાગે છે અને એવું જોર કરે છે કે તે પિપાસુને તત્ત્વશ્રવણ કરવું જ પડે છે.

તરસ્યો માણસ જ 'પાણી-પાણી' કરતો વનવગડે ઊભી દોટ મૂકે છે, બીજા નહિ. તેમ જેઓ આત્મતત્ત્વ પિપાસુ નથી હોતા પણ સંસારરસિક હોય છે. વિષય-કષાયમાં તરબોળ હોય છે, આ લોકના સુખની જ ઈચ્છા કરનારા હોય છે, પરલોક સુધારવાની શુદ્ધ બુદ્ધિ વગરના હોય છે, તેમને તત્ત્વ પીરસાય છે તો પણ મીઠું નથી લાગતું. અરે ! તે તેમના ગળા નીચે નથી ઉતરતું. તે સાંભળતી વખતે પણ તેઓ ઝોકા ખાતા હોય છે. તેમનો જીવ બીજે ભટકતો હોય છે, તેમનું મન સંસારમાં રમતું હોય છે.

સ્વયં શારદા વીણા પર સંગીત વહાવે તો પણ બહેરા માણસને તે નથી સંભળાતું તેમ આવા સંસાર-પિપાસુ જીવોને પીરસાતું તત્ત્વજ્ઞાન એળે જાય છે.

તત્ત્વ-શ્રવણની તાલાવેલી એ બલાદૃષ્ટિવાળા ભવ્ય આત્માનું લક્ષણ છે.

વિઘન ઈહાં પ્રાયે નહિં જી,
ધર્મહેતુમાં કોય;
અનાચાર-પરિહારથી જી,
સુયશ મહોદય હોય રે...............જીનજી. ૫

**અર્થ :** આ દૃષ્ટિમાં વર્તતા આત્માને ધર્મના કાર્ય કરતાં પ્રાયઃ વિઘ્ન-અંતરાય નડે નહિ.

આ દૃષ્ટિમાં અનાચારનો પરિત્યાગ હોય છે અને તેથી ઉત્તમ યશ અને મહાન ઉદયનો લાભ પણ થાય છે.

આ દૃષ્ટિમાં શુભ યોગનો આરંભ, સુકથાશ્રવણ આદિ મહાલાભો રહેલા છે.

**ભાવાર્થ :** આ બલાદૃષ્ટિનું તેજ એવું વેધક હોય છે કે તેને પામેલા આત્માને ધર્મના મંગળકારી કાર્યો વખતે મોટે ભાગે વિઘ્ન નથી નડતાં.

આત્મતેજનો એવો સુંદર પ્રતાપ આ દૃષ્ટિ વડે ઝીલાતો હોય છે કે, સામાન્ય વિઘ્નોને ઊભા કરનારા કર્મો તરત વિખરાઈ જાય છે.

મતલબ કે ધર્મકાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણ થાય તે ઓછા સૌભાગ્યની વાત ન ગણાય.

આ દૃષ્ટિને પામેલો ધર્મપ્રેમી આત્મા, અનાચારને ધગધગતા અંગારા જેવા સમજીને તેનાથી દૂર જ રહે છે.

જે આચાર આત્માને, આત્મદૃષ્ટિથી ભ્રષ્ટ કરે તે અનાચાર.

પ્રીતિપૂર્વક પાપકર્મોને સેવવાં તે અનાચાર. એવા પાપસેવકોને બિરદાવવા તે અનાચાર. કોઈને ય એવા પાપ સેવવાની પ્રેરણા કરવી તે અનાચાર.

મતલબ કે તત્ત્વના પાનથી ભીંજાયેલા હૈયાવાળો આત્મા, હૈયાપૂર્વક પાપ ન કરી શકે, કરે તો તે બલા દૃષ્ટિવાળો ન ગણાય.

અનાચારના ત્યાગ અને સદાચારના સ્વીકારથી આત્માને મહાન લાભ થાય છે, તેવા સાધકનો યશ, સુગંધની જેમ બધે ફેલાઈને ધર્મની સુવાસ ફેલાવે છે.

પણ આ પ્રભાવ તો શ્રી જિનેશ્વરદેવે વહાવેલી ઉપદેશની ગંગાનો જ છે એમ સમજતો તે સદા વિનમ્રભાવે સત્કાર્યમાં જોડાયેલો રહે છે.

⌘ ⌘ ⌘

# ચોથી દીપ્રાદૃષ્ટિની સજ્ઝાય

(ઝાંઝરીયા મુનિવર ! ધન ધન તુમ અવતાર : એ દેશી)

**યોગ દૃષ્ટિ ચોથી કહીજી,**
**દીપ્રા તિહાં ન ઉત્થાન;**
**પ્રાણાયામ તે ભાવથી જી,**
**દીપ પ્રભા સમ જ્ઞાન.**
**મનમોહન જિનજી ! મીઠી તાહરી વાણ. ............ ૧**

**અર્થ :** આ દીપ્રા નામની ચોથી યોગદૃષ્ટિ છે. એટલે આગળ કહેલા યોગનું ચોથું અંગ પ્રાણાયામ અહીં હોય છે. ઉત્થાન નામના ચોથા આશય દોષનો પરિત્યાગ થાય છે. શ્રવણ નામનો ચોથો ગુણ પ્રગટે છે. જો કે અહીં ગ્રંથિભેદ થયો નથી, તો પણ પ્રશસ્ત યોગવંતને ભાવથી પ્રાણાયામ હોય.

આ દૃષ્ટિમાં દીપ-પ્રભા સમાન બોધ છે. અર્થાત્ તત્ત્વશ્રવણ, શુશ્રૂષા અને યમ-નિયમાદિક ફળવાળો બોધ જાણવો. હે મનના પ્યારા શ્રી જિનેશ્વર દેવ ! આપનો ઉપદેશ અત્યંત મધુર છે. એવા ભાવપૂર્ણ ઉદ્‌ગારો આ દૃષ્ટિવાળા હૈયામાં હોય.

**ભાવાર્થ :** આ દૃષ્ટિમાં દર્શન-બોધ સ્થૂલ પ્રકારનો હોય છે. સૂક્ષ્મ નથી હોતો, તેમ છતાં આગલી ત્રણ દૃષ્ટિ કરતાં વધારે સ્થિતિવાળો ને વધારે સામર્થ્યવાળો હોઈ તેને દીપકના પ્રકાશની ઉપમા આપી છે.

દીવો તેલ હોય ત્યાં સુધી પ્રકાશે છે, તેલ ખૂટી જતાં ઓલવાઇ જાય છે, તેમ આ દૃષ્ટિનો બોધ તથારૂપ ક્ષયોપંશમ હોય ત્યાં સુધી પ્રકાશે છે, પછી લુપ્ત થઇ જાય છે.

દીવો પવનના ઝપાટાથી ઓલવાય છે અથવા અસ્થિર થાય છે, તેમ આ દૃષ્ટિનો બોધ પણ તથાપ્રકારના બાહ્ય નિમિત્તોરૂપ પવનના ઝપાટા આદિથી ઓલવાઇ જવાનો, અસ્થિર થવાનો ભય રહે છે.

એટલે આ દૃષ્ટિના બોધને દીપકના પ્રકાશની ઉપમા બરાબર ઘટે છે.

આ દૃષ્ટિમાં યોગનું ઉત્થાન થતું નથી. કારણ કે તેવા પ્રકારની પ્રશાન્તવાહિતા હોય છે. એટલે કે પ્રશાન્તરસનો એવો પ્રવાહ અંતરમાં વહે છે કે યોગમાંથી ચિત્ત ઉઠતું નથી.

જેમ શાંત સરિતાનો પ્રવાહ અખંડપણે વહ્યા કરે, તેમાં તરંગ ઉઠે નહિ, તેમ અત્રે યોગસરિતાના શાંત રસનો પ્રવાહ અખંડપણે વહ્યા કરે છે, તેમાં ઉત્થાનરૂપ તરંગ ઉઠતો નથી. કારણ કે આગલી દૃષ્ટિમાં ક્ષેપ નામનો દોષ ટળ્યો એટલે કોઇ પણ પ્રકારે ચિત્તમાં વિક્ષેપ ઉપજતો નથી.

ધર્મક્રિયા કરવા છતાં તેમાં મન બરાબર ન લાગે તે ઉત્થાન દોષનું લક્ષણ છે.

ઉત્થાન દોષના અભાવે ભાવ-પ્રાણાયામ-સુલભ બને છે.

ભાવ-પ્રાણાયામથી ભીતરમાં ધર્મનો ભેજ સ્થિર થાય છે. અધ્યવસાયની ઉજ્જવળતા વધુ ખીલે છે.

આવા અનુપમ, કલ્યાણકારી યોગમાર્ગનું ઘેલું લગાડનારી આપની વાણી હે જિનેશ્વરદેવ ! અત્યંત મધુર છે, વારંવાર અનુ-પ્રેક્ષણીય છે. અમૃતના સ્વાદને ફીકો પાડે તેવી છે. એવા ભાવપૂર્ણ ઉદ્ગારો આ દૃષ્ટિમાં વર્તતા ભવ્ય આત્માના હૈયામાં હોય જ છે.

આ સજ્ઝાયમાં વહી રહેલા શ્રેષ્ઠ શુદ્ધ ભાવોનું અમૃત આપણને પાન કરવા મળ્યું તે પ્રભાવ પણ શ્રી જિનેશ્વરદેવનો જ છે. પણ એ ગંગામાં ગોતું (ડુબકી) લગાવવું એ કામ સહેલું નથી. ગોતું લગાવીને તેમાંથી અણમોલ મોતીરૂપી ગુણો ગોતીને ગાંઠે બાંધવાનું કામ તો તેના કરતાં વધુ અઘરું છે.

પારમાર્થિક દૃષ્ટિએ આવું મહાન કાર્ય કરનારા પ.પૂ.ઉપા. ભગવંતને આપણે વારંવાર નમસ્કાર કરતા રહીશું તો આ સજ્ઝાયમાંનો સાર આપણને જરૂર સારરૂપ લાગશે, સ્વીકાર્ય લાગશે. સંસાર અસાર લાગશે, છોડી દેવા જેવો લાગશે. યોગદૃષ્ટિના વિકાસમાં આપણે આગળ વધી શકીશું. આપણા અધ્યવસાયમાં આત્મા હસતો થશે, પરમાત્મા આપણાથી દૂર નહિ હોય, પણ નિકટતર પ્રતીત થશે.

આપણી દૃષ્ટિ ખરેખર આત્મામાં રહે છે કે કેમ તેની જ ખાસ કાળજી રાખીશું તો આપણે જરૂર આત્મદૃષ્ટિવંત બનીને, જન્મને જીતી શકીશું.

બાહ્ય ભાવ રેચક ઈહાં જી,
પૂરક અંતરભાવ;
કુંભક થિરતાગુણે કરીજી,
પ્રાણાયામ સ્વભાવ. ........................મન. ૨

**અર્થ :** બહિરાત્મ-પ્રવૃત્તિરૂપ જે બાહ્યભાવ તેને કાઢવારૂપ રેચકપણું આ દષ્ટિમાં છે. અંતરાત્મ વૃત્તિવાળા ગુણો દાખલ કરવા તે પૂરકપણું છે અને પ્રાપ્ત થયેલા ગુણોને સ્થિર કરવા તે કુંભકપણું છે.

એવી રીતે ભાવ-પ્રાણાયામરૂપ આ દષ્ટિનો સ્વભાવ છે.

**ભાવાર્થ :** અનાદિકાળથી પર ઘરમાં આથડતા જીવને સ્વઘરમાં લાવવા માટે પ્રથમ તો રેચ લઈને પેટને સાફ કરીએ છીએ તે રીતે મનમાંથી દેહ-કુટુંબ-કંચન-કીર્તિ-કામિની આદિના મમત્વને દૂર કરવું પડે છે. વાણીને પણ તથાપ્રકારના વલણમાં ઢાળવી પડે છે, પર પદાર્થોની મિથ્યા પ્રશંસા કરવાની ટેવમાંથી મુક્ત કરવી પડે છે. દેહભાવને પણ બહાર કાઢવો પડે છે.

સંસારને આપેલો ભાવ, સંસારનાશક નથી બનતો પણ સંસારવર્ધક બને છે અને તે જ ભાવ જો આત્માને અપાય તો કર્મનો ક્ષય થાય છે અને આત્માનો ઉદ્ધાર થાય છે.

સર્વ પ્રકારની બહિર્વૃત્તિઓને બહાર કાઢી નાખવારૂપ આ રેચક ક્રિયાને ભાવ-રેચ કહે છે.

પેટમાં બગાડ હોય છે તો ઉત્તમ ખીર પણ પચતી નથી, પણ વધુ બગાડ કરે છે.

એટલે પહેલાં આંતરિક શુદ્ધિ ખૂબ જરૂરી છે.

આ દૃષ્ટિમાં આ કાર્ય ખાસ અઘરું નથી પડતું. કારણ કે બહિર્ભાવોત્પાદક, વિષય-કષાય આદિરૂપ કચરો આ દૃષ્ટિને ખૂબ જ ખટકતો હોય છે એટલે તેને દૂર કરવામાં સુગમતા રહે છે.

આ બધો કચરો અંદરથી બહાર નીકળી જાય છે, એટલે વૃત્તિનો વળાંક ગુણ ગ્રહણ કરવા તરફ થાય છે. જ્યાંથી મળે ત્યાંથી ગુણ ગ્રહણ કરવાની ચાનક લાગે છે.

આ વૃત્તિ તે અંતરાત્મવૃત્તિ છે.

આવી વૃત્તિવાળા આત્માની પ્રવૃત્તિમાં પણ આત્મભાવની ઝલક પ્રધાનપણે વર્તાય છે. કારણ કે તેની વાતચીત, ઉઠ-બેસ, ખાન-પાન આદિ જોતાં-વિચારતાં પણ ખ્યાલ આવી જાય છે કે, આ આત્મા સપાટી ઉપરના સ્થૂલ જીવનમાં નથી વસતો, પણ તેનો વસવાટ અંતરાત્મામાં છે.

અંતરાત્મવૃત્તિને પોષનારા ગુણોને અંદર ખેંચવા, દાખલ કરવા તે ભાવ-પૂરકપણું છે અને પ્રાપ્ત થયેલા ગુણોને અંતરમાં બરાબર જડી દેવા તે ભાવ-કુંભકપણું છે.

ભાવ-પ્રાણાયામ દ્વારા જે આત્મૈક્ય સધાતું હોય છે, તે શ્વાસ-રૂંધનરૂપ દ્રવ્ય-પ્રાણાયામ દ્વારા સધાતુ હોવા છતાં તેમાં અનેક જોખમો રહેલાં છે.

જ્યારે આ ભાવ-પ્રાણાયામમાં કોઇ જોખમ નથી.

પ્રાણો અધ્યાત્મ વડે રંગાઇ જાય છે એટલે તે અધ્યાત્મ સ્વભાવરૂપ બની જાય છે. દેહના સ્વભાવની અસર નીચે આવતો નથી.

દીપકના પ્રકાશની તિમિર-વિનાશક શક્તિ જાણનારાને દીપ્રાદૃષ્ટિની આ શક્તિમાં સંદેહ રહેતો નથી.

દીવો જળતો હોય છે ત્યાં અંધારું નથી ટકતું તેમ આ દૃષ્ટિના તેજથી વ્યાપ્ત અંતઃકરણમાં પરભાવરૂપ અંધકાર નથી ટકી શકતો.

પ્રાણાયામ સ્વભાવભૂત બને એટલે બધા જ પ્રાણો આત્માને અનુકૂળ બને તે સ્વાભાવિક છે.

માછલીને જળ બહાર તરફડવું પડે છે, તેમ આ દૃષ્ટિવાળા આત્માના પ્રાણને બહિર્ભાવમાં મજા નથી આવતી, પણ માછલીની જેમ તરફડવું પડે છે અને તરત અંતર્મુખ થઇ જવાની વૃત્તિ થાય છે.

આવા ભાવ-પ્રાણાયામના પ્રરૂપક ભગવંતને કોટિ-કોટિ પ્રણામ !

**ધર્મ અર્થે ઇહાં પ્રાણને જી,**
**છાંડે પણ નહિં ધર્મ;**
**પ્રાણ અર્થે સંકટ પડે જી,**
**જુઓ એ દૃષ્ટિનો મર્મ.................મન. ૩**

**અર્થ :** આ દૃષ્ટિમાં વર્તતો આત્મા, ધર્મને માટે પ્રાણનો ત્યાગ કરે, પણ પ્રાણત્યાગરૂપ સંકટ પડે તો પણ ધર્મનો ત્યાગ ન કરે. એવો આ દૃષ્ટિનો મર્મ છે, તે જુઓ.

**ભાવાર્થ :** દીપ્રાદૃષ્ટિ જ જેના જીવનની દૃષ્ટિ છે, તે આત્માને પોતાના પ્રાણ કરતાં વધુ વહાલો ધર્મ લાગે છે. પ્રાણની રક્ષા માટે તે ધર્મને છોડતો નથી, પણ ધર્મની રક્ષા માટે પ્રાણને છોડી શકે છે.

જગતના મોટા ભાગના જીવો પોતાના પ્રાણોની રક્ષા માટે જીવન જીવતા હોય છે. પ્રાણોની રક્ષા માટે ગમે તેવો માર્ગ અખત્યાર કરતા હોય છે. તેમને પ્રાણ એ જ આત્મા લાગે છે. પરંતુ પ્રાણ અને આત્મા વચ્ચે આસમાન-જમીનનું અંતર હોવાનું યથાર્થ જ્ઞાન તેમને હોતું નથી.

પ્રાણાયામ સધાતાં આ દૃષ્ટિ બદલાઇ જાય છે. એટલે આંખ-કાન-નાક-શ્વાસોચ્છ્વાસ આદિ પ્રાણોના ધર્મમાં પ્રાણ પૂરનાર, આત્મ સ્વભાવરૂપ ધર્મનું જતન એ જ ધર્મ બની રહે છે. 'પ્રાણ જાય તો ભલે જાય, પણ ધર્મ તો રહેવો જ જોઇએ, સચવાવો જોઇએ.' એવો દૃઢ નિર્ધાર આ દૃષ્ટિવાળા આત્માને હોય છે.

આત્મામાં ધર્મ પરિણમ્યા પછી પ્રાણો માટેનું મમત્વ ખસી જાય છે.

ધર્મની પરિણતિ એટલે આત્મસ્વભાવની પરિણતિ.

આવી પરિણતિ પછી પર-પરિણતિ રહેતી નથી. પર-પદાર્થોનું કોઈ આકર્ષણ આત્માને સ્વભાવથી ભ્રષ્ટ કરી શકતું નથી.

મોટા ભાગના જીવોને ધન અને સ્વજન કરતાં પ્રાણો વધુ વહાલા હોય છે. પ્રાણોની રક્ષા માટે તે ધનને જતુ કરી શકે છે. સ્વજનોને પણ છોડી દે છે.

આ થયો પ્રાણદષ્ટિનો પ્રભાવ.

જ્યારે આત્મદષ્ટિવંત આત્મા, ધર્મની રક્ષા માટે ધન-સ્વજન ઉપરાંત પ્રાણોને પણ જતા કરે છે અને તેનું કારણ એ છે કે, એક ધર્મની રક્ષાથી જ સુરક્ષિત રાખવા જેવું બધું સુરક્ષિત રહે છે. એ શાસ્ત્ર - સત્યમાં તેને સંપૂર્ણ વિશ્વાસ હોય છે.

ધર્મનો આવો ચોળ-મજીઠીયો રંગ, દીપ્રાદષ્ટિવંતને લાગે છે.

વસ્ત્ર ફાટે તો ય રંગ ફીટે નહિ, બદરંગ થાય નહિ એવો જે રંગ તે ચોળ-મજીઠનો રંગ. તેમ દેહ પડે તો ય મન ધર્મને વળગેલું રહે. આત્મ સ્વભાવથી ભ્રષ્ટ થાય નહિ. શરીરને પંપાળવા જાય નહિ, તેને ધર્મનો અવિહડ રાગ કહે છે.

આવી આત્મદષ્ટિનાં દાન કે દેવાધિદેવા સૌ જીવોને દેજો !

**તત્ત્વ શ્રવણ - મધુરોદકેજી,**
**ઈહાં હોય બીજ - પ્રરોહ;**
**ખાર-ઉદક સમ ભવ ત્યેજી,**
**ગુરૂ-ભગતિ-અદ્રોહ. ........................ મન. ૪**

**અર્થ :** આ દૃષ્ટિમાં સિદ્ધાંત વગેરેમાંથી તત્ત્વશ્રવણરૂપ મધુર જળનું સિંચન થવાથી બીજમાંથી સંસારની અનાશંસા, વિરકતપણું વગેરે અંકુરો પ્રગટ થાય અને ખારા પાણી સરખા ભવાભિનંદીપણાનો ત્યાગ થાય. તેમજ આ દૃષ્ટિમાં વર્તતો જીવ સાચી ગુરૂભક્તિ કરનારો થાય.

**ભાવાર્થ :** જીવની ભવતૃષા, જિનોક્ત વાણીના અમૃતપાનથી જ નાશ પામે છે અને ભવવિરહથી ઉત્કટ ભાવના જીવનમાં ઝળહળતી થાય છે.

દીપ્રાદૃષ્ટિનો પ્રકાશ જીવને તત્ત્વામૃતનું પાન કરાવીને, ખારા પાણી જેવા ભવાભિનંદીપણાથી બચાવે છે. આપ્તતત્ત્વનો બોધ મીઠો લાગે છે એટલે આત્માને દુર્ગતિમાં લઇ જનારો ભવરાગ, ધનરાગ, કામરાગ વગેરે ઝેર જેવા કડવા લાગે છે.

જીવને મીઠું, મધુરું, સ્વાદિષ્ટ શું લાગે છે ભવવાસ કે મુક્તિનિવાસના મનોરથ, એ મનોરથને પૂરા કરનારો ધર્મ. એ ધર્મ સાથે જોડનારી દૃષ્ટિ, એ દૃષ્ટિ ઉઘાડનાર દેવ-ગુરૂની કૃપા, એ કૃપા માટે જરૂરી સમર્પણ-સેવા-ભક્તિ એ બધા ઉપર જીવના મંગળનો આધાર છે, જીવનની સાર્થકતાનો આધાર છે.

જો ભવ મીઠો લાગ્યો તો ભૂંડા હાલે મરવાનું. કારણ કે ભવ પ્રત્યેનો રાગ કેવળ દુઃખમાં જ પરિણમે છે.

'મને જેલમાં મજા આવે છે', એવું બોલનારા માણસને

મૂર્ખ કહેનારા આપણે જો ભવરૂપી જેલને મહેલ કહીને વખાણીએ તો મૂર્ખ શિરોમણિ જ કહેવાઇએં ?

એક જેલમાંથી બીજી જેલમાં. બીજીમાંથી છૂટ્યા કે તરત ત્રીજીમાં ! આ શું માગે ? આ તે કંઇ જિંદગીની તરાહ છે ? ન જોઇએ આવું જીવન ! જીવન તો તે કહેવાય કે જે જીવને ભવવનમાંથી સદાને માટે અભય-ભવનમાં લઇ જાય. મોક્ષમાં લઇ જાય.

આ દૃષ્ટિમાં વર્તતો જીવ આ ભાવના વડે સમૃદ્ધ હોય.

એટલે તેને ભવનો અંત આણનારા ધર્મની સાધનામાં ઓતપ્રોત સુગુરૂ ભગવંતની સેવા ખરેખર ખૂબ ગમે. કારણ કે પોતે જેને ચાહે છે તે મુક્તિની શ્રેષ્ઠ ચાહના તેમના જીવનના કણ-કણમાં હોય છે. તેમના સમયનો પ્રત્યેક કણ તે જ સાધના પાછળ સાર્થક થતો હોય છે.

આ દૃષ્ટિમાં ગુરૂકૃપા અણમોલ ધર્મરૂપ બેસે. એટલે ગુરૂનો દ્રોહ કરવાની ક્ષુદ્ર વૃત્તિ કદી ન જ જાગે.

દૃષ્ટિના ઉઘાડ અનુસાર દર્શન-બોધ થતો હોય છે. એ સહુ કોઇ જાણે છે. એટલે પૂર્ણદર્શન માટે દૃષ્ટિના પૂર્ણ ઉઘાડ માટે મથવું તે આપણો ધર્મ છે.

**સૂક્ષ્મ બોધ તો પણ ઇહાંજી,**
**સમકિત વિણ નવિ હોય;**
**વેદ્ય-સંવેદ્ય પદે કહ્યોજી,**
**તે ન અવેદ્યે હોય. ........................... મન. ૫**

**અર્થ :** જો કે આ દૃષ્ટિમાં સમકિત નહિ હોવાથી સૂક્ષ્મ-બોધ નથી. સૂક્ષ્મ-બોધ તો વેદ્ય-સંવેદ્યરૂપ સમ્યક્ત્વમાં રહેલ છે. તે આ દૃષ્ટિમાં નથી. અહીં તો અવેદ્યપદ મિથ્યાત્વ છે. તેથી સૂક્ષ્મ બોધ નથી.

**ભાવાર્થ :** સૂક્ષ્મ-બોધ એટલે વસ્તુના સમગ્ર સ્વરૂપનો યથાર્થ બોધ.

સપાટી ઉપરનો એકાંગી બોધ તે સ્થૂલ બોધ.

મિત્રા આદિ ચાર દૃષ્ટિમાં વધતા-ઓછા પ્રમાણમાં પણ મિથ્યાત્વની માત્રા રહેતી હોવાથી સૂક્ષ્મ બોધની શક્યતા રહેતી નથી.

આ ચાર દૃષ્ટિઓમાં સત્સંગ, સત્શ્રવણ, સત્ક્રિયા, સદાચાર વગેરેના સેવનથી ગુણોનો સંગ્રહ થતો રહે છે, પણ તે બધા જ ગુણો ગુણરૂપે પરિણમતા નથી તથા પ્રકારના નિમિત્તતા જોગે મિથ્યાત્વ તે ગુણો ઉપર ચઢી બેસતું હોય છે.

એટલે સમ્યક્ત્વની વિદ્યમાનતામાં વેદ્ય-સંવેદ્ય પદની પ્રાપ્તિ થાય છે.

વેદ્ય-સંવેદ્ય એટલે જાણવા યોગ્ય જયાં સંવેદાય છે. સમ્યક્ પ્રકારે જણાય છે, અનુભવાય છે, તે વેદ્ય-સંવેદ્ય.

આનાથી ઉલટું અવેદ્યસંવેદ પદ હોય છે. તે મિથ્યા-અતાત્ત્વિક હોય છે.

જેમ આકાશમાં પંખી ઉડતું હોય, તેનો પડછાયો પાણીમાં પડે અને તે પડછાયાને પંખી જાણી કોઇ જળચર તેને પકડવાની

ચેષ્ટા કરે - તેની પાછળ દોડે, પણ તેના હાથમાં કાંઈ આવતું નહિ હોવાથી તે ચેષ્ટા જેમ નિષ્ફળ જાય, તેમ મિત્રા આદિ ચાર દૃષ્ટિઓમાં પણ અવેદ્ય-સંવેદ્ય પદ તે જળચરની પડછાયા પાછળ દોડવારૂપ ખોટી-નિષ્ફળ પ્રવૃત્તિ જેવું હોઈ, મિથ્યા હોય છે. યથાર્થ - તાત્ત્વિક હોતું નથી.

સૂક્ષ્મબોધમાં સર્વગ્રાહિતા હોય છે.

સ્થૂલબોધમાં સપાટી ઉપરની એકાંગી હિલચાલ હોય છે.

વેદ્ય-સંવેદ્યપદ સ્થિરા આદિ ચાર દૃષ્ટિમાં હોય છે.

આ પદના પ્રભાવથી આ દૃષ્ટિવાળો આત્મા પાપમાં પ્રાયઃ પ્રવૃત્તિ કરતો જ નથી અને પૂર્વ કર્મના દોષે કરીને કરે, તો પણ તેની તે પ્રવૃત્તિ તપ્તલોહપદન્યાસ જેવી એટલે કે તપેલા લોઢા પર પગ મૂકવા જેવી હોય છે.

જેમ તપેલા લોઢા પર પગ મૂકતાં જ આંચકો અનુભવાય છે, પગ ત્યાં ટકી શકતો નથી, પણ આપોઆપ ઉંચો થઈ જાય છે. તેમ આ દૃષ્ટિવાળો સમ્યગ્દૃષ્ટિ પુરુષ ખરેખર પાપભીરૂ હોય છે.

મિત્રા આદિ ચાર દૃષ્ટિમાં આવું સંવેદન શક્ય બનતું નથી. તેમ છતાં જો ચાર દૃષ્ટિઓના પ્રકાશથી બોધગ્રસ્ત થતો આત્મા જ યથાકાળે સ્થિરા આદિ દૃષ્ટિને લાયક બને છે, એટલે તે-તે દૃષ્ટિ, તે-તે પદે ઉપકારક છે તે નક્કી છે.

વેદ્ય-બંધ શિવ-હેતુ છે જી,
સંવેદન તસ નાણ;
નય-નિક્ષેપે અતિ ભલું જી,
વેદ્ય-સંવેદ્ય પ્રમાણ. ........................ મન. ૬

**અર્થ :** તેથી વેદ્યપદનો બંધ - સૂક્ષ્મબોધ તે મોક્ષનો હેતુ છે. સંવેદનપદ તે તેનું જ્ઞાન છે. નૈગમાદિ સાત નય, નામ આદિ ચાર નિક્ષેપા, સ્યાદ્ અસ્તિ આદિ સાત ભાંગા તથા ગમા એટલે સરખા પાઠ ઇત્યાદિથી અતિ નિર્મળ એવું વેદ્ય-સંવેદ્યપદ પ્રમાણભૂત છે.

**ભાવાર્થ :** વેદ્ય-સંવેદ્યપદ સ્વસંવેદનરૂપ આત્માનુભવપ્રધાન છે અને આ આત્મપદ જ વાસ્તવિક પદ છે, બાકી બીજા બધા અપદ છે. કારણ કે જે સહજ આત્મસ્વરૂપ છે, સહજ આત્મસ્વભાવ છે, તે જ ત્રિકાલાબાધિતપણે સ્થિર હોય છે. એટલે તે સહજાત્મસ્વરૂપ પદનું - શુદ્ધ પદનું, શુદ્ધ આત્મસ્વભાવનું જે નિશ્ચયરૂપ જ્ઞાન થવું, અનુભવન થવું, સંવેદન થવું, તે પણ ત્રણે કાળમાં ફરે નહિં એવું સ્થિર - નિશ્ચલ હોઇ 'પદ' નામને યોગ્ય છે.

તેથી વેદ્ય પદનો સૂક્ષ્મબોધ એ મોક્ષનો હેતુ છે.

'હું આત્મા છું' શુદ્ધ સ્વભાવી છું, અનંત જ્ઞાન-દર્શન-ચારિત્ર અને વીર્યમય છું. એવું જે સંવેદન, અનુભૂતિ તે તેનું જ્ઞાન છે.

આ વેદ્ય-સંવેદ્યપદ સર્વથા પ્રમાણભૂત છે. તત્ત્વજ્ઞાનની કસોટી પર કસતા કુંદન સમ શુદ્ધ પુરવાર થાય છે.

જે છે, ખરેખર છે, જેના હોવાપણામાં કોઈ કાળે કશો ફેર પડતો નથી તે આત્મતત્ત્વરૂપ પદનું સમ્યગ્દષ્ટિ પુરુષને સંવેદન હોય છે. તેથી સર્વે અસ્થાયી ભાવોને મૂકીને સ્થાયી ભાવરૂપ આ પદનો સ્વાદ જ લેવા યોગ્ય છે.

**તે પદ ગ્રંથિ-વિભેદથી જી,**
**છેહલી પાપ પ્રવૃત્તિ;**
**તપ્ત-લોહ-પદ-ધૃતિ સમી જી,**
**તિહાં હોય અંત નિવૃત્તિ. ................ મન. ૭**

**અર્થ :** તે વેદ્ય-સંવેદ્યપદ દર્શન-મોહના નાશથી ગ્રંથિ (તીવ્ર રાગ-દ્વેષરૂપી ગાંઠ)નો ભેદ થવાથી ઉપજે. તેથી અનાદિની અતત્ત્વ વાસના મટે. સંસારમાં છેલ્લી પાપ પ્રવૃત્તિ. તે અગ્નિથી તપેલા લોઢા ઉપર પગ મૂકવા જેવી અનર્થકારી લાગે. તેનો પણ જ્યાં અંત એટલે નિવૃત્તિ થાય તે વેદ્ય-સંવેદ્ય પદનું લક્ષણ જાણવું.

**ભાવાર્થ :** વેદ્ય-સંવેદ્ય પદ ગ્રંથિભેદથી પ્રાપ્ત થાય છે. ગ્રંથિનો ભેદ દર્શનમોહના નાશથી થાય છે.

પ.પૂ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી ફરમાવે છે કે, અત્યંત

દારુણ એવી કર્મગ્રંથિને શુભ ભાવ વડે ભેદી નાંખીને કદાચિત્ કોઈ જ તે દર્શનને પામે છે.

હીરાને તોડવો ને તોડીને ચપટીમાં ચોળવો એ બે કામ જેટલાં અઘરા છે, તેના કરતાં વધુ અઘરા કામ દર્શનમોહનો નાશ કરવો અને ગ્રંથિનો ભેદ કરવો તે છે.

દર્શનમોહનું આવરણ જીવને સાચું દર્શન થવા દેતું નથી. ભ્રાંતદર્શનમાં ભરમાવે છે.

મૃગજળને જળ માનવું-જોવું તે ભ્રાંતદર્શન. તેમ જે પદાર્થમાં જીવને સુખ આપવાની યોગ્યતા નથી તેને સુખ માટે સેવવો તે ભ્રાંતદર્શનનું પરિણામ છે.

તાત્પર્ય કે દુઃખરૂપ સંસારને સુખરૂપ જોવો તે ભ્રાંતદર્શન છે, મિથ્યાદર્શન છે.

અતત્ત્વના રાગની અને તત્ત્વના દ્વેષની અતિશય ચીકાશવાળી જે ગાંઠ આત્મામાં પડી ગયેલી છે તેને પ્રશસ્ત, શુભ ભાવના સતત સેવનપૂર્વકની સત્ક્રિયામાં વજ્ર-હથોડા વડે જ તોડી શકાય તેમ છે.

આ ગાંઠ આત્માને ગાંઠતી નથી. આત્માના હીરાને સંસારના કીચડમાં રગદોળતી રહે છે. વિષય-કષાયનાં વિષ પાતી રહે છે.

આ ગાંઠને ભેદવા માટે અપૂર્વ શૂરાતન જોઈએ, અપૂર્વ

વીર્યોલ્લાસ જોઇએ. મૈત્રી આદિ ભાવોનું સતત સેવન જોઇએ. દેવ-ગુરૂની ભક્તિમાં ભાવ જોઇએ.

અનાદિ અવિદ્યાજન્ય અવળી-મિથ્યા જે કરણી અને વિચારસરણી દ્વારા આ ગાંઠ બંધાય છે તેને ભેદવા માટે દીર્ઘકાળ સુધી સવળી સત્ક્રિયા અને શુભ ભાવના સેવવી જ પડે.

આ રીતે ગ્રંથિ ભેદાતા વેદ્ય-સંવેદ્યપદ પ્રાપ્ત થાય, એટલે સંસાર જેવો છે, તેવો દેખાય, સમજાય. આત્મા જેવો છે, તેવો દેખાય, સમજાય.

વેદ્ય-સંવેદ્યપદને પ્રાપ્ત કરનારો સમ્યગ્દૃષ્ટિ આત્મા નિયમા-પાપભીરૂ હોય, પરમાર્થ શૂરો હોય.

વાઘ કે નાગ પાછળ પડે એટલે માણસ જીવ બચાવવા માટે મુઠીઓ વાળીને દોડે છે તેમ આત્મ તત્ત્વને સંવેદનારો પુરુષ પાપથી દૂર રહે છે, તેના તરફ મોં કરતો નથી.

પૂર્વકર્મવશાત્ ક્યારેક પાપ થઇ જાય છે તો પણ જાણે કે ધગધગતા લોઢાને ચડી જવાયું હોય એવી વેદના સાથે તરત ત્યાંથી ખસી જાય, પણ પાપને સેવવા જેવું તો ન જ માને.

પાપમય પ્રવૃત્તિથી નિવૃત્તિ એ વેદ્ય-સંવેદ્યપદનું લક્ષણ છે. ધર્મમય નિષ્પાપ જીવનમાં પ્રવૃત્તિ કરવાની પવિત્ર વૃત્તિ, પાપ તરફના તીવ્ર અણગમામાંથી જન્મે છે.

પાપ એ એવું પદ છે કે જ્યાં પગ મૂકતાની સાથે મન મૂરઝાય છે, કાળું પડે છે. અધ્યવસાય કલંકિત થાય છે.

પરભાવરમણતાનો અંત કરીને સ્વભાવરમણતા બક્ષનારા આ પદની પ્રાપ્તિ માટે આપણે સાચા મનથી પ્રયત્નો કરવા જોઈએ. આત્મદષ્ટિવાન બનવું જોઈએ.

**એહ થકી વિપરીતે છે જી,**
**પદ તે અવેદ્ય-સંવેદ્ય;**
**ભવાભિનંદી જીવને જી,**
**તે હોય વજ્ર અભેદ્ય......................મન. ૮**

**અર્થ :** વેદ્ય-સંવેદ્યપદથી વિપરીત લક્ષણવાળું પદ તે અવેદ્ય-સંવેદ્ય પદ. તે હોવાથી મિથ્યાત્વ હોય અને સૂક્ષ્મ બોધ ન હોય.

તેથી ભવાભિનંદી-સંસારના સુખમાં અતિશય રાચનારા જીવને વજ્ર જેવું અવેદ્ય-સંવેદ્ય પદ હોય.

**ભાવાર્થ :** સંસારના સુખને અતિશય મીઠું, મધુરૂ અને સ્વાદિષ્ટ માનીને તેમાં જ ગળાડૂબ રહેનારો જીવ ભવાભિનંદી ગણાય છે.

ભવનું અભિનંદન કરવું, ભવને જ વખાણવો, તે ભવાભિનંદી જીવનું લક્ષણ છે.

કુસંગે ચઢીને ઘરની બહાર ને બહાર રખડનારા માણસનું ઘર બરબાદ થઇ જાય છે તેમ મિથ્યામતિના સંગમાં કરવાથી કેવળ બહિર્ભાવ પોષાય છે. બહિરાત્મ - પ્રવૃત્તિની પરંપરા સર્જાય છે. આત્માના ઘરની મુદ્દલ સંભાળ લઇ શકાતી નથી.

બહાર રખડનારને પોતાના સંતાનો મરે છે કે જીવે છે તેની કોઇ ચિંતા રહેતી નથી, તેમ આવા સંસારરસિક જીવને આત્માના ગુણો હણાય છે કે જળવાય છે તેની કોઇ ચિંતા રહેતી નથી.

એટલે તેને આત્માના સ્વભાવનું મુદ્દલ સંવેદન થતું નથી.

જેનું સંવેદન થવું જોઇએ તેનું સંવેદન ન થાય અને ન થવું જોઇએ તે સંસારનું સંવેદન જેને થાય તે ભવાભિનંદી જીવ અવેદ્ય-સંવેદ્ય પદવાળો હોય.

ભવાભિનંદી જીવના આ અવેદ્ય-સંવેદ્યપદને પૂજ્યપાદે વજ્ર જેવું અભેદ્ય કહ્યું છે.

વજ્રના પરમાણુઓમાં મૃદુતા માટે લવલેશ અવકાશ-ખાલી જગ્યા હોતી નથી તેમ આ પદવાળા જીવમાં - આત્મભાવનો મુદ્દલ સ્પર્શ હોતો નથી. પરિણતિ હોતી નથી - અનુભૂતિ હોતી નથી. હોય છે માત્ર સંસારરસિકતા, સઘળું સુખ સંસારમાં છે એવી દૃઢ માન્યતા.

મિથ્યા આ સમજ જીવને ક્યારેય સ્વ-ઘરને યાદ કરવા દેતી નથી. પર-ઘરથી પાછો પડવા દેતી નથી.

ભવાભિનંદી જીવ કેવો હોય તે નીચેની ગાથા કહે છે :

**લોભી, કૃપણ, દયામણો જી,**
**માયી, મચ્છર, ઠાણ;**
**ભવાભિનંદી ભય ભર્યો જી,**
**અફલ-આરંભ અયાણ.** ..................મન. ૯

**અર્થ :** અવેદ્ય-સંવેદ્ય પદવાળો ભવાભિનંદી જીવ (૧) લોભી = સર્વત્ર યાચક, ધન છતાં નિર્ધન જેવો, (૨) કૃપણ = કોઇને દ્રવ્ય આદિ ન આપનાર, (૩) દયામણો = સર્વનું અહિત ઇચ્છનાર, (૪) માયી = કપટી, ગુપ્ત સ્વાર્થસાધક, (૫) મત્સરનું સ્થાન = પારકાના સુખે દુઃખી, (૬) ભવાભિનંદી = સંસારમાં આનંદ માનનાર, (૭) ભયભર્યો = સહુથી ભય પામતો રહેનાર, (૮) અયાણ = અજ્ઞાન - આ આઠ દોષવાળો હોય. અર્થાત્ આ આઠ દોષ જેનામાં હોય તે પ્રાણી ધર્મનો આરંભ તો કરી શકે, પણ તેના હૈયામાં ધર્મ ન હોવાથી તેનું પ્રણિધાન સંસાર હોવાથી તેમાં તે નિષ્ફળ નીવડે.

**ભાવાર્થ :** અવેદ્ય-સંવેદ્યપદ કેવા જીવને હોય તે આ ગાથામાં આપણે વાંચ્યું.

હવે આપણે આપણું હૈયું વાંચીએ. તેમાં આ આઠ દોષ પૈકી કયો દોષ કેટલા પ્રમાણમાં છે તે બરાબર જોઇ જવું જોઇએ.

ધનનો લાભ આપણને વળગેલો છે કે દાન કરવાની વૃત્તિ, માગતાં આપણો હાથ અચકાય છે કે નહિ, ધન હોવા છતાં આપણું વર્તન નિર્ધન માણસ જેવું છે કે અમીરાતભર્યુ - આ બધી જાતતપાસ દ્વારા એ નક્કી કરી શકીએ કે લોભરૂપી સર્પ આપણને કેવોક ડસ્યો છે.

તે સિવાય બાકીના સાતે દોષો આપણા જીવનમાં કેટલા પ્રમાણમાં છે તે તપાસીને તેને નાબૂદ કરવા માટે દાનાદિ

ગુણોમાં રૂચિ કેળવવી જોઇએ. આ ગુણોવાળા મહાપુરુષોની પ્રશંસા કરવી જોઇએ.

ગુણીજનના ગુણ ગાવાથી ગુણ તરફ આકર્ષણ જાગે છે, ગુણને ગ્રહણ કરવાની શક્તિ ખીલે છે, દોષ તરફ તિરસ્કાર જાગે છે.

દુઃખમય સંસારમાંથી મુક્ત થઇને સુખમય મોક્ષ મેળવવા માટે આ બધા ગુણોની પ્રાપ્તિ અનિવાર્ય છે.

સાંસારિક સુખની અપેક્ષાએ થતો ધર્મ, કર્મ-ક્ષયકારક નીવડતો નથી, પણ સંસાર વધારનારો નીવડે છે.

અનાદિ સંસારમાં ભમતા આ જીવે આવો ધર્મ તો ઘણો ય કર્યો છતાં હજી તેનો સંસાર છૂટ્યો નથી, તેનાં દુઃખ ઘટ્યાં નથી, જન્મ-મૃત્યુના ફેરા ઊભા જ છે.

મારે આત્મસ્વભાવમય બનવું છે. પરભાવને છોડી દેવા છે, એવા દૃઢ નિર્ધારપૂર્વક માણસ જ્યારે ધર્મની આરાધનામાં જોડાય છે, ત્યારે તે ધર્મ તેનું સુપરિણામ બતાવે છે, કર્મક્ષયકારી નીવડે છે. શાંતિ-સંતોષ-ક્ષમા આદિ ગુણો જીવનના અંગભૂત બને છે.

ભવની પૂજા માટે ભગવાનને પૂજવા એ તો જીવનને ટકાવવા માટે વિષપાન કરવા જેવો વિપરીત પ્રયાસ છે.

ઝેર જીવનને હણે છે, તેમ ભવાભિનંદીપણું ભગવાનની પૂજાને વિકૃત બનાવી દઇને ભવની જ વૃદ્ધિમાં પરિણમે છે,

માટે તેવી વૃત્તિ છોડીને ભગવાન બનવા ભગવાનને પૂજવા તે જ આપણો ધર્મ છે.

**એવા અવગુણવંતનું જી,**
**પદ છે અવેદ્ય કઠોર;**
**સાધુ-સંગ આગમ તણો જી,**
**તે જીતે ધરી જોર. ......................મન. ૧૦**

**અર્થ :** એવા પૂર્વોક્ત દોષવાળાને અવેદ્યપદ કઠોર - બહુ જ આકરું હોય. તેથી તે જીવને ગ્રંથિભેદ ન થાય ત્યાં સુધી તેને સૂક્ષ્મ બોધ પણ ન થાય, પરંતુ સાધુનો સંગ અને સિદ્ધાંતનું શ્રવણ આ બે હેતુ મળવાથી તે અવેદ્યપદને - ગાઢ મોહનીયને જોર કરીને જીતે, તેના ઉપર જય મેળવે.

ભાવાર્થ : ૯મી ગાથામાં વર્ણવ્યા તે દોષોવાળા જીવને અવેદ્યપદ બહુ જ અઘરું હોય. તાત્પર્ય કે તેને આત્મભાવનો આંશિક પણ સ્પર્શ, આંશિક પણ સંવેદન, આંશિક પણ અનુભૂતિ ન હોય. તેની ધર્મધ્યાનાદિ ક્રિયાઓ બગલા જેવી હોય. કારણ કે ઉક્ત દોષોનું અતિશય ગાઢ આવરણ તેને આત્મપદમાં જરા પણ રૂચિ પેદા થવા દેતું નથી.

રાગ-દ્વેષાદિરૂપ આ ચીકણી ગાંઠ, સુસાધુ ભગવંતોની સેવા અને સત્શાસ્ત્રોના શ્રવણ-મનનથી ભેદાય છે.

આત્મસાધનામાં મગ્ન સુસાધુઓની સેવા કરવાથી સંસાર સેવાની વૃત્તિ મોળી પડે છે.

આગમશાસ્ત્રોના શ્રવણ-મનનથી મનમાં આત્મ-વિચારણા પેદા થાય છે. રાગદ્વેષને પોષનારા વિચારોનું જોર ઓછું થાય છે.

અતત્ત્વનો રાગ અને તત્ત્વનો દ્વેષ એ બે મોટા દોષો આ રીતે પાતળા પડે છે એટલે પવનના જોરે વિખરાતાં વાદળો વચ્ચેથી સૂર્ય ડોકિયું કરતો પ્રતીત થાય છે તેમ મનમાં આત્મતત્ત્વનું સંવેદન થાય છે અને આમ અતિ કઠિન એવું અવેદ્યપદ કૂણું પડે છે.

તાત્પર્ય કે સુસાધુની સેવા અને આગમશાસ્ત્રોનું શ્રવણ - એ બે વડે રાગ-દ્વેષની ગાંઠને પણ ભેદી શકાય છે.

એ ગાંઠ ભેદાય છે એટલે આત્મા વેદાય છે, આત્માનુભૂતિ થાય છે. એક કાળે પરપદાર્થોમાં જે પ્રીતિ-રાગ રહેતો હતો તે હવે આત્મામાં કેન્દ્રીભૂત થવા માંડે છે. ભૌતિક સુખ મળતાં થતો હર્ષ અને જતાં થતો ખેદ હવે આત્માની ગુણોની પ્રાપ્તિમાં હર્ષ અને દોષ સેવાઇ જતાં ખેદ ધારણ કરે છે.

મતલબ કે સંસાર તરફનું સઘળું આકર્ષણ બદલાઇ જઇને આત્મા તરફ જાગે છે. આત્માના ગુણો તરફ રાગ જાગે છે. દોષો તરફ દ્વેષ જાગે છે.

એટલે સંસાર નગુણો લાગે છે. આત્મા સગુણો લાગે છે. આત્માના ગુણો માટે જીવન છે, એ સત્ય સમજાય છે અને તેમાં શ્રદ્ધા જામવાથી રાગ-દ્વેષના મળ ઝડપથી કપાવા માંડે છે.

તે જીત્યે સહજે ટળે જી,
વિષમ કુતર્ક વિચાર;
દૂર નિકટ હાથી હણેજી,
જેમ બે બઠર વિચાર..................મન. ૧૧

**અર્થ :** તે મોહનીય કર્મને જીતવાથી વિષમ-આકરા કુતર્ક પ્રકાર = માઠા તત્ત્વના વિચારો સહજ રીતે ટળી જાય.

બે બઠર અજ્ઞાની - મૂર્ખ હતા. તેઓને હાથી ઉપર બેઠેલા મહાવતે કહ્યું કે, 'તમે દૂર રહો, નહિંતર હાથી તમને મારી નાખશે.' તે સાંભળી તે બંને મૂર્ખોએ વિચાર કર્યો કે, 'હાથી પ્રાપ્ત થયેલાને હણે છે કે અપ્રાપ્તને હણે છે ? જો પ્રાપ્તને હણે છે તો મહાવતને હણે અને જો અપ્રાપ્તને હણે છે તો સામે આવનારને હણે.' એવો વિચાર કરે છે તેટલામાં હાથી આવ્યો અને તે બંનેને હણી નાખ્યા. આવા કુતર્કવાળા વિચારો સહેજે ટળી જાય.

**ભાવાર્થ :** જીવને સંસારમાં જકડી રાખનાર મોહનીય કર્મને જીતવાથી રાગ-દ્વેષવર્ધક સઘળા કુતર્કો દૂર થાય છે.

રાગ-દ્વેષથી ખરડાયેલું ચિત્ત અસત્‌ને સત્‌ માને છે, સત્‌ને અસત્‌ માને છે એટલું જ નહિ, પરંતુ તેની સાથે તે પ્રકારનો સંબંધ રાખે છે.

મનનું આ વિકૃત વલણ જીવને અનંત સંસારના કાદવમાં ઊંડે સુધી ખેંચી જાય છે.

બે મૂર્ખાઓના દાખલામાંથી આપણે બોધ એ લેવાનો છે કે, શ્રી જિનેશ્વરદેવે જીવાજીવાદિ તત્ત્વોનું જે સ્વરૂપ પ્રકાશ્યું

છે, તેની તે જ રીતે સદ્દહણા કરીને મતિને તે રીતે ગતિ કરવા દેવી જોઈએ. પાપ હેય છે, માટે તેનો ત્રિવિધે ત્યાગ કરવો જોઈએ. પુણ્ય ઉપાદેય છે, માટે તેને ત્રિવિધે ઉપાદેય માનવું જોઈએ. જીવ તત્ત્વને દૂભવવો ન જોઈએ. અજીવ તત્ત્વ સાથે પ્રીતિ ન કેળવવી જોઈએ.

નહિતર પેલા બે મૂર્ખ જેવી દુર્દશા આપણી થાય.

તાત્પર્ય શ્રી જિનોપદિષ્ટ તત્ત્વને આપણી મતિ કલ્પના મુજબ ઘાટ આપવાનું છોડી દઈને આપણે તેને જ અનુસરવું જોઈએ. તે તત્ત્વ સાથે આપણા મનનો મેળ બેસાડવો જોઈએ.

મોહનીય કર્મનો એ સ્વભાવ છે કે તે જીવને સંસારમાં ગળાડૂબ રાખે છે.

આત્માનો સ્વભાવ તેનાથી વિપરીત છે, તે જીવને શિવપદનું ઘેલું લગાડે છે.

આત્માના એ સ્વભાવનો સચોટ અનુભવ મોહનીય કર્મને જીતવાથી થાય છે. રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાવાથી થાય છે. પછી કુમતિ સુમતિ બને છે, દુર્ગતિ બંધ પડે છે. સુગતિનો માર્ગ સરળ બને છે, મુક્તિ હાથવેંતમાં રહે છે.

**હું પામ્યો સંશય નહીંજી,**
**મૂરખ કરે એ વિચાર;**
**આળસુઆ ગુરૂ-શિષ્યનો જી,**
**તે-તો વચન-પ્રકાર.......................મન. ૧૨**

**અર્થ :** 'હું તત્ત્વજ્ઞાન પામ્યો છું, તેમાં કાંઇ સંશય નથી.' એવા વિચાર મૂર્ખ હોય તે કરે. જેમ આળસુ ગુરૂ અને આળસુ શિષ્ય બંનેને પરસ્પર અનેક વચનના વાદ થતાં, ઉઠીને સ્વાધ્યાય કરી શક્યા નહિ. તેની પેઠે તે બાબત સમજવી.

**ભાવાર્થ :** 'અધૂરો ઘડો છલકાય', તેમ જે મૂર્ખ હોય તે એમ માને કે છદ્મસ્થને સંપૂર્ણ જ્ઞાન હોય.

અલ્પજ્ઞાનનો આ અહંકાર કદાગ્રહમાં પરિણમે છે, અનેક કુતર્કોને જન્માવે છે. આડી અવળી દલીલો દ્વારા તે કુતર્કને યથાર્થ સત્ય ઠેરવવાની દુર્બુદ્ધિ જગાડે છે.

એટલે વિવેકી માણસે સર્વજ્ઞ, વિતરાગ શ્રી જિનેશ્વરદેવના વચનમાં પૂરો વિશ્વાસ મૂકીને પોતાની મતિને તદનુરૂપ ગતિવાળી બનાવવી જોઇએ, પણ પોતાની મતિ-કલ્પના મુજબની માન્યતા એ જ સત્ય છે. એવા દુરાગ્રહને સેવવો ન જોઇએ.

પોતપોતાની માન્યતાનો પક્ષ કરીને તેને જ યથાર્થ ઠેરવવા માટે વાદવિવાદ કરવાથી સત્ય સુધી પહોંચાતું નથી પણ પોતપોતાની મિથ્યા માન્યતાની જ પુષ્ટિ થાય છે.

પોતે સંપૂર્ણ જ્ઞાની હોવાના ઘમંડમાં રાચતા ગુરૂ-શિષ્ય બંને વચ્ચે કોઇ એક પદાર્થના યથાર્થ સ્વરૂપ વચ્ચે વાદવિવાદ થયો. બંનેય હતા છદ્મસ્થ. એટલે ખૂબ-ખૂબ ગર્જીને દલીલો દ્વારા પોતપોતાના મતનું સમર્થન કરવા લાગ્યા. છતાં બંને એકબીજાને ખોટા ઠેરવીને સાચા ઠરવાની મિથ્યા વિચારણા ન

છોડી શક્યા અને એમ કરવામાં સ્વાધ્યાય કરવારૂપ સ્વધર્મ પણ ચૂકી ગયા.

કદાગ્રહી જીવો લગભગ આ રીતે જીવન પૂરું કરતા હોય છે.

આ કદાગ્રહ જીવનો મહાશત્રુ છે.

જે તર્ક તત્ત્વ સાથે સંવાદ સાધી શકે છે તે જ ઉપકારક છે. તત્ત્વ સાથે વિસંવાદ વધારનારા કુતર્કોને છોડીને શ્રી જિનેશ્વર દેવના વચનોના સંગ્રહરૂપ શાસ્ત્રો અને તેના ઉપદેષ્ટા ભગવંતોના તદનુરૂપ ચારિત્ર ઉભયમાં શ્રદ્ધા સ્થાપવી જોઈએ.

આ શ્રદ્ધા વડે પુષ્ટ થયેલું મન, આત્મતત્ત્વનું પક્ષકાર બને છે અને સંસારના હેતભૂત કદાગ્રહને સર્વથા છોડી દે છે.

તાત્પર્ય કે આગમ-વચનને અનુસરનારી બુદ્ધિ સર્વથા ઉપાદેય છે.

**ધી જે તે પતિ આવવું જી,**
**આપ-મતેં અનુમાન;**
**આગમને અનુમાનથી જી,**
**સાચું લહે સુજ્ઞાન. ......................મન. ૧૩**

**અર્થ :** તેથી જે જીવ પોતાની બુદ્ધિએ પ્રત્યય ઉપજાવે અર્થાત્ પોતાના અનુમાન પ્રમાણે પોતાની મતિપૂર્વક નિશ્ચય કરે, તે કાંઈ પણ તત્ત્વ ન પામે અને જે આગમ પ્રમાણથી પ્રવિણ ગુરૂના અભિપ્રાય પ્રમાણે પ્રત્યય ઉપજાવે-નિશ્ચય કરે, તે જ સુજ્ઞાન-ઉત્તમ તત્ત્વજ્ઞાનને પ્રાપ્ત કરે.

ભાવાર્થ : ચૌદ પૂર્વધર મહર્ષિઓથી માંડીને પ્રથમ ગુણસ્થાનક સુધીના આરાધક આત્માઓ જેને પ્રમાણભૂત માનીને ધર્મની આરાધના કરે છે, તે આગમોને પ્રમાણભૂત માનવા તેમાં માનવભવ, માનવબુદ્ધિ, માનવશક્તિ અને માનવ સમયની સાર્થકતા છે.

સીમિત બુદ્ધિનો વૈજ્ઞાનિક એમ કહે કે, 'મેં મોકલેલું યાન ચંદ્રલોકમાં જઇ આવ્યું' તો તેના તે વચનને પ્રમાણભૂત ગણીને માની લેવું અને તે બાબતમાં આગમ શું કહે છે તે જાણવાની દરકાર પણ ન રાખવી તે બુદ્ધિનું લીલામ છે.

સંસારરસિક જીવ સોનાને જીવનાધાર સમજે છે, તેમ મુક્તિરસિક જીવ આગમવચનને સર્વેસર્વા સમજે છે.

સર્વજ્ઞ, વીતરાગ શ્રી જિનેશ્વરદેવનું વચન ત્રિકાલાબાધ્ય હોઇને તેમના વચનોના સંગ્રહરૂપ આગમોમાં વિશ્વાસ મૂકવો તે પોતાની માતાના ખોળે માથું મૂકવા જેવું સલામત કાર્ય છે.

એટલે તો શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને ત્રિવિધે સમર્પિત થયેલા સાધુ ભગવંતોએ શ્રી આગમશાસ્ત્રોને પોતાની આંખ બનાવીને આરાધનામય જીવન જીવવાનું ફરમાન છે.

આગમમાં વિશ્વાસ એટલે ત્રિલોકપતિ શ્રી જિનેશ્વરદેવમાં વિશ્વાસ. કારણ કે શ્રી જિનેશ્વરદેવના શ્રીમુખે ત્રિપદી સાંભળીને ગણધર લબ્ધિના સ્વામી એવા શ્રી ગણધરભગવંતો તેની સૂત્રરૂપે રચના કરે છે.

એટલે આગમવચનને પ્રમાણભૂત માનીને જીવન જીવનારો પુરુષ પ્રમાણભૂત ઠરે છે, સાચો ધીમાન-બુદ્ધિમાન ગણાય છે.

દીપ્રાદૃષ્ટિવાળો જીવ પોતાની દૃષ્ટિ કરતાં વધુ પ્રમાણભૂત આગમ દૃષ્ટિને ગણે છે અને તે દૃષ્ટિનો દોર ઝાલીને મુક્તિમાર્ગમાં આગળ વધે છે અને કેવળ પોતાની દૃષ્ટિને સહારે આરાધના કરનારા મુક્તિમાર્ગમાં એક ડગલું પણ આગળ વધી શકતા નથી.

અજાણ્યા પ્રદેશમાં પ્રવાસે નીકળેલા પ્રવાસીને ભોમિયાની આંખે ચાલવું પડે છે, તેમ લોકોત્તર એવા ધર્મના માર્ગમાં આગમવચનને પોતાની આંખ બનાવીને ચાલવાથી પ્રવાસીની જેમ, આરાધક આત્મા પણ નિર્વિઘ્ને ઇષ્ટ સ્થાનરૂપ મોક્ષને પ્રાપ્ત કરે છે.

આ દુનિયાના કહેવાતા કોઇ પણ બુદ્ધિશાળી માણસની વાત સાંભળીને સ્વીકારી લેતા પહેલા એ બાબતમાં આગમ શું કહે છે, એ આગમ રહસ્યવિદ્ ગુરૂ મહારાજ પાસે જાણી લેવાથી એ વાત આત્મહિતકારી છે કે નહિ તે સારી રીતે સમજાય છે અને તે પછી તેનામાં વિશ્વાસ મૂકવાનો નિર્ણય લેવાથી આત્માનું અહિત થતું અટકાવી શકાય છે.

વિજ્ઞાનવાદના નામે આજે અનાત્મવાદ વધુ ફાલ્યો છે. સ્વર્ગ-નરક, આત્મા, મોક્ષ આદિ અતીન્દ્રિય પદાર્થોમાં ઘણી ગેરસમજ પ્રવર્તે છે. પાપ-પુણ્યને દેશ-કાળની પેદાશ કહી દેનારા અનેક 'વાદો' પેદા થયા છે, એટલે આપણે આગમ અને આગમાનુસારી જીવન જીવનારા સાધુ ભગવંતો ઉભયને

વિશ્વસનીય, પ્રમાણભૂત અને આશ્રયરૂપ માનીને બુદ્ધિને ઘડીએ તે આપણા સર્વકાલીન હિતમાં છે.

શ્રી જિનપ્રતિમા અને શ્રી જિનાગમ એ જ ભવ્ય જીવને તરવાનાં સર્વ શ્રેષ્ઠ આલંબન છે, તેની શરણાગતિમાં જ જીવની સદ્‌ગતિ છે.

**નહી સર્વજ્ઞ જૂજૂઆ જી,**
**તેહના જે વળી દાસ;**
**ભગતિ દેવની પણ કહી જી,**
**ચિત્ર અચિત્ર પ્રકાશ....................મન. ૧૪**

**અર્થ :** દીપ્રાદષ્ટિવાળો ભવભીરુ આત્મા વિચાર કરે કે, 'સર્વજ્ઞ વીતરાગદેવ જુદા જુદા હોતા નથી, ગુણે કરીને એક જ હોય છે. તેઓ અવિતથવાદી - સત્યવાદી હોય છે. તેમના જેઓ દાસ = સર્વજ્ઞ શાસનના આરાધનારા છે. તેઓને તો વીતરાગદેવની ભક્તિ પણ કરવાની કહી છે. તેમાં એક ચિત્રભક્તિ છે અને બીજી અચિત્રભક્તિ છે.

**ભાવાર્થ :** સર્વજ્ઞ વીતરાગ શ્રી જિનેશ્વરદેવો નામે કરીને જુદા હોય છે. ગુણ કહીને એક હોય છે.

ચરમ તીર્થપતિ શ્રી મહાવીરસ્વામી પરમાત્મામાં પરમાત્મા તરીકેના જે સર્વ ગુણો છે, તે જ ગુણો પ્રથમ તીર્થંકરદેવ શ્રી ઋષભદેવસ્વામીમાં પણ છે.

આ કારણે સર્વજ્ઞ શાસનના આરાધકોને આરાધનામાં કોઇ મૂંઝવણ થતી નથી.

દેવતત્ત્વની જે મૂળભૂત વ્યાખ્યા છે, તેમાં સર્વકાળના સર્વ શ્રી તીર્થંકરદેવો આવી જાય છે.

એટલે શ્રી મહાવીરસ્વામી પ્રભુની ભક્તિ કરનાર આત્માને, શ્રી ઋષભદેવસ્વામી યા શ્રી પાર્શ્વનાથ પ્રભુને ભજવામાં આંતરિક કોઇ વિસંગતિ સ્પર્શતી નથી, તેમજ શ્રદ્ધાભ્રષ્ટ થવાનું કોઇ કારણ રહેતું નથી.

તેમ છતાં શ્રી જિનેશ્વરદેવની ભક્તિ કરનારા બધા આત્માઓની કક્ષા એકસરખી હોતી નથી એટલે તેમાંના કેટલાક મુક્તિના શુદ્ધ લક્ષ્યપૂર્વક ભક્તિ કરે છે, બાકીના સાંસારિક સુખોની પ્રાપ્તિના લક્ષ્યપૂર્વક ભક્તિ કરે છે.

મુક્તિના લક્ષ્યપૂર્વકની જિનભક્તિને અચિત્ર ભક્તિ કહે છે.

સાંસારિક સુખોના લક્ષ્યપૂર્વકની જિનભક્તિને ચિત્રભક્તિ કહે છે.

**દેવ સંસારી અનેક છે જી,**
**તેહની ભક્તિ વિચિત્ર;**
**એક રાગ પર દ્વેષથી જી,**
**એક મુગતિની અચિત્ર..................મન. ૧૫**

અર્થ : જે વીતરાગભાવ પામ્યા નથી અને સંસારમાં

'દેવ' નામ ધરાવે છે, એવા અનેક દેવો છે અને તેમની ભક્તિ પણ વિચિત્ર અનેક પ્રકારની છે.

એક રાગથી ભક્તિ, બીજી દ્વેષથી ભક્તિ, તેથી સર્વ વિચિત્ર ભક્તિ સમજવી.

કેવળ એક વીતરાગ પરમાત્માની ભક્તિ, તે મુક્તિ નિમિત્ત હોય છે, તે અચિત્ર ભક્તિ કહેવાય.

**ભાવાર્થ :** મનુષ્યલોકની જેમ નારકલોક અને સ્વર્ગલોક એ પણ જીવનો સંસાર જ છે. ત્યાં જનારને પણ જન્મ-મરણ કરવાં પડે છે.

આ બંને લોકમાં પણ દેવો હોય છે, પણ તેઓ વીતરાગભાવને પામેલા નથી હોતા.

આ દુનિયાના અનેક જીવો તેમને ભજે છે. તેમાંના કેટલાક રાગથી ભજે છે, કેટલાક દ્વેષથી ભજે છે.

આ જાતની ભક્તિ, શુદ્ધ ભક્તિસ્વરૂપ નથી હોતી, પણ અશુદ્ધ હોય છે, વિચિત્ર હોય છે, વિકૃત પ્રકારની હોય છે.

જ્યાં સુધી ચિત્ત ચોક્ખું નથી હોતું, પણ તેમાં જુદા જુદા સ્થૂલ આશયોનાં ચિત્ર હોય છે, ત્યાં સુધી તે ચિત્ત વડે અચિત્ર ભક્તિ નથી થઇ શકતી.

કાણાવાળી નાવમાં બેસીને સાગરને તરવાની આશા નિષ્ફળ નીવડે છે, તેમ સદોષ દેવ-દેવીઓને ભજવાથી મુક્તિની આશા નથી ફળતી.

જો કે છદ્મસ્થ દેવોને ભજવાની આશા કે ઇચ્છા થવી એ જ આંતરિક નિજ સદોષતાની નિશાની છે. સ્વર્ગના સુખની લાલસા એ પણ એક દોષ જ છે.

એટલે મુક્તિકામી આત્મા એક વીતરાગ, સર્વજ્ઞ શ્રી અરિહંત પરમાત્માને જ ભજે છે.

મેટ્રીકમાં પાસ થવા માટે ગુજરાતી ચોથી ભણાવતા શિક્ષકનું આલંબન કામમાં નથી આવતું, તેમ મુક્તિને પ્રાપ્ત કરવા માટે સ્વર્ગ, માનવ યા દેવ - એ ત્રણમાંથી કોઇ પણ લોકમાં રહેલા કહેવાતા દેવનું આલંબન કામ નથી આવતું.

આવા દેવોની ગમે તેવી સુંદર ભક્તિ કરવામાં આવે તો પણ મુક્તિ તો ન જ મળે. જન્મ-મરણના ફેરા ન ટળે, કારણ કે તેમણે જે પદને પ્રાપ્ત નથી કર્યું, તે પદ તેઓ તેમને ભજનારને કઇ રીતે આપી શકે ?

ચક્રવર્તી જે દાન આપી શકે તે સામાન્ય શ્રીમંત ન આપી શકે, તેમ વીતરાગદેવને ભજતાં જે પદ મળે તે સામાન્ય દેવને ભજવાથી ન મળે.

કેવળ મુક્તિના આશયપૂર્વક શ્રી વીતરાગ પરમાત્માની ભક્તિ કરવી તે અચિત્ર ભક્તિ છે.

તે સિવાયની ભક્તિ ચિત્ર ભક્તિ છે.

ચિત્રભક્તિમાં ચિત્ત રાગ-દ્વેષથી ખરડાયેલું રહે છે.

અચિત્ર ભક્તિમાં ચિત્ત ચોક્ખું હોય છે. તેમાં સિદ્ધશિલાનું દર્શન ઝીલાય છે. પરમપદની પવિત્ર ભાવના છલકાય છે.

'છોડી સકળ સંસાર, મારે જાવું પેલે પાર.'

એ જ એક ઉદ્ગાર આ ભક્તિથી ભરેલા હૈયામાં હોય છે અને એ જ સાચી સો ટચની શુદ્ધિ ભક્તિ છે.

**ઇંદ્રિયાર્થગત બુદ્ધિ છે જી,**
**જ્ઞાન છે આગમ હેત;**
**અસંમોહ શુભ કૃતિ ગુણે જી,**
**તેણે ફળ ભેદ સંકેત....................મન. ૧૬**

**અર્થ :** એ રીતે ભક્તિ બે પ્રકારની છે. તેના ફળભેદ પણ અનેક પ્રકારના છે.

જેમકે કોઇ પ્રાણીની બુદ્ધિ ઇન્દ્રિયના વિષયોમાં જ પહોંચે છે. કોઈની બુદ્ધિ જ્ઞાનપ્રાપ્તિ માટે આગમમાં પ્રવેશ કરવા નિમિત્તે થાય છે. કોઈને અસંમોહ પણ થાય છે અને તેથી તે શુભકૃતિરૂપ ગુણો પ્રાપ્ત કરે છે. એવા અનેક પ્રકારે ફળભેદના પણ બહુ સંકેતો છે.

**ભાવાર્થ :** આપણી બુદ્ધિ કયા વિષયમાં કામ કરે છે, આપણે કયા વિષયમાં ખરેખર પારંગત છીએ, આપણું મન સહજપણે ક્યાં જઇને ઠરે છે, કોઇ એકાએક આવીને આપણને પૂછે કે, તમે કયા હેતુ માટે જીવો છો ? તો આપણો શો જવાબ હોય ?

આવા-આવા પ્રશ્નો આપણી જાતને પૂછીને આપણે ખરેખર કયા માર્ગના પ્રવાસી છીએ, તે નક્કી કરી શકીએ.

અને જો તેમાંથી સાર એ નીકળતો હોય કે હજી મારી બુદ્ધિ તત્ત્વચિંતનમાં કામ નથી કરતી પણ વિષયોના વિચારમાં દોડધામ કરે છે, સંસારના ક્ષણિક સુખો મેળવવા માટે સક્રિય રહે છે, પણ મોક્ષના અક્ષય સુખને માટે મુદલ રૂચિવાળી નથી. આગમના આધારે જીવન ઘડવાને બદલે, લૌકિક પુસ્તકોને આધાર બનાવનારી બુદ્ધિ પણ જીવને સંસારના બંધનમાંથી છોડાવી નથી શકતી, પણ વધુ બંધનગ્રસ્ત બનાવે છે.

મોક્ષમાર્ગના પ્રવાસીને તો સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં અખંડ રૂચિવાળી બુદ્ધિ હોય.

તેવી બુદ્ધિવાળા આપણે બનવાનું છે.

**આદર કિરિયા રીત ઘણી જી,**
**વિઘન ટળે મિલે લચ્છી;**
**જિજ્ઞાસા બુદ્ધ-સેવના જી,**
**શુભ-કૃતિ-ચિહ્ન પ્રત્યચ્છિ. ..............મન. ૧૭**

**અર્થ :** (શુભ કૃતિના ગુણોનું સ્વરૂપ કહે છે.)

વિધિપૂર્વક ક્રિયામાં અત્યંત આદર-પ્રીતિ ઉપજે, શુદ્ધ ક્રિયામાં અતિ ઉદ્યોગ હોય, હર્ષ પણ ઘણો હોય. તેવા વર્તનથી કર્માવરણનાં વિઘ્નો ટળે અને અક્ષયભાવી મોક્ષરૂપ લક્ષ્મી મળે વળી તત્ત્વજ્ઞાન જાણવાની જિજ્ઞાસા થાય. બુદ્ધ એટલે જ્ઞાની

પુરુષના ચરણની સેવા કરવાની ઇચ્છા થાય. ઇત્યાદિ શુભ કૃતિનાં ચિહ્નો પ્રત્યક્ષ જાણવાં.

**ભાવાર્થ :** રાગ-દ્વેષ, મોહ, અજ્ઞાન, મિથ્યાત્વ આદિ દોષો પાતળા પડતાં, વિચાર, વાણી અને વર્તનરૂપ જીવનમાં શુભ ભાવ સાકાર બને છે. એ ભાવ, જીવને શુભ કરણી સાથે જોડે છે.

અર્થાત્ એ જીવને દેવ-ગુરૂની વિધિપૂર્વકની ભક્તિમાં અત્યંત પ્રીતિ ઉપજે છે.

કેવા સરસ છે આ દેવ ! નહિ રાગ, નહિ દ્વેષ, નહિ અજ્ઞાન, નહિ મોહ. સર્વ દોષરહિત પરમ પુરુષ - પરમાત્મા ! એ મને ભજવા મળ્યા, પછી મારો આનંદ અમર્યાદ બને તેમાં શી નવાઇ ?

આમ ચિંતવતો તે અત્યંત હર્ષ, પ્રીતિ અને પૂરી વિધિપૂર્વક તેમની ભક્તિમાં શ્રેષ્ઠનિજ સમયનો સઘળો શ્રેષ્ઠ ભાગ સતતપણે સાર્થક કરતો રહે, તેમાં જેટલો અધિક સમય વ્યતીત થાય, તેટલો અધિક ઉમંગ તેના અંતઃકરણમાં ઉભરાય, પણ થાક કે કંટાળો ન આવે. ઘડિયાળ સામે જોવાનું મન ન થાય.

સાચા ભાવથી દેવાધિદેવની ભક્તિ કરવી એ દેવદુર્લભ માનવભવનો શ્રેષ્ઠ અવસર છે. એ અવસરને વધુમાં વધુ શી રીતે દીપાવી શકાય તે જાણવા માટે તે ગીતાર્થ ગુરૂ ભગવંત પાસે જાય. તેમને વિધિપૂર્વક વંદન કરે. પુનઃ સુખશાતા

પૂછીને, ઉચિત આસને બેસે. પછી બે હાથ જોડીને ઉત્તમ જિનભક્તિના માર્ગો પૂછે.

પ્રગટેલો શુભભાવ આ રીતે પ્રગટ થાય છે. અશુભ એવા સંસારના કાદવમાં તેનો જરા પણ દુરૂપયોગ કરવાનો દુર્વિચાર આવા જીવને આવતો નથી અને કદાચ આવી જાય છે તો જાણે પગે વીંછી વળગ્યો તેવા સંવેદન સાથે તે, તે વિચારને તત્કાલ તરછોડી દે છે.

તાત્પર્ય કે મોહના મંદ આવરણવાળા જીવને ઓળખવાનાં આ શુભ ચિહ્નો છે.

માલિકની ભક્તિમાં મન મૂકીને નાચનારા જ મોહને નચાવી શકે છે, એ સત્યનો સ્વીકાર કરીને આપણે ઉત્તમ અધ્યવસાયવાળા બનીએ, મૈત્રીપૂર્ણ ભક્તિના રાગી બનીએ !

આવા શુભ વર્તનથી કર્મનાં આવરણો કપાય છે. આત્મા શુદ્ધ થાય છે અને અજર અમર પદે પહોંચાય છે.

**બુદ્ધિ-ક્રિયા ભવ-ફળ દીયે જી,**
**જ્ઞાન-ક્રિયા શિવ-અંગ;**
**અસંમોહ-કિરિયા દીયે જી,**
**શીઘ્ર મુગતિફલ ચંગ. ..................મન. ૧૮**

**અર્થ :** ઇંદ્રિયાર્થગત ક્રિયા ભવ-સંસારફળ આપે છે. જ્ઞાન-ક્રિયા મોક્ષનું અંગ છે. તે જ્ઞાનપૂર્વક-અસંમોહ ક્રિયારૂપ

ચારિત્ર શીઘ્ર એટલે તત્કાલ ચંગ એટલે મનોહર મુક્તિ-ફળ આપે છે. કહ્યું છે કે—

'ज्ञानस्य फलं विरति-विरति फलं संवरोद्बोधः ।

संवरफलं क्रियानिवृत्तिः, क्रिया निवृत्तेरयोगित्वम् ॥ १ ॥'

જ્ઞાનનું ફળ વિરતિ છે, વિરતિનું ફળ સંવરનો ઉદ્બોધ છે, સંવરનું ફળ પાપ-ક્રિયાથી નિવૃત્ત થવું તે છે અને ક્રિયાથી નિવૃત્તિનું ફળ અયોગીપણું - મોક્ષ છે.

**ભાવાર્થ :** જેવા ઉમંગ-રંગે મન ભગવાનને ભજે છે, તેવું ફળ તેને મળે છે.

જો ઉમંગમાં સંસાર ઉછાળો મારતો હોય છે, ઇન્દ્રિયોના વિષયો સેવવાની લાલસા હોય છે, કીર્તિ અને કંચનની ખેવના હોય છે, તો તેનું તેવું જ ફળ તે જીવને મળે છે.

અનાદિ સંસારમાં ભમતા જીવે આવી તુચ્છ વૃત્તિમય ભક્તિ તો ઘણી મે કરી, છતાં તે સુખી ન થયો, તેનું દુઃખ નાશ ન પામ્યું. હજી તો તેને જન્મવું પડે છે. ઘડપણ વેઠવું પડે છે, મરવું પડે છે અને બીજા અગણિત દુઃખો ભોગવવા પડે છે.

મતલબ કે સંસારના સુખને હૈયામાં રાખીને શ્રી જિનેશ્વર દેવની ભક્તિ કરવી તે દાનવીર પાસે દમડી માગવા જેવી તુચ્છ વૃત્તિ છે.

આવી ભક્તિથી સંસાર ઘટે નહિ, પણ વધે.

સમ્યગ્જ્ઞાન અને ક્રિયાપૂર્વકની ભક્તિથી કર્મો કપાય છે, કષાય ક્ષીણ થાય છે. રાગ-દ્વેષ મંદ પડે છે. સંસારાસક્તિ મોળી પડે છે.

સમ્યગ્ જ્ઞાન તે દેવાધિદેવના ગુણોનું, ઉપકારોનું યથાર્થ જ્ઞાન.

હાર્દિક ભક્તિ, હૃદયમાં દેવાધિદેવના ઉપકારો વસી જાય છે ત્યારે શરૂ થાય છે. દેવાધિદેવના અનંત ગુણોની ગંગામાં મન સ્નાન કરતું થાય છે ત્યારે સાચી ભક્તિ સાકાર બને છે.

'હું અવગુણથી ભરિયો, તું ગુણગણનો દરિયો.'

એવા સમ્યગ્જ્ઞાનપૂર્વકની ક્રિયાને મુક્તિના અંગભૂત કહી છે અને અસંમોહ ક્રિયારૂપ ચારિત્રને શીઘ્ર મુક્તિફળ દાયક કહ્યું છે.

આ ચારિત્રની પ્રાપ્તિ માટેની લાયકાત સમ્યગ્ જ્ઞાનપૂર્વકની ક્રિયામાંથી જન્મે છે.

પાપ કાર્યમાં રૂચિ ઘટવાથી ધર્મકાર્યમાં રૂચિ વધે છે.

પાપ અકાર્ય છે એવા સમ્યગ્જ્ઞાનમાંથી ધર્મ સત્કાર્ય હોવાનું ભાન જન્મે છે.

જે વિચાર, વાણી તેમજ વર્તનથી આત્મા દૂભાય તે પાપ.

સ્વ સ્વરૂપની પ્રાપ્તિથી આત્માને પાછો પાડે તે બધા જ પાપ છે. તેમાં પરભાવરમણતા, બહિરાત્મભાવ, વિષય-કષાયના સેવનની વિચારણા, જડનો રાગ, જીવનો દ્વેષ, ગુણીજન મત્સર, સુખીજન દ્વેષ વગેરેનો સમાવેશ થાય છે.

ઊંચા ગુણસ્થાનને પહોંચીને મુક્તિરૂપી ફલને પકડવા માટે, ઊંચા ગુણોને નિજ અંગભૂત બનાવવા માટે છે. દયા-સત્ય, સંયમ, સમતા આદિને જીવનનું જીવન બનાવવું પડે છે.

આવા જીવનના ચરમ શિખરે પહોંચેલા પરમાત્મા શ્રી જિનેશ્વરદેવને ઉચ્ચ અધ્યવસાયપૂર્વક ભજતા રહેવાથી ઉક્ત ગુણોની પ્રાપ્તિ થાય છે અને કાળક્રમે સર્વકર્મક્ષય કરતો આત્મા પરમાત્મા બને છે.

**પુદ્‌ગલ રચના કારમી જી,**
**તિહાં જસ ચિત્ત ન લીન;**
**એક માર્ગ તે શિવ તણો જી,**
**ભેદ લહે જગ દીન......................મન. ૧૯**

**અર્થ :** સમસ્ત પુદ્‌ગલની રચના કારમી એટલે નિર્માલ્ય જાણી અર્થાત્ બાળકે રચેલા ધૂલિગૃહ જેવી અસાર જાણી, તેમાં જેનું ચિત્ત લાગે નહિ અર્થાત્ તેમાં જરા પણ આસક્ત ન થવું તે જ એક મોક્ષનો માર્ગ છે. તે માર્ગમાં જે પ્રાણી ભેદ માને તે જગતમાં દુઃખી જાણવા.

**ભાવાર્થ :** વાહ વાહ પૂ. ઉપાધ્યાયજી ભગવંત ! આજે શું સરસ ચિત્ર દોર્યું છે સંસારના સ્વરૂપનું !

આ સંસાર સાચે જ પુદ્‌ગલની બાજીરૂપ છે. પુદ્‌ગલોની જ વિવિધ પ્રકારની રચનાઓ સર્વત્ર નજરે ચઢે છે.

ચોમાસાના દિવસોમાં બાળકો ભીની માટીનું ઘર બનાવીને 'ઘર-ઘર' રમે છે. તેનાથી વિશેષ આ સંસાર નથી જ.

એટલે આવા સંસારને અસાર માની તેમાં ન લેપાવું તે આત્માર્થીનું લક્ષણ છે.

જેઓ આ સંસારને આ રીતે જોતા-જાણતાં તેમજ મૂલવતા નથી, પણ બીજી રીતે જુએ છે, જાણે છે તેમજ મૂલવે છે તેઓ બધા દુઃખી થાય છે.

પડછાયાને પકડવાથી પદાર્થ હાથમાં આવતો નથી તેમ પુદ્‌ગલની રચનારૂપ પદાર્થોમાં આસક્ત થવાથી આત્મ-પદાર્થ હાથમાં આવતો નથી.

સરવાળે ખરી પડવાના સ્વભાવવાળા પુદ્‌ગલોની રચનાઓમાં આસક્ત થવાય છે તો આત્મા પીડાય છે, દબાય છે. પાપગ્રસ્ત થાય છે. અધિક પરાધીન બને છે.

જેના અસંખ્ય પ્રદેશોમાંથી કોઇ એક પણ પ્રદેશમાં કોઇ કાળે કશી વધઘટ થતી નથી, જેના જે ગુણો છે તે કોઇ કાળે ક્ષીણ થતા નથી. ઉપયોગરૂપ જેનું લક્ષણ, નિગોદમાં પણ અકબંધ રહે છે. જેનામાં લોકાલોક પ્રકાશ + અનંત જ્ઞાન રહે છે. કાળ પણ જેને કાંઇ કરી શકતો નથી એવા શાશ્વત આત્માને જોવા, જાણવા અને માણવામાં જ સાચું જીવન છે, અખંડ આનંદ છે. તે જ શ્રેષ્ઠ ધર્મ છે અને તે જ મુક્તિનો માર્ગ છે.

સંસારાતીત તત્ત્વ તો 'નિર્વાણ' સંજ્ઞાથી ઓળખાતું એવું પરમ તત્ત્વ છે અને તે તો શબ્દભેદ છતાં તત્ત્વથી નિયમે કરીને એક જ છે.

એટલે નિર્વાણ તત્ત્વમાં તત્ત્વતઃ કોઇ ભેદ છે જ નહિ. તે તત્ત્વથી પર કોઇ તત્ત્વ છે જ નહિ.

પરમપદ કહો કે સર્વકર્મક્ષયજન્ય મુક્તિ કહો. મોક્ષ કહો કે નિર્વાણ કહો - આ બધા શબ્દો તત્ત્વથી સંસારાતીત આત્માવસ્થાના દ્યોતક છે. પણ તેમાં તાત્ત્વિક કોઇ ભેદ નથી.

તેમાં ભેદ પાડવાથી સંસારને ભેદવાની આત્માની દૃષ્ટિ ધૂંધળી બની જાય છે અને સંસારમાં દુઃખી થવાય છે.

હું આત્માનંદી, પુદ્ગલાનંદી નહિ જ બનું, એવા નિશ્ચયપૂર્વક આપણે આત્માને જ આત્મભાવે આરાધવાનો છે.

**શિષ્ય ભણી જિન દેશના જી,**
**કહે જન-પરિણતિ-ભિન્ન;**
**કહે મુનિની નય-દેશના જી,**
**પરમારથ થી અભિન્ન..................મન. ૨૦**

**અર્થ :** શ્રી વીતરાગ પરમાત્માની દેશના ગણધરપ્રમુખ શિષ્ય તથા તીર્થસ્થાપનાદિ કાર્ય માટે હોય છે. 'अगिलाणाए धम्मदेसणाए तित्थंकरनामकम्मं वेइज्जइ ।' इति आगमवचनात् । અગ્લાનપણે ધર્મદેશના આપવાથી તીર્થંકર નામકર્મ વેદાય છે.

તે દેશના સર્વ મનુષ્યાદિ સાંભળે, પણ સાંભળનારાની પરિણતિ ભિન્ન ભિન્ન હોય.

મુનિરાજની દેશના પણ નયે-નયે ભિન્ન ભિન્ન હોય, પરંતુ તેઓ સર્વ પરમાર્થે - સ્યાદ્‌વાદ મુદ્રાએ અભિન્ન-એક સ્વરૂપ હોય.

**ભાવાર્થ :** વરસાદ વરસે બધે, પણ એકસરખો ઝીલાય નહિ. છીછરા વાસણમાં ઓછું પાણી ઝીલાય, ઊંડા વાસણમાં અધિક જળ ઝીલાય. ડુંગરાઓ જરા પણ પાણી ન સંઘરી શકે, સરિતા અધિકાધિક જળ સંઘરી શકે અને સાગરની તો વાત જ ન થાય.

આમ પાત્ર ભેદે જળસંચયના પ્રમાણમાં વધઘટ રહે, પણ જળ તો એનું એ જ હોય. જળમાં કોઈ ભેદ ન રહે.

તેમ શ્રી વીતરાગ પરમાત્માની દેશના સાંભળે તો કરોડો જીવો, પણ તે બધા જીવોને એકસરખી પરિણતિ ન થાય. પરિણતિનો આધાર પાત્રતા ઉપર છે. દેશનાને પચાવવાની ક્ષમતા ઉપર છે.

જો કે અનંત ઉપકારી શ્રી તીર્થંકર ભગવંતોની મુખ્યત્વે ગણધરપ્રમુખ તેમના શિષ્યો માટે તથા તીર્થ સ્થાપનાદિ કાર્યો માટે હોય છે અને પછી તે દેશનારૂપી અમૃત તેઓ મારફત સઘળા જીવો રહેનારા ભાગ્યશાળી જીવો તે દેશના સાંભળીને પોતપોતાની પાત્રતા અનુસાર સદ્‌બોધ પામે છે.

શ્રી તીર્થંકર ભગવંતો અગ્લાનપણે દેશના આપતા હોય છે. એ આગમવચનનું તાત્પર્ય એ છે કે દેશના આપવાના અહંકારથી પર રહીને દેશના આપવા દ્વારા તેઓશ્રી તીર્થંકર નામકર્મને વેદે છે. ઉદયમાં આવેલું કર્મ વેદાય છે ત્યારે જ ભવસ્થિતિનો અંત આવે છે.

શ્રી તીર્થંકરદેવો આ વેદન પણ અગ્લાનપણે કરે છે. આત્મસ્વભાવમાં રહીને કરે છે.

આ ગાથા મુખ્યત્વે દેશનાના પરમાર્થ તરફ અંગુલિનિર્દેશ કરે છે. એટલે તે જ મુદ્દાને કેન્દ્રમાં રાખીને આપણે વિચારવાનું એ છે કે, પાત્રની પાત્રતાના ભેદે એકનું એક જળ બધે એકસરખું ઝીલાતું નહિ હોવા છતાં તે જળનો પરમાર્થ તો એક જ રહે છે.

તેમ શ્રી તીર્થંકર પરમાત્મા તથા સાધુ ભગવંતોની જુદા જુદા નયે અપાતી દેશના, જનગણતલે પોતપોતાની પાત્રતા અનુસાર ઝીલતા હોય, પણ તેનો પરમાર્થ તો એક જ હોય છે.

તાત્પર્ય કે એ બધી દેશનાનો સાર તો સર્વ કર્મ ખપાવીને મુક્તિને વરો !' એ જ હોય છે.

પાત્રભેદે પરિણતિમાં ફેર પડે, પણ તત્ત્વમાં ફેર ન જ પડે.

મતલબ કે ઉપદેશ મહર્ષિઓ ગમે તે એક નયને લઈને ઉપદેશ આપતા હોય, તો પણ તેનો અંતિમસાર તો એક જ હોય.

'સંસાર અસાર છે' એ સમજાવવા માટે ભલે ગમે તે નયને આગળ કરે પણ તેમાંથી ધ્વનિ તો એ જ નીકળે કે 'સંસાર અસાર છે.'

પરમાર્થમાં ભેદ જોવાથી મૂળ માર્ગ ચૂકી જવાય છે. ઉન્માર્ગે ચઢી જવાય છે.

દીપ્રાદષ્ટિવાળો જીવ આવી ભેદદષ્ટિને ભેદીને અભેદ દષ્ટિમાં અગ્રેસર બનવા મથતો હોય છે. તેના અંતઃકરણમાં એ જ તમન્ના હોય છે.

**શબ્દ-ભેદ ઝઘડો કિસ્યો જી,**
**પરમારથથી જો એક;**
**કહો ગંગા, કહો સુર નદીજી,**
**વસ્તુ ફરે નહીં છેક.....................મન. ૨૧**

**અર્થ :** શબ્દભેદમાં કાંઈ પણ ઝઘડો-વિવાદ કરવા યોગ્ય નથી. જો પરમાર્થ એક હોય તો વાદ શાનો ? જેમ કોઈ ગંગા નંદીને ગંગા કહે, કોઇ સુરવદી કહે, તેમ જુદા નામથી - પર્યાયથી કાંઇ વસ્તુમાં જરા પણ ફેર પડે નહિ.

**ભાવાર્થ :** અત્યંત ઉપકારક આ હિતશિક્ષાને પૂરી ગંભીરતાપૂર્વક ગ્રહણ કરીને અમલમાં મૂકી શકીએ તો અર્થહીન ઘણા વિવાદોની જાળમાં ફસાતા આપણે બચી જઇએ.

કોઇ પણ એક નય વિશેષનો એકાંતે પક્ષ કરવાથી બુદ્ધિભેદ થાય છે અને તેમાંથી ખોટી ખેંચતાણ ઉભી થાય છે,

પણ જે જીવો તે નયોના પરમાર્થને પકડી શકે છે તેઓ સ્વસ્થપણે ધર્મ આરાધીને કર્મોને હણી શકે છે.

ગંગાનદીને જાહ્નવી કે ભાગીરથી કહીએ તો તેમાં કોઈ ફેર પડતો નથી. 'ગંગા', 'જાહ્નવી', 'ભાગીરથી' એ શબ્દો ભલે જુદા-જુદા રહ્યા, પણ એ બધા શબ્દો એક જ વસ્તુનો બોધ કરાવે છે ને ?

તેમ નિર્વાણપદ કહો કે મુક્તિપદ, પરમપદ કહો કે અક્ષરપદ, જુજવા આ શબ્દો એક જ વસ્તુને કહે છે અને તે નિર્વાણપદ યાને મોક્ષપદ.

તાત્ત્વિક દૃષ્ટિવાળા જીવો પર્યાયભેદમાં અટવાતા નથી, પણ તત્ત્વના પરમાર્થને તરત પકડી લે છે.

દીપ્રાદૃષ્ટિમાં વર્તતા જીવોમાં આ દૃષ્ટિ ઠીક ઠીક પ્રમાણમાં ઉઘડેલી હોય છે.

શબ્દભેદને પ્રધાન ગણવાથી, આત્માનું અભેદ સ્વરૂપ અનુભવી શકાતું નથી. કીડી અને કુંજર તરફ તુલ્ય આત્મદૃષ્ટિ રહેતી નથી.

દૃષ્ટિના આ દોષને દૂર કરવા માટે પર્યાયદૃષ્ટિને આત્મદ્રવ્યમાં પરોવવી પડે છે. એટલે સઘળા વિસંવાદોનો અંત આવે છે, ઝઘડા નાશ પામે છે. સમતાભાવ સલામત રહે છે, ચિત્ત ડામાડોળ થતું અટકી જાય છે, અખંડ શાંતિનો અનુભવ શરૂ થાય છે.

ધર્મ ક્ષમાદિક પણ મટે જી,
પ્રગટે ધર્મ-સંન્યાસ;
તો ઝઘડા ઝંઝા તણો જી,
મુનિને કવણ અભ્યાસ. ................મન. ૨૨

અર્થ : આ દૃષ્ટિમાં ક્ષમાદિ ધર્મ મટે અને ધર્મ-સંન્યાસ પ્રગટે. ધર્મ-સંન્યાસ સામગ્રી તે દ્રવ્ય યોગનું જ ઘર છે. તે અશઠ પંડિત તથા અમાયીને જ હોય અને એવા મુનિને ઝઘડા પ્રમુખનો અભ્યાસ જ ન હોય - તે ઝઘડા કરે જ નહિ.

ભાવાર્થ : દીપ્રાદૃષ્ટિમાં વર્તતો સરળ પરિણામી જીવ, ક્ષમાદિ ધર્મો જેના અંગભૂત છે, તે ધર્મને પામીને પરમ પુરુષના પંથનો યાત્રી બને છે. કોઇ જીવને મન કે વચનથી પણ દૂભવતો નથી.

ધર્મ-સંન્યાસ એટલે આત્મસ્વભાવરૂપ ધર્મ એ જ એક માત્ર આરાધ્ય તત્ત્વ છે. એ સત્યને પામવાની લાયકાતવાળું પવિત્ર, પરોપકારમય, કદાગ્રહરહિત જીવન.

આવું જીવન જીવનારા આત્માને કલહ કંકાસ, કજીઆ, કદાગ્રહ, કપટ, કાયરતા વગેરે દોષો ઝેરી નાગના ડંખ જેવા લાગે છે. તેની રૂચિમાં આત્મા એવો તો જડાઇ જાય છે કે તે તેના જ સ્વભાવને આધીન રહીને જીવનને સાર્થક કરે છે.

તત્ત્વની ચર્ચા ઝઘડાનું રૂપ ત્યારે જ લે છે જ્યારે તેમાં

ભાગ લેનારા માણસો, તત્ત્વના પરમાર્થને છોડીને પોતપોતાની માન્યતાને જક્કીપણે વળગી રહે છે.

દીપ્રાદૃષ્ટિમાં વર્તતા જીવમાં આ જક, યા ખોટી જીદ ટકી શકતી નથી.

સૂર્ય સામે ઝાકળ નથી ટકી શકતું તેમ આ દૃષ્ટિ સામે અતત્ત્વનો ઘટાટોપ ટકી શકતો નથી.

મતલબ કે દીપ્રાદૃષ્ટિમાં વર્તતો જીવ અમાયી હોય, અશઠ હોય, પાપભીરૂ હોય, તત્ત્વપ્રેમી હોય, દયામય હોય, સરળ પરિણામી હોય, અશુભ ભાવોને બહાર કાઢીને શુભ ભાવોને અંદર લઇ જનારો હોય. એ શુભ ભાવોને ધારણ કરવાની ઉત્કટ ધગશવાળો હોય.

સમ્યક્ત્વના અભાવે સૂક્ષ્મ બોધની મંદતા હોવા છતાં તે, પોતાની કક્ષાએ શ્રેષ્ઠ પ્રકારનું જીવન જીવતો હોય.

**અભિનિવેશ સઘળો ત્યજી જી,**
**ચાર લહી જેણે દૃષ્ટિ;**
**તે લેશે હવે પંચમીજી,**
**સુયશ અમૃત-ઘન-વૃષ્ટિ.** ................મન. ૨૩

**અર્થ :** અભિનિવેશ - કદાગ્રહ, માયાચાર, માત્સર્ય આદિ સર્વ દોષો ત્યજીને જેણે પૂર્વોક્ત ચાર દૃષ્ટિઓ પ્રાપ્ત કરી હોય તે જીવ પાંચમી સ્થિરાદૃષ્ટિ પામે.

તે સ્થિરાદષ્ટિ સર્વ દિશાએ ઉત્તમ યશરૂપ અમૃતને વરસાવવાને મેઘની વૃષ્ટિ સમાન છે.

**ભાવાર્થ :** મિત્રા, તારા, બલા અને દીપ્રા એ પહેલા ગુણ-સ્થાનકે રહેલા જીવની ઉત્તરોત્તર અધિક બોધપ્રદ દષ્ટિઓ છે.

આ ગુણસ્થાનકે રહલો જીવ ગ્રંથિભેદ કરીને શુદ્ધ સમ્યક્ત્વને પામી શકતો નથી, તેમ છતાં તે ગ્રંથિભેદની નિકટમાં નિકટ આ દષ્ટિઓમાં વર્તીને પહોંચી શકે છે.

ખંતપૂર્વક એકડી ભણતો વિદ્યાર્થી, પહેલીમાં જવાને લાયક બને છે. તે જ રીતે પહેલીનો વિદ્યાર્થી બીજી ચોપડીમાં જવાને લાયક બને છે, તેમ મિત્રાદષ્ટિમાં યથાર્થપણે વર્તતો જીવ, પાંચ યમને બરાબર પાળવાપૂર્વક તારા નામની બીજી દષ્ટિને લાયક બને છે અને એ જ ક્રમે આગળ વધતો તે પાંચમી સ્થિરાદષ્ટિને પ્રાપ્ત કરે છે.

આ ચાર દષ્ટિના બોધની પરિણતિ પછી જ પાંચમી સ્થિરા દષ્ટિને લાયક બની શકાય છે.

આ પરિણતિમાં અવરોધક, કુતર્ક-કદાગ્રહ, કપટ, ઈર્ષ્યા વગેરેનો ત્યાગ અનિવાર્ય છે. કારણ કે આ દોષો જીવને, જીવ સ્વરૂપનો બોધ થવા દેતા નથી. પણ મિથ્યાત્વને જ દઢ કરે છે અને ગાઢ મિથ્યાત્વવાળો કોઈ જીવ પહેલી મિત્રા દષ્ટિના બોધને પણ પ્રાયઃ ઝીલી શકતો નથી.

એક સેકન્ડ જેટલો પણ પ્રકાશ એ પ્રકાશ છે, તે જ આપણને અંધકાર કેટલો ભયાનક છે, તેનું ભાન કરાવે છે.

એટલે અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાતા જીવને મિત્રા દૃષ્ટિનો મંદ પ્રકાશ પણ ઉપકારક નીવડે છે.

અજ્ઞાન એટલે આત્મવિષયક જ્ઞાનનો અભાવ.

આ અજ્ઞાન જેટલું ભયાનક છે તેના કરતાં વધુ ભયાનક તેને સારૂં ઠેરવનારું મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ જીવને સંસારાસક્ત રાખે છે, આત્માની પરિણતિથી વંચિત રાખે છે.

પણ આ ચારે દૃષ્ટિઓનો બોધ બરાબર ગ્રહણ કરનારો આત્મા, આત્માનો પક્ષકાર બનીને સંસારના પક્ષભૂત અભિ-નિવેશને છોડી દઈને પાંચમી સ્થિરાદૃષ્ટિને લાયક બને છે.

પુષ્કરાવર્ત મેઘને પામીને ધરા ધન્ય થાય છે, તેમ આ પાંચમી દૃષ્ટિને પામીને આત્મા ખરેખર કૃતકૃત્યતા અનુભવે છે. આત્માનંદના અમૃતમાં સ્નાન કરીને ઉત્તમ યશનો ભાગી બને છે.

તાત્પર્ય કે બધા ખપી જીવો તેનાં વખાણ કરીને સદ્‌ગુણના ભાગી થાય છે.

ભલે ઓછું દેખાતું હોય કે પૂરતું, પણ જો-જો આત્માને, રહેજો આત્મભાવમાં, રમણતા વધારજો આત્માના ગુણોમાં, મૈત્રી આદિ શુભ ભાવોમાં એ એ કથનના સારને સ્વીકારનારો જીવ. મિત્રા આદિ દૃષ્ટિમાં નિપુણ બનતો-બનતો યથા કાળે પાંચમી સ્થિરાદૃષ્ટિને લાયક બને છે, તેમાં કોઈ સંશય નથી.

⌘ ⌘ ⌘

## પાંચમી સ્થિરાદષ્ટિની સજ્ઝાય

(ધન ધન સંપ્રતિ સાચો રાજા : એ દેશી)

દષ્ટિ થિરામાંહે દર્શન નિત્ય,
રતન પ્રભા સમ જાણો રે;
ભ્રાંતિ નહિ વળી બોધ તે સૂક્ષ્મ,
પ્રત્યાહાર વખાણો રે.......................... ૧

અર્થ : (હવે પાંચમી સ્થિરાદષ્ટિ કહે છે.)

સ્થિરાદષ્ટિમાં ગ્રંથિભેદ થવાથી સમ્યગ્દર્શન નિત્ય હોય. બોધ, રત્નની કાન્તિ સમાન હોય. તત્ત્વાર્થરૂપ સૂક્ષ્મ બોધનું યથાર્થ જ્ઞાન હોય. અજ્ઞાન અને મિથ્યાત્વના પુદ્ગલો ન છેદાતા હોય તો છેદાય. બુદ્ધિ સરળ હોય. સર્વ ઇંદ્રિયાર્થ વિષયોના રૂંધનરૂપ પ્રત્યાહાર પ્રગટ થાય.

ભાવાર્થ : સ્થિરા નામની પાંચમી દષ્ટિમાં દર્શન રત્નપ્રભા સમાન હોય છે, યોગનું પાંચમું અંગ પ્રત્યાહાર સાંપડે છે, ભ્રાંતિ નામનો પાંચમો ચિત્તદોષ નષ્ટ થાય છે, બોધ નામનો પાંચમો ગુણ પ્રગટે છે.

આત્મામાં મિથ્યાત્વ બેઠું હોય છે ત્યાં સુધી, ઝેર જેવો કડવો સંસાર - જે માણસને સર્પનું ઝેર ચઢ્યું હોય છે તેને કડવો પણ લીમડો મીઠો લાગે છે - આપને મીઠો લાગે છે અને ઝેર

ઉતરી જતાં તે જ માણસને લીમડો કડવો લાગે છે. તેમ મિથ્યાત્વનું ઝેર ઉતરી જતાં, જીવને સંસાર કડવો લાગે છે.

રાગ-દ્વેષની ચીકણી ગાંઠ ભેદાય છે ત્યારે મિથ્યાત્વનો નાશ થાય છે અને સમ્યક્ત્વ પ્રગટ થાય છે.

આ સમકિતની હાજરીમાં, સૂર્યની હાજરીમાં, અંધકાર નથી ટકી શકતો તેમ મોહાંધકાર નથી ટકી શકતો એટલે આત્માને આત્મસ્વરૂપનો નિર્મળ બોધ થાય છે.

આ બોધ એટલો સ્પષ્ટ હોય છે કે જીવને જગતની જંજાળમાં, મોહના પાશમાં, પરભાવરમણતામાં જકડાવા દેતો નથી.

આ બોધ-પ્રકાશને રત્નની પ્રભાની ઉપમા સાર્થક છે. કારણ કે રત્ન સ્વયં પ્રકાશી હોય છે. પ્રકાશિત થવા માટે તેને બીજા બળની અર્થાત્ પરાયા બળની જરૂર નથી પડતી.

એટલે આ દૃષ્ટિમાં વર્તતા ભવ્ય આત્માને સુખ માટે બહાર ફાંફા નથી મારવા પડતા, સુખ બહારની દુનિયામાં હોવાની ભ્રાંતિ સર્વથા દૂર થાય છે અને સુખ આત્મામાં જ છે એવી પ્રતીતિ તેને અસ્થિમજ્જા જેવી દૃઢ બની જાય છે.

વાદળ ખસી જતાં સૂર્યનું હોવાપણું સ્વયમેવ સિદ્ધ થઈ જાય છે, તેમ રાગ-દ્વેષનાં વાદળ ખસી જતાં આત્માની દૃઢ પ્રતીતિ આ દૃષ્ટિમાં થાય છે. એટલે તત્ત્વનો સૂક્ષ્મ બોધ સુલભ બને છે.

એટલે પાંચ ઇન્દ્રિયોના વિષયોનું સેવન કરવાથી સુખ

મળે છે, એ ભ્રાંતિ દૂર થાય છે અને ઇન્દ્રિયોને આત્માભિમુખ બનાવવામાં સાચું સુખ છે એ સત્ય હૃદયગંત થાય છે.

આ દૃષ્ટિનું 'સ્થિરા' એવું નામ જ તેના ગુણોનો બોધ કરાવે છે.

સ્થિરાદૃષ્ટિ એટલે આત્મામાં સ્થિર રહેનારી દૃષ્ટિ, આત્મભાવમાં સ્થિરદૃષ્ટિ, આત્મ પરિણતિવાન દૃષ્ટિ.

'સુથારનું મન બાવળીએ', તેમ આ દૃષ્ટિમાં વર્તતા આત્માનું મન, આત્મામાં જ રહે છે. આત્માના અનંત જ્ઞાનાદિ ગુણોમાં રમે છે.

આ દૃષ્ટિમાં વર્તતો આત્મા, આત્મભાવમાં એવો સ્થિર રહે છે કે દેહના દેવળ પર આપત્તિઓની ઝડી વરસે છે તો પણ તે ડગુમગુ થતો નથી, આત્મભાવને છોડીને પરભાવમાં ખસતો નથી.

શુદ્ધ આત્મબોધદાયી આ દૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે આપણે રાગ-દ્વેષને પાતળા પાડવા જોઇએ. નષ્ટભ્રષ્ટ કરી દેવા જોઇએ.

રાગ-દ્વેષનો નાશ કરવા માટે સર્વજ્ઞ વીતરાગ પરમાત્માની ભક્તિ ભાવપૂર્વક કરવી જોઇએ.

સંસાર તરફના ગાઢ રાગનો નાશ કરવાનો આ સર્વશ્રેષ્ઠ માર્ગ અપનાવીને જ આપણે આત્મદૃષ્ટિવંત બની શકીશું. વિષય-કષાયના પાશમાંથી છૂટી શકીશું. પકડવા યોગ્ય આત્માને પકડીને પરમાત્મા બની શકીશું.

ધન્ય હો સ્થિરા દૃષ્ટિવંત આત્માઓને !

**એ ગુણ વીર તણો ન વિસારૂં,**
**સંભારૂં દિન-રાત રે;**
**પશુ ટાળી સુરરૂપ કરે જે,**
**સમકિતને અવદાત રે. .............એ ગુણ. ૨**

**અર્થ :** આવો મોટો શ્રી મહાવીરસ્વામી પ્રભુનો ગુણ હું ચિત્તથી વિસારું નહિ. દિન-રાત નિરંતર સંભારૂં. કારણ કે મારા ઇંદ્રિયાર્થ ગુણો વિષયાર્થે હતા, પશુ પ્રાયઃ હતા, તેને ટાળીને સુરરૂપ - તત્ત્વ બોધવંત કર્યા - દર્શન મોહના નાશથી મારામાં સમ્યક્ત્વ ગુણ પ્રગટ થયો.

**ભાવાર્થ :** વિષયલંપટ જીવનું જીવન પશુતુલ્ય ગણાય છે. પશુને સારાસારનો વિવેક નથી હોતો તેમ વિષયલંપટ જીવ પણ સારાસાર, ગમ્યાગમ્ય, પેયાપેય આદિનો વિવેક ચૂકીને માત્ર ઇન્દ્રિયોના વિષયોમાં આસક્ત રહે છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ જીવને સારાસારનો સુવિવેક સાંપડે છે.

આ સમ્યક્ત્વની પ્રાપ્તિ જીવને શ્રી જિનેશ્વર દેવ કરાવે છે. શ્રી જિનેશ્વરદેવે પ્રકાશેલો ધર્મ કરાવે છે. શ્રી જિનેશ્વરદેવે સ્થાપેલો શ્રી સંઘ કરાવે છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા કરાવે છે.

ચરમ જિનેશ્વરદેવ શ્રી મહાવીરસ્વામી પ્રભુના શાસનમાં રહેલા જીવો પૈકી જે કોઇ જીવ દર્શનમોહનો ક્ષય કરીને

સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે યા કરશે તેમાં મુખ્ય ઉપકાર ચરમ જિનેશ્વરદેવ શ્રી મહાવીરસ્વામી પ્રભુને જ સ્વીકારવાનો છે.

પૂ.શ્રી યશોવિજયજી ઉપાધ્યાય જેવા સમર્થ શ્રુતધર ભગવંતે આ ઉપકારનો, આ ગાથામાં નિષ્કપટભાવે સ્વીકાર કર્યો છે.

શ્રી નમુત્થુણં સૂત્રમાં પ્રભુજીને 'ચક્ખુ દયાણં' કહ્યા છે. તે આ એકરારના સંદર્ભમાં સર્વથા યથાર્થ પૂરવાર થાય છે.

કેવળ શ્રી તીર્થંકર પરમાત્મા સિવાય, અન્ય કોઈ કેવળ સ્વ પ્રયત્ન-બળે સમકિતને પ્રાપ્ત કરી નથી શકતો અને સ્વયં શ્રી તીર્થંકર ભગવંતોને પણ વરબોધિની પ્રાપ્તિ શાસનના સહારે પ્રાપ્ત થાય છે, તીર્થના પ્રભાવે પ્રાપ્ત થાય છે.

એટલે તેઓશ્રી 'નમો તિથ્થસ્સ' બોલીને સિંહાસન પર બિરાજમાન થાય છે.

પરના ઉપકારનો સ્વીકાર કરવારૂપ કૃતજ્ઞભાવે જીવના અહંકારને છેદવામાં ધારદાર શસ્ત્ર સમાન છે.

અહંકારનું છેદન થતાં રાગ-દ્વેષ છેદાય છે. પરપરણિતિ જાય છે. આત્મપરિણતિ પ્રગટ થાય છે.

સ્થિરાદષ્ટિમાં વર્તતો જીવ કૃતજ્ઞી હોય જ. માટે તે પરોપકારના અહંકારથી બચીને આત્મશુદ્ધિની સાધનામાં સ્થિર રહી શકે છે.

પરમ ઉપકારી શ્રી જિનેશ્વરદેવના ઉપકારોના સ્મરણમાં રાત-દિવસ રત રહેવાની ખરી ચાનક આ દષ્ટિવાળા-જીવને લાગે છે.

પ્રભુ વિસરાય એટલે મન પાછું પશુવત્ જીવન તરફ ઘસડાય, એ હકીકત આ સ્થિરાદષ્ટિવાળાને બરાબર સમજાય છે.

પ્રભુને વિસરાવનારી સઘળી દુન્યવી ચેષ્ટાઓ આ દૃષ્ટિવાળાને જરા ય રૂચિકર લાગતી નથી. એટલે તેને ભોજન કરતાં અધિક રસ ભજનમાં પડે છે. રૂપિયા ગણવા કરતાં અધિક રસ શ્રી નવકાર ગણવામાં પડે છે.

એટલે કે આ દષ્ટિવાળાનો સમય, શક્તિ અને બુદ્ધિ આત્માની પરમાત્મ-પ્રીતિ વધારવામાં સાર્થક થાય છે.

ખાઉં-ખાઉં કરતી ઇન્દ્રિયોરૂપી જોગણીઓના ખપ્પરમાં ગમે તેટલું હોમવા છતાં એ ધરાતી નથી અને છેવટે એના ધારકને પણ ભરખી જાય છે.

આ સત્યના પ્રકાશમાં કદમ ભરતો આ દષ્ટિવાળો જીવ, આત્મામાં પ્રવૃત્તિશીલ બનીને, દેહાદિના ભોગોમાં નિવૃત્તિશીલ બનતો જાય છે.

ઇન્દ્રિયોમાં આસક્ત મનને, આત્માના ગુણોમાં રંગવામાં આવે છે ત્યારે જ જીવનમાં સાચો ઉમંગ જાગે છે.

મંગળકારી આ ઉમંગ, અમંગળકારી પાપનો ક્ષય કરે છે. અશુભ વિચારોને મનથી દૂર રાખે છે.

પરમ મંગળકારી પરમાત્માના ઉપકારોની પાવનકારી સ્મૃતિમાં રંગાયેલા જીવનનું જતન કરતા સ્થિરાદષ્ટિવાળા આત્માઓને ધન્ય છે.

બાલ-ધૂલિ-ઘર-લીલા સરખી,
ભવ-ચેષ્ટા ઈહાં ભાસે રે;
રિદ્ધિ-સિદ્ધિ સવિ ઘરમાં પેસે,
અષ્ટ-મહાસિદ્ધિ પાસે રે.............એ ગુણ. ૩

**અર્થ :** જેમ બાળકોએ કરેલી ધૂલિના ગૃહની લીલા પરમાર્થે ગૃહરૂપ સત્ય નથી, તેમ આ દૃષ્ટિમાં વર્તતા જીવને સંસારની સર્વ ચેષ્ટા-પુદ્ગલ વિલાસ તેવા જ ભાસે છે. અર્થાત્ સત્ય જણાતા નથી.

આવી રીતે સંસારની અનિત્યતા જાણવાથી અંતરંગની સર્વ સિદ્ધિ તેના ઘરમાં જ પ્રગટ થાય. સંતોષરૂપ મહાસુખોત્પાદક ગુણ પ્રગટે. અષ્ટ મહાસિદ્ધિ તેની પાસે જ રહે. સમસ્ત લબ્ધિની સિદ્ધિ તે યોગરૂપ કલ્પવૃક્ષના કુસુમતુલ્ય છે એમ માને.

**ભાવાર્થ :** બાળકો રેતીનાં ઘર બનાવીને ઘર-ઘર રમે છે અને થોડા વખત પછી તે ઘર વિખેરી નાખીને ઘરભેગા થઇ જાય છે, પણ તે ઘરને સાચું ઘર માનીને તેમાં લપટાઇ નથી જતાં. તેમ સ્થિરાદૃષ્ટિમાં વર્તતો જીવ ઘરબાર, કુટુંબ-કબીલા, ગાડી-વાડી આદિને પુદ્ગલ વિલાસ સમજે છે એટલે તેમાં લપટાતો નથી. નિત્ય એવા આત્માના ઘરને છોડીને અનિત્ય એવા સંસારમાં મન જોડતો નથી.

બળતા ઘર જેવા આ સંસારમાં સુખે સૂઇ રહેનારા જીવોને સાબદા કરનારી આ ગાથાના પરમાર્થ સાથે આપણું જીવન

સંગત થાય છે કે નહિ તે તપાસીને આપણે આત્માનંદી - આત્મભવનવાસી બનવાનો શ્રેષ્ઠ પ્રયાસ આદરવો જોઇએ.

આ ભવવન તો ભયંકર છે, તેની કોઇ ચીજ આત્માને સુખ આપી શકે તેમ નથી. એટલે તેમાં આસક્ત રહીશું તો દુઃખ આપણી સાથે જ રહેશે.

એટલે જીવનમાં સંસારને જીવાડવાનું છોડીને આત્માને જીવાડતા બનવા માટે સ્થિરાદષ્ટિ અનિવાર્ય ગણાઇ છે.

અસ્થિર એવા સંસારમાં જેનું મન જરા પણ સ્થિર ન થાય અને સ્થિર એવા આત્મામાં સદા ઓતપ્રોત રહે - તે આત્મા સ્થિરાદષ્ટિવાળો કહેવાય.

દુન્યવી કોઇ પદાર્થના અભાવના ખટકારૂપ અસંતોષ આ દષ્ટિવાળાને હોતો નથી પણ પૂર્ણ એવા આત્મામાં રતિવાળા તેને સ્વ-સ્થિતિમાં પૂરો સંતોષ હોય છે.

યથાર્થ આ આત્મ તુષ્ટિને સિદ્ધ કર્યા પછી અષ્ટ મહાસિદ્ધિ તેની પાસે રહે છે અને છતાં તે તેમાં પણ લુબ્ધ થતો નથી.

આ અષ્ટ મહાસિદ્ધિઓ નીચે મુજબ છે :

(૧) **મહિમા :** શરીરાદિને મેરુ પર્વત કરતાં પણ મોટું કરવાની શક્તિ.

(૨) **લઘિમા :** શરીરાદિને વાયુ કરતાં પણ લઘુ કરવાની શક્તિ.

(૩) **ગરિમા :** શરીરને વજ્ર કરતાં પણ વધુ ભારે કરવાની શક્તિ.

(૪) **પ્રાપ્તિ :** ભૂમિએ રહ્યા છતાં અંગુલને મેરુના શિખરે પહોંચાડવાની શક્તિ.

(૫) **પ્રાકામ્ય :** પાણીને વિષે પૃથ્વીની પેઠે અને પૃથ્વીમાં પાણીની પેઠે ગમનાદિ કરવાની શક્તિ.

(૬) **ઈશિતા :** ત્રૈલોક્યઋદ્ધિકરણ તથા તીર્થેશ્વરાદિઋદ્ધિ વિકુર્વણ શક્તિ.

(૭) **વશિતા :** સર્વ જીવને વશ કરવાની શક્તિ.

(૮) **અપ્રતિઘાતિતા :** પર્વતમાં પણ પ્રવેશ કરવાની શક્તિ.

આ ઉપરાંત અંતર્ધાન-અદૃશ્યકરણ, નાનારૂપ કરણ આદિ અનેક ચમત્કારિક શક્તિ પ્રગટ થાય.

અને છતાં તેને તે (સ્થિરાદૃષ્ટિવાળો) યોગરૂપ કલ્પવૃક્ષના કુસુમ તુલ્ય માને.

આ દૃષ્ટિવાળાને ભોગ રોગસમ ભાસે છે. રોગી રોગમાં કણસે તેમ તથાપ્રકારના પુણ્યના ઉદયે ભોગવવા પડતા ભોગમાં તે કણસે છે.

એટલે તે ભોગ સુખ માટે પોતાના સમયનો એક અંશ કે પોતાની શક્તિનો એક કણ પણ બગાડતો નથી. આત્માના ગુણોમાં રંગાયેલું તેનું મન આત્મા સિવાય બીજે ક્યાંય ઠરતું નથી.

પોતાની સમગ્રતામાં આત્માનુભૂતિ સાથે સંચરતો આ દૃષ્ટિવાળો યોગી સોનાના મેરુને જોઇને ય ચલિત થતો નથી. કારણ કે પરપદાર્થની પ્રાપ્તિ સુખદાયી નથી નીવડતી, એ સત્ય તેના લોહીના કણેકણમાં ઝળહળતું હોય છે.

પતિપરાયણ સતી નારીને કોઇ પણ પુરુષ કદી યે આકર્ષી શકતો નથી તેમ આ દૃષ્ટિમાં વર્તતા મહાન આત્માને કોઇ પર પદાર્થ લવલેશ આકર્ષી શકતો નથી.

આ દૃષ્ટિમાં ઝળહળતું ચૈતન્ય, કોઇને વશ થતું નથી, પણ ચેતનના જડ ઉપરના સ્વામિત્વનો જગતને અનુભવ કરાવે છે.

આવા અલૌકિક ચૈતન્યસ્વરૂપને પામવાના ધ્યેયપૂર્વકનું જીવન આ દૃષ્ટિમાં વર્તતો જીવ જીવે છે. એટલે અનિત્ય એવા સંસારના રાગમાં તે બિલકુલ રંગાતો નથી.

આવી ઉપકારક દૃષ્ટિનું દાન કરનારા દેવાધિદેવ શ્રી મહાવીર પરમાત્માને નિરંતર યાદ કરવાથી પૂર્ણ આત્મદૃષ્ટિવંત બનવાની આત્માની યોગ્યતા વિકસાવવામાં મગ્ન યોગીવર્યોને પ્રણામ હો !

**વિષય-વિકારે ન ઈન્દ્રિય જોડે,**
**તે ઈહાં પ્રત્યાહારો રે;**
**કેવલ જ્યોતિ તે તત્ત્વ-પ્રકાશે,**
**શેષ ઉપાય અસારો રે. .............એ ગુણ. ૪**

**અર્થ :** આ દૃષ્ટિમાં વર્તતો આત્મા, પાંચ ઈન્દ્રિયોના ત્રેવીસ વિષયોના બસો બાવન વિકારોમાં ઈન્દ્રિયોને જોડે નહિ, અર્થાત્ આસક્તિ ન કરે. તે રૂપ જે પ્રત્યાહાર-ગુણ તે આ દૃષ્ટિમાં ઉપજે. અર્થાત્ તે તત્ત્વને જ સારરૂપ માને અને સંસારના બીજા સર્વ ઉપાય-પ્રપંચને અસાર માને.

**ભાવાર્થ :** પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સેવન ખરેખર અસાર છે, નકામું છે. કારણ કે તેમ કરવાથી વ્યાપક જીવન કુંઠિત થાય છે. પશુવત્ ક્ષુદ્ર જીવન જીવાય છે. આ જીવનમાં આત્માનો પ્રભાવ નથી હોતો, પણ વિષય-વિકારનો જ પ્રભાવ હોય છે.

બગડેલી વસ્તુ બહાર ફેંકી દેનારા આપણે વિષયોના સેવનથી જીવનને વિકૃત કરતા રહીશું ત્યાં સુધી કર્મસત્તાના કોરડા ખમવા જ પડશે.

આત્માની અશુદ્ધિનો ખટકો - એ આ દૃષ્ટિમાં વર્તતા જીવની તાસીર છે. કારણ કે આ દૃષ્ટિ દોષ વડે ખરડાતાની સાથે જ આંખમાં પડેલા તણખલાની જેમ તેને તે દોષ ખટકવા માંડે છે અને સખ્ત પ્રાયશ્ચિત આદિના સેવન વડે તેને દૂર કરીને તે જંપે છે.

એટલે આ દૃષ્ટિવાળા મહાન આત્મા વિકારને પોસનારા વિચારને પણ મનમાં દાખલ થવા દેતો નથી.

વિકૃત વિચારમાંથી જરા જેટલી રૂચિ પણ તેને દૂધના ભાજનમાં ઝેરના કણ જેવી ઘાતક લાગે છે. .

મોટેથી હસવું, સ્ત્રીકથા, ભક્તકથા, પરનિંદા, દેશકથા, નાટક, સિનેમા, વિકૃત સાહિત્ય, વિકૃતિવર્ધક સર્વ પદાર્થો, કંદમૂળ, દારૂ, મધ, બરફ આદિથી પણ તે દૂર જ રહે છે.

તેને રૂચે છે દેવ, ગુરૂ, ધર્મ, શાસ્ત્રો, સત્કથાઓ, તીર્થયાત્રાઓ, દાન, શીલ, તપ, ભાવ, સ્વાધ્યાય, જપ, સામાયિક, પ્રતિક્રમણ વગેરે.

આ બધા સત્કાર્યોમાં એકરસ બનેલા તેના જીવનમાં આત્માનું તેજ, નિષ્કલંક હીરાની જેમ ચમકે છે. તેનો ઉપયોગ આત્મામાં એવી તદ્રૂપતા સાધે છે કે તેને સંસારની પ્રત્યેક પ્રવૃત્તિ ધૂળ ફાકવા જેવી મિથ્યા લાગે છે.

આ દૃષ્ટિમાં ઉભરાતો આત્મસ્નેહ છૂપો રહેતો નથી. તેમાં જીવમાત્રના હિતનું મંગળકારી સંવેદન હોય છે.

સંસારાસક્ત જીવોને દુઃખી જોઈને આ દૃષ્ટિવાળો કર્મસત્તાને ભાંડતો નથી, પણ મિથ્યાત્વની ભયંકરતાને ભાંડતો થકો, નિજ સમ્યક્ત્વને વધુને વધુ નિર્મળ બનાવતો રહે છે.

એટલે પછી તે અનુપમ આત્મસ્થૈર્ય પ્રાપ્ત કરે છે. પર પદાર્થો તરફ તેને મુદલ ખેંચાણ થતું નથી. કારણ કે તે બધા પદાર્થોમાં રહેલી વિનશ્વરતા તરત તેની નજરે ચઢે છે.

સ્વયંપ્રકાશી રત્ન જેવી આ નજર કદી જરાગ્રસ્ત થતી નથી, પણ પરમાત્મા યોગની સાધના દ્વારા અધિકાધિક તેજસ્વી અને મોક્ષલક્ષી બને છે.

બિહામણા સંસારને કોઇ સોહામણો બનાવી શક્યું નથી અને જેમણે-જેમણે તેવા હેતુસર-પ્રયત્નો કર્યા છે તે બધા તેમાં ખૂંપી ગયા છે.

આત્માને સોહામણો બનાવનારી આ દૃષ્ટિવાળો પુરુષ પ્રત્યેક ઇન્દ્રિય પાસેથી આત્માના હિતનું કામ લે છે.

ગમે તેવું બાહ્યરૂપ આ દૃષ્ટિમાં વિકાર જન્માવી શકતું નથી. ગમે તેવી સ્થૂલ સુગંધ આ દૃષ્ટિવાળાને ભ્રમિત કરી શકતી નથી.

આ રીતે પોતાની પ્રત્યેક ઇન્દ્રિયને આત્મરસતરબોળ બનાવીને પરમાત્મદૃષ્ટિને પાત્ર બનવાની તેની ભાવના દિનપ્રતિદિન સુદૃઢ બનતી જાય છે.

રાગ-દ્વેષરૂપી સંસાર સ્વપ્નમાં ય ન સેવાઇ જાય એવા આત્મોપયોગમાં લયલીન આ દૃષ્ટિવાળા પુરુષો, જગતના જીવોને આત્માના ઘર તરફ દોરનારા સાચા ભોમિયા છે.

સંસાર-શેરીમાં ભૂલા પડેલા જીવોને મોક્ષનો માર્ગ બતાવનાર શ્રી વીર પરમાત્માને આ દૃષ્ટિવાળા અહર્નિશ સંભારીને કૃતકૃત્યતા અનુભવે છે.

**શીતલ ચંદનથી પણ ઉપન્યો,**
**અગ્નિ દહે જેમ વનને રે;**
**ધર્મજનિત પણ ભોગ ઇહાં તેમ,**
**લાગે અનિષ્ટ તે મનને રે. .........એ ગુણ. ૫**

**અર્થ :** જેમ બાવના ચંદન અત્યંત શીતળ હોવા છતાં તેમાંથી ઉત્પન્ન થયેલો અગ્નિ વનના સર્વ વૃક્ષોને બાળી નાખે છે, તેમ આ દૃષ્ટિવાળો આત્મા, ન્યાયસંપન્ન વૈભવથી તથા એકપત્નીવ્રત આદિપૂર્વક ગૃહસ્થ ધર્મની સેવના કરે છે, તો પણ તે સેવના તેના મનને રૂચિકર લાગતી નથી. અવસર પ્રાપ્ત થતાં તે ભોગાદિકનો ત્યાગ કરવામાં લેશમાત્ર વાર લગાડે નહિ. ગૃહસ્થાવાસને પાશ સમાન માને.

**ભાવાર્થ :** સ્થિરાદૃષ્ટિને પામેલો આત્મા કેવો હોય તેનો આ દાખલો પ્રત્યેક ગૃહસ્થી માટે ખરેખર મનનીય છે.

ઉચ્ચ કોટિના ભાવશ્રાવકને પણ આ દાખલામાંથી ઘણો સાર લેવા જેવો છે.

પાકીને પચપચતા થયેલા ગૂમડામાં કોઇ સોય ભોંકે એટલે જેવી વેદના તે દર્દીને થાય છે, તેવી વેદના આ દૃષ્ટિવાળા આત્માને સર્વ નિયમોપૂર્વકના પણ ભોગને સેવતી વખતે થાય છે. તેના મનમાં અપાર વ્યથા ઉભરાય છે. દિલમાં પસ્તાવાની જ્વાળા ફેલાય છે અને બીજે દિવસે કોઇને પોતાનું મોં બતાવતાં પણ તે શરમાય છે.

તે જ રીતે ન્યાયોપાર્જીત દ્રવ્ય વડે પણ તે દેહસુખને માણતાં ખચકાય છે. તેનો આત્મા અકળાઇ ઉઠે છે.

આ બધું જે તેને ન કરવા જેવું લાગે છે, પણ તથાપ્રકારના કર્મના ઉદયે ન છૂટકે કરતો હોય છે. પાછલા

ભવોની ધર્મસાધનાની કચાશની આ સજા છે, એમ પણ તે સમજતો હોય છે.

તાત્પર્ય કે આ દૃષ્ટિમાં વર્તતો પુરુષ કોઈ પાપ રસપૂર્વક કરી શકતો જ નથી. એને બધો રસ આત્માને સરસ બનાવવામાં હોય છે.

ઈંજેકશન મારવાથી મડદુ સજીવન ન થાય તેમ નિરસ એવો સંસાર ગમે તેવા ભોગસુખ ભોગવવા છતાં સરસ બનતો નથી. કારણ કે ચેતનને આપવા જેવું સુખ તેની પાસે હોતું જ નથી.

'બેટા શાલિ ! મહારાજા પધાર્યા છે, નીચે આવો.'

ફક્ત આટલા જ શબ્દોએ અફાટ ભોગસુખ વચ્ચે મહાલતા મહામના શાલિભદ્રને સજાગ કરી દીધા અને તેમણે ઘડીના ય વિલંબ વિના બત્રીસ પત્નીઓનાં સુખ છોડીને ચારિત્ર અંગીકાર કર્યું.

આમ આ દૃષ્ટિમાં વર્તતો પુરુષ નિમિત્ત મળતાં જ સિંહની જેમ છલાંગ મારીને ગૃહસ્થાશ્રમને પણ છોડી સંયમનો સ્વીકાર કરી લે છે.

શ્રેષ્ઠ પ્રકારનું પણ શ્રાવકપણું સુસાધુપણાની વિશ્વોપકારિતાની તુલનામાં રૂપિયામાં એક આના જેટલું જ ગણાયું છે, તે હકીકત જ પૂરવાર કરે છે કે આ દૃષ્ટિવાળાને મહેલનાં સુખ પણ જેલનાં સુખ જેવાં જ લાગે.

તેનો આત્મા રહી-રહીને એ જ પોકાર કરતો હોય કે, 'મારે શુદ્ધ બનવું છે, પૂર્ણ બનવું છે, અલ્પ પણ પાપ મારાથી

ખમાતું નથી. પત્ની અને પૈસામાં તું હજીયે મને જોઇ રહ્યો છે તે મારે મન મોટો અચંબો છે. માટે ચાલ મારા નગરમાં. ત્યાંનો પ્રકાશ પીધા પછી તું તને જ ભૂલી જઇશ. પત્ની, પુત્ર-પુત્રી, પૈસા, પદવી વગેરે તને કરડવા લાગશે.

આ દૃષ્ટિના દૈવતથી આવું આત્મદળ બંધાય છે.

હિમાલયના કોઇ હાડમાં ગરમી નથી હોતી, તેમ આ દૃષ્ટિવાળાના કોઇ હાડમાં કષાય ઉકળાટ પેદા કરી શકતા નથી.

એટલે ઉત્તમમાં ઉત્તમ ધર્મકરણીવાળું શ્રાવકપણું તેને ઉણું લાગે છે. તે સાધુપણાને જ ઝંખતો હોય છે. સાચી વિશ્વમૈત્રીના જ તેને કોડ હોય છે. સર્વ જીવોને આત્મસ્નેહના અમીપાન કરાવવાની તેને ભાવના હોય છે.

મંગળમય આ દૃષ્ટિવાળો પુરુષ મંગળનું ઘર બનીને પરમ મંગળકારી શ્રી મહાવીર પરમાત્માને ભજતો થકો આતમસત્તાગત પરમાત્મભાવને સઘન બનાવતો રહે છે.

ધન્ય છે આવા આત્મદૃષ્ટિવંત આત્માઓને !

**અંશે હોય ઇહાં અવિનાશી,**
**પુદ્ગલ-જાલ તપાસી રે;**
**ચિદાનંદ-ઘન-સુયશ-વિલાસી,**
**કેમ હોય જગનો આશી રે ? ......એ ગુણ. ૬**

**અર્થ :** આ દૃષ્ટિ થોડા ભાગે અવિનાશી હોય. જેમ જેમ આશ્રવના હેતુ ન્યૂન થાય, તેમ તેમ આત્મા નિરાવરણી થાય.

આ દષ્ટિવાળાને પુદ્‌ગલની સર્વ રચના બાજીગરની બાજી જેવી લાગે. તે આત્મા જ્ઞાનનો જે આનંદ, તેના સમૂહને પ્રાપ્ત કરાવનારો ઉત્તમ યશ તેના વિલાસમાં રમણ કરનારો થાય અને તેથી ત્રણ ભુવનરૂપ જગતમાં કોઇ પણ વસ્તુની તેને આશા ન હોય, માત્ર સહજ સ્વરૂપનો વિલાસી હોય. દર્શન મોહનીયના ક્ષયોપશમે અથવા ઉપશમે આ દષ્ટિ હોય.

**ભાવાર્થ :** આ પાંચમી દષ્ટિમાં અવિનાશી આત્માનો અવિનાશી સ્વભાવ અમુક પ્રમાણમાં ઝીલાય છે અને આશ્રવના હેતુઓ જેમ-જેમ ઘટતા જાય છે, તેમ-તેમ તે સ્વભાવ, આત્મા અધિકાંશે નિરાવૃત્ત થતાં વધુ પ્રમાણમાં ઝીલાય છે - પરિણત થાય છે.

તેમ છતાં આત્મસ્વભાવની અસરના કારણે આ દષ્ટિવાળાને સંસારનું સ્વરૂપ, માયાવીની માયાજાળ જેવું લાગે છે. સંધ્યાના રંગ જેવું લાગે છે. જળના તરંગ જેવું લાગે છે.

પુદ્‌ગલના ખેલમાં રાચે તે જીવ પુદ્‌ગલાનંદી ગણાય છે. માટે તે દુઃખી હોય છે. કારણ કે પુદ્‌ગલની રચનામાં થતા ફેરફારોના કારણે કોઇ જીવને તેની સેવામાં સાચું સુખ સાંપડતું નથી.

જ્યારે આ દષ્ટિવાળો પુરુષ ચિદ્‌વિલાસી હોય છે, આત્માનંદી હોય છે, આત્મભાવમાં રમણતા કરનારો હોય છે. આત્મામાં જ સ્નેહ ઢોળનારો હોય છે. કારણ કે આત્માના ઘરનો આનંદ પણ આત્મા જેવો જ અવિનાશી - શાશ્વત હોય

છે અને શાશ્વત એવા આત્માના રંગમાં રંગાયેલા પુરુષને અશાશ્વત એવા જગતના કોઇ પદાર્થમાં આસક્તિ રહેતી નથી.

એક આત્મા પદાર્થ જ એવો છે કે જેની સતત સેવા કરવાથી, આરાધના કરવાથી, સર્વોત્તમ આનંદનો અનુભવ થાય છે.

વાદળ વીખરાતા પૃથ્વી પટે સૂર્યપ્રકાશ પથરાય છે તેમ રાગ-દ્વેષની ગ્રંથિ ભેદાતાં મનના પ્રદેશોમાં આત્મ-પ્રકાશ પથરાય છે.

પણ આકાશ ભાગ્યે જ વાદળરહિત રહેતું હોય છે, તેમ રાગ-દ્વેષનો સર્વથા અભાવ આ દૃષ્ટિમાં પણ સર્વથા સુલભ નથી હોતો. ક્ષયોપશમના પ્રમાણ અનુસાર આ દૃષ્ટિમાં આત્માનો અવિનાશી સ્વભાવ બેસે છે, ઉતરે છે. પરિણત થાય છે. તેમ છતાં સંસાર તરફની આસક્તિ નહિવત્ હોય છે, તે હકીકત છે.

શ્રીવીરજિનેશ્વરના પરમ તારક શાસનને પામીને સર્વ જીવો આ દૃષ્ટિને પામીને આત્માનંદમાં ઓતપ્રોત બનો !

⌘ ⌘ ⌘

## છટ્ઠી[1] કાંતાદૃષ્ટિની સજ્ઝાય

(ભોલીડા હંસા રે વિષય ન રાચીએ : એ દેશી)

**અચપલ રોગ રહિત નિષ્ઠુર નહિ,**
**અલ્પ હોય દોય નીતિ;**
**ગંધ તે સારો રે, કાન્તિ પ્રસન્નતા,**
**સુસ્વર પ્રમુખ પ્રવૃત્તિ.**
**ધન-ધન શાસન શ્રી જિનવર તણું. .................... ૧**

**અર્થ :** વળી તે સ્થિરાદૃષ્ટિવંત આત્મા ઇન્દ્રિયાર્થના ચપળપણા રહિત હોય, સમ્યક્ત્વથી તેનું ચિત્ત સ્થિર હોય, વળી રોગરહિત શરીર હોય, તેનું હૃદય નિષ્ઠુર ન હોય, પરંતુ કોમળ હોય, શરીરમાં લઘુનીતિ તથા વડીનીતિ બંને અલ્પ હોય, શરીરનો મેલ સુગંધી હોય, શરીરની કાન્તિ સુંદર હોય, વચન પણ પ્રસન્નતાવાળા હોય, મધુર સ્વર હોય.

જે શાસનને પામીને જીવો આ યોગ્યતા પામતા હોય છે તે શ્રી જિનશાસન ખરેખર સેવ્ય છે, પ્રશંસનીય છે.

**ભાવાર્થ :** કાંતાદૃષ્ટિ નામની આ સજ્ઝાયની પહેલી ચાર ગાથાઓમાં સ્થિરાદૃષ્ટિના જ વિચારો કાંતાદૃષ્ટિની પૃષ્ઠભૂ લેખે રજૂ કર્યા છે. કારણ કે આ દૃષ્ટિના દૃઢ પાયા પર જ કાંતાદૃષ્ટિનું મંડાણ શક્ય બને છે.

---

૧. આ છટ્ઠી સજ્ઝાયની પ્રથમની ૪ ગાથામાં સ્થિરાદૃષ્ટિનો જ વિચાર છે.

એટલે સ્થિરાદષ્ટિવાળા આત્માની વિશેષતાઓ અહીં આલેખી છે.

તે ઈન્દ્રિયોને વશ ન હોય, પણ ઈન્દ્રિયો તેના વશમાં હોય.

સમ્યક્ત્વવાસિત તેના ચિત્તમાં આત્મારૂપી ચંદ્ર ચમકતો હોય.

એટલે તે હર હાલતમાં પ્રસન્ન ચિત્તવાળો હોય.

ચિત્તની પ્રસન્નતાના પ્રબળ પ્રભાવે તેનું શરીર મોટા રોગ વગરનું હોય. તેમ છતાં અશાતાવેદનીય કર્મના ઉદયે કોઈ રોગ હુમલો કરે તો પણ તેનું મન તો નીરોગી જ રહે.

મન ઈન્દ્રિયોના વિષયોમાં ભટકતું નહિ હોવાના કારણે - એકી અને બેકી એ બંને કુદરતી હાજતો કુદરતી રીતે જ તેનામાં અલ્પ હોય.

એકી-બેકીની અતિશયતાના મૂળમાં વિષય-વાસના મુખ્ય ભાગ ભજવે છે.

જયારે આ દષ્ટિવાળો તો આત્મવિહારી હોય છે એટલે દેહના ધર્મો ઉપર તેનું નિયંત્રણ રહે છે.

આ દષ્ટિવાળાનું હૃદય દયામય હોય, જીવદયાવાળું હોય, જીવના જીવત્વનું બહુમાન કરનારું હોય.

સતત શુભભાવમાં રહેતા આ દષ્ટિવાળાનો દેહ પણ સુંદર હોય છે. શુભ વિચારોની સુંદરતાવાળો હોય છે.

તેની વાણીમાં માધુર્ય હોય છે, સત્ય હોય છે, સ્નેહ હોય છે, સંવાદ હોય છે.

તેનો સ્વર પણ મધુર હોય છે. સાંભળનારના મન પર સુંદર અસર કરે તેવો હોય છે.

આવી યોગ્યતાવાળી એક વ્યક્તિ પણ ખારા ભવ-રણમાં મીઠા જળની વીરડી સમાન છે.

આવી યોગ્યતાની ખીલવણી શ્રી જિનશાસનની સેવા કરવાથી થાય છે. કારણ કે શ્રી જિનશાસનનો મૂલાધાર - ત્રણ જગતના સર્વ જીવોના પરમ કલ્યાણની ઉત્કૃષ્ટ ભાવદયા છે. આવા પરમ દયાળુ શાસનની સેવા કરવાથી એ શાસનના સ્વામીની, આત્માની આરાધના કરવાથી જીવનમાં શ્રેષ્ઠ ગુણો ખીલે છે અને તેની સુવાસ વડે સંસારમાં રહેતા જીવો પણ પ્રભાવિત થાય છે.

જીવોને આત્માના ગુણોનું આકર્ષણ થાય તેવું આત્મગુણસંપન્ન જીવન, આ દૃષ્ટિમાં વર્તતા જીવને ખરેખર ખૂબ ગમતું હોય છે.

સાંકડા, અંધારા, દુર્ગંધી, ભવકૂપમાં ખૂબ દુઃખે રીબાતા વિષયાસક્ત જીવોને, આત્માના ઘરમાં લઈ જનારા શ્રી જિનશાસનની પ્રભાવના આ દૃષ્ટિમાં વર્તતા જીવો યથાશક્તિ કરતા રહીને શાસનના ઋણને અદા કરવામાં જ ગૌરવ સમજે છે, પણ તેમાં તેઓ પોતાનું ગૌરવ સમજતા નથી.

સકળ જીવ શાતાપ્રદ શ્રી જિનશાસનનો સદા જય જયકાર હો !

ધીર પ્રભાવી રે આગલે યોગથી,
મિત્રાદિકયુત ચિત્ત;
લાભ ઈષ્ટનો રે દ્વંદ્વ અધૃષ્યતા,
જનપ્રિયતા હોય નિત્ય.............. ધન ધન. ૨

**અર્થ :** વળી આ પાંચમી દષ્ટિવાળાને આગલે કાળે યોગથી ધીરપણાનો ગુણ વિશેષ રીતે પ્રગટે. જેમ અપ્રમત્તતા વધે તેમ યોગ પ્રાપ્ત થાય. (૧) મૈત્રી, (૨) પ્રમોદ, (૩) કારૂણ્ય અને (૪) માધ્યસ્થ. આ ચાર ભાવનાયુક્ત ચિત્ત હોય. ઈષ્ટ જે જ્ઞાનાદિ તેનો લાભ થાય.

દ્વંદ્વ અધૃષ્યતા એટલે એકત્વપણું, અસહાયીપણું વાંચ્છે. જનપ્રિયતા એટલે લોકપ્રિયપણું નિરંતર હોય.

**ભાવાર્થ :** 'નમામિ વીરં ગિરિસાર ધીરં' શ્રી સંસારદાવાની પહેલી થોયની આ છેલ્લી પંક્તિમાં શ્રી વીરપરમાત્માની અનુપમ ધીરતાને નમસ્કાર છે.

આ દષ્ટિવાળો ક્રમિક વિકાસ સાધતાં છઠ્ઠી યોગદષ્ટિએ પહોંચે છે ત્યારે તેનામાં પણ ધીરતાનો ગુણ પ્રગટે છે.

પરમાત્માની ધીરતા તો અજોડ હોય છે, તેમ છતાં આ ધીરતા પણ સંસારી જીવને નવાઈ પમાડે તેવી હોય છે.

દેહાધ્યાસ ક્ષીણ થતાં આસક્તિ ક્ષીણ થાય છે અને તદનુસાર ધીરતા વિકસિત થાય છે.

સૂક્ષ્મ આસક્તિને પ્રમાદ કહે છે.

આત્મોપયોગવંત યોગી જ આ પ્રમાદને તરત પારખી શકે છે, પકડી શકે છે.

દૃષ્ટિમાંથી આત્મા ખસતાની સાથે આ પ્રમાદ આત્મામાં દાખલ થઈ જાય છે.

તેમ છતાં આ દૃષ્ટિવાળાનો પ્રમાદ ખૂબ જ પાતળો હોય છે. તાર પર નાચતા નટનો ઉપયોગ દેહની સમતુલા જાળવવામાં રહે છે, તેમ આ દૃષ્ટિવાળો પણ ઘરમાં રહેવા છતાં ઉપયોગ આત્મામાં રાખે છે, પ્રમાદને સહેલાઈથી પેસવા દેતો નથી.

વળી આ સ્થિરાદૃષ્ટિમાં વર્તતા આત્માને મૈત્રી પ્રમુખ ચાર ભાવના હોય છે.

મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મધ્યસ્થ આ ચાર ભાવનાઓ જીવને પરમાર્થી બનાવે છે.

માણસ પોતાની જાતનો મિત્ર તો હોય જ છે.

એટલે તેને પોતાના ગુણનો પ્રમોદ પણ હોય છે અને પોતાના દુઃખની કરૂણા પણ હોય છે. તેમજ તે પોતાના દોષ તરફ મધ્યસ્થ પણ રહી શકે છે.

સ્વકીય આ દૃષ્ટિને સકળ જીવલોક સુધી વિસ્તારવાથી મૈત્રી આદિ ચાર ભાવનાઓ પ્રાણવંતી બને છે.

મૈત્રી આદિ ભાવનાઓમાં રમણતા કરવી તે પણ ધર્મસ્થાનનો એક પ્રકાર છે.

તેથી મૈત્રી પ્રમુખ ભાવના તે ધર્મધ્યાનનું રસાયણ છે.

જેમ રસાયણથી જર્જરિત શરીર દૃઢ થાય, તેમ ભાવના-રૂપ રસાયણના સેવનથી ધ્યાનનો દેહ દૃઢ થાય.

આ દૃષ્ટિવાળાને ધ્યાન-મુહૂર્ત માત્ર હોય છે, પણ ધ્યાનની ભાવના દીર્ઘકાળ સુધી રહે છે.

વળી આ દૃષ્ટિવાળો આત્મા અસહાયીપણું વાંચ્છે છે.

અસહાયીપણું વાંચ્છવું તે નાની-સૂની વાત નથી.

જીવનમાં આત્મિક ખુમારી ખૂંખારા ખાતી થાય છે ત્યારે આ ગુણ પ્રગટે છે.

અને ત્યારે જ તે 'પારકી આશ સદા નિરાશ' એમ બોલતો થાય છે.

આત્મવિશ્વાસ જેમ-જેમ વધે છે, તેમ-તેમ આ ગુણ જીવનમાં ખીલે છે.

વળી આ દૃષ્ટિવાળો પુરુષ લોકપ્રિય હોય છે.

અપ્રિયતાના કારણરૂપ વેરઝેર, કટુતા, સ્વાર્થ, નિષ્ઠુરતા આદિ દોષો, આ દૃષ્ટિવાળાના જીવનમાં હોતા નથી એટલે લોકોને તે વહાલો લાગે છે.

દૃષ્ટિમાં આત્માને સ્થિર કરવાની પ્રેરણા અને બળ આપનારા શ્રી જિનશાસનને ધન્ય હો !

**નાશ દોષનો રે તૃપતિ પરમ લહે,**
**સમતા ઉચિત સંયોગ;**
**નાશ વયરનો રે બુદ્ધિ ઋતુંભરા,**
**એ નિષ્પન્નહ યોગ. ................. ધન ધન. ૩**

**અર્થ :** વળી આ દષ્ટિમાં વર્તતો આત્મા ક્ષુદ્રતા આદિ આઠ દોષનો તથા રાગ-દ્વેષ, કામ-ક્રોધ, મદ, હર્ષ આદિનો નાશ કરે. અતત્ત્વ-બુદ્ધિને ત્યજવાથી પ્રકૃષ્ટ રૂચિમાર્ગે તત્ત્વશ્રદ્ધાન આદિમાં પરમ તૃપ્તિ પામે. અપરાધ કરનાર માણસ ઉપર પણ ક્રોધની મંદતા હોય અને તેનું પ્રતિકૂળ ન ચિંતવે. સમતાભાવમાં રહે.

આ દષ્ટિવાળો તત્ત્વ માર્ગરૂપ ધર્મવ્યાપારનો સંયોગી હોય. વૈર-વિરોધનો નાશ કરનાર હોય. પાપ-પ્રવૃત્તિ થઇ જતાં પશ્ચાત્તાપ કરે. તેની બુદ્ધિ ઋતંભરા અર્થાત્ સત્યને જ ધારણ કરનારી હોય. ઇત્યાદિ યોગ - આઠ દોષ જવાથી સ્વાભાવિક રીતે ઉપજે.

**ભાવાર્થ :** આ યોગ્યતામાંથી કેટલી યોગ્યતા આજે આપણામાં છે અને કેટલી નથી તે આપણે આ ગાથાને નજરમાં રાખીને નક્કી કરવાનું છે.

ક્ષુદ્રતા આદિ દોષો તો માણસને જંતુવત્ જીવનના હવાલે કરી દે છે. માણસાઇને હણી નાખે છે. તત્ત્વચિંતનના દ્વાર બંધ કરી દે છે. માણસના દેહમાં પશુભાવનું સામ્રાજ્ય સ્થાપી દે છે.

આ દષ્ટિ પ્રાપ્ત થતાં જ જીવનમાં આત્મા બોલતો થાય છે, આત્મભાવ ફેલાઇ જાય છે. આત્માના ગુણોનું ચલણ સ્થપાય છે. તત્ત્વમાં શ્રેષ્ઠ રૂચિ પ્રગટે છે. અતત્ત્વમાં દષ્ટિ પરોવાતી નથી. કોઇનુ ય અશુભ ચિંતવવારૂપ દુર્ભાવ જાગતો નથી. સદ્‌ભાવ સ્વાભાવિક બને છે. બુદ્ધિ આત્માનુગામી બને છે.

અંધકાર ખસતા પ્રગટતા પ્રકાશની જેમ ક્ષુદ્રતા આદિ આઠ દોષોનો નાશ થવાથી આ બધા ગુણોની પ્રાપ્તિ સ્વાભાવિક બને છે અને એટલી જ સ્વાભાવિક તેની અભિવ્યક્તિ બને છે.

**ચિહ્ન યોગના રે જે પરગ્રંથમાં,**
**યોગાચાર ય - દિટ્ઠ;**
**પંચમ દૃષ્ટિ થકી સવિ જોડીએ,**
**એહવા તેહ ગરિટ્ઠ. ................. ધન ધન. ૪**

**અર્થ :** યોગનાં ચિહ્નો, લક્ષણો, બ્રહ્મચર્યાદિ કૃતપ્રતિજ્ઞાનિર્વાહ, અપાયનિરાકરણાદિ જે પતંજલિ આદિ યોગાચાર્યે કહ્યાં છે, તે આ પાંચમી દૃષ્ટિથી હોય. અર્થાત્ પૂર્વની ચાર દૃષ્ટિની અધિક ગુણે યુક્ત ગરિષ્ઠ-શ્રેષ્ઠ બુદ્ધિ હોય. તે જ કારણથી મોહનો ક્ષયોપશમ જે - ગ્રંથિભેદ - તે અહીં ચોક્કસ કહ્યો છે.

**ભાવાર્થ :** શ્રી પતંજલિ આદિ યોગાચાર્યોએ યોગનાં જે લક્ષણો કહ્યાં છે તે બધાં આ પાંચમી દૃષ્ટિમાં હોય છે.

યોગ શબ્દ 'युज्' ધાતુ ઉપરથી બનેલો છે. તેનો અર્થ છે, 'જોડાણ કરવું તે'.

એક સ્થળે ટેલીફોન જોડવો હોય તો, બીજા જોડાણો કાપી નાખવાં પડે છે. તેમ આત્મા સાથેના જોડાણરૂપ યોગ સાધવા માટે, અનાત્મ પદાર્થો સાથેના જોડાણો કાપી નાખવા પડે.

આ દષ્ટિના પ્રાબલ્યે, દેહાદિ પર પદાર્થોમાંનો સઘળો રસ, સ્વાભાવિકપણે જ પરમ મંગળકારી આત્મ-તત્ત્વમાં જાગે છે. જીવનમાં આત્મા જીવતો અનુભવાય છે.

જેના જીવનમાં આત્મા જીવતો હોય તેના જીવનમાં ક્ષુદ્રતા આદિ દોષો રહી શકતા જ નથી. અબ્રહ્મસેવનનો વિચાર ઉદ્ભવતો નથી. પાપકરણ વૃત્તિ જ ક્ષીણ થવા માંડે છે.

તાત્પર્ય કે અન્ય યોગાચાર્યોની યોગવિષયક લક્ષણોની પરિસમાપ્તિ આ પાંચમી દષ્ટિમાં થઇ જાય છે.

તે પછીની દષ્ટિની પરમ પ્રશાંતવાહિતા સંબંધી નિરૂપણ હવે પછી આવે છે.

આ સજ્ઝાયની આ ચાર ગાથામાં મુખ્યત્વે સ્થિરાદષ્ટિમાં વર્તતા આત્માની યોગ્યતાને વર્ણવવામાં આવી છે.

આત્માની મુક્તિગમન યોગ્યતાને પ્રગટાવનારી આ યોગ્યતાનો જોગ પણ શ્રી જિનશાસનના યોગે જીવને સુપેરે થાય છે.

**છટ્ઠી દિટ્ઠિ રે હવે કાંતા કહું,**
**તિહાં તારાભ-પ્રકાશ;**
**તત્ત્વમિમાંસા રે દઢ હોય ધારણા,**
**નહિં અન્ય-શ્રુત-વાસ................ ધન ધન. ૫**

**અર્થ :** હવે છટ્ઠી કાંતા નામની દષ્ટિ કહીએ છીએ.

આ દૃષ્ટિમાં આકાશના તારા સરખો તત્ત્વજ્ઞાનનો પ્રકાશ હોય. જેમ તારાના પ્રકાશનો અભાવ થતો નથી તેમ તે જ્ઞાનનો અભાવ થતો નથી. તત્ત્વની જ વિચારણા હોય. તત્ત્વ ઉપર દૃઢ એટલે મજબૂત ધારણા હોય. મિથ્યાદૃષ્ટિ પ્રણિત શ્રુતશાસ્ત્રની લેશ માત્ર વાસના ન હોય.

**ભાવાર્થ :** આ દૃષ્ટિનું 'કાંતા' નામ ઘણું ઘણું કહી જાય છે.

કાંતા એટલે પ્રિયા-વહાલી લાગે તે. આ દૃષ્ટિ યોગીઓને ખરેખર ખૂબ વહાલી લાગે છે.

આ દૃષ્ટિમાં પ્રકાશ આકાશના તારા સરખો હોય છે.

આકાશના તારા ખૂબ જ ઊંચે રહે છે તેમ આ દૃષ્ટિવાળો યોગી પણ સર્વ દુન્યવી લાલસાઓથી પર હોય છે.

આકાશના તારાનો પ્રકાશ કાયમ ટકી રહે છે તેમ આ દૃષ્ટિમાં તત્ત્વનો પ્રકાશ કાયમ હોય છે.

આકાશના તારાનું તેજ સ્થિર હોય છે, તેમ આ દૃષ્ટિવાળાની તત્ત્વપ્રીતિ સ્થિર હોય છે.

એટલે આ દૃષ્ટિવાળો યોગના છઠ્ઠા અંગ 'ધારણા'માં નિપુણ હોય છે.

ધારણા એટલે તત્ત્વની ધારણા.

તત્ત્વને ધારણ કરનારો તે ગર્ભને ધારણ કરતી સન્નારીની જેમ તેનું જતન કરે છે. રાત દિવસ તેને સંભાળે છે.

એટલે અતત્ત્વ તેના માટે મડદું બની જાય છે. અતાત્ત્વિક જીવન તેને મડદાલ જીવન લાગે છે. અતત્ત્વની વિચારણા તેને મડદાલ વિચારણા લાગે છે.

ભોજન તો ખીરનું ભલું તેમ વિચારણા તો તત્ત્વની ભલી, એ સત્ય તેને અસ્થિ મજ્જાવત્ હોય છે.

તત્ત્વ એટલે આત્મતત્ત્વ. તત્ત્વ એટલે મોક્ષતત્ત્વ.

ચંદનને ગમે ત્યાંથી કાપો પણ તે સુવાસ આપે જ છે, તેમ આ દૃષ્ટિવાળો દેહ કપાવા છતાં તત્ત્વરમણતા છોડતો નથી.

આ દૃષ્ટિવાળાની સૃષ્ટિમાં પરમાત્મા મુખ્ય હોય છે. પ્રત્યેક આત્માના સત્તાગત તે સ્વરૂપને તે આવકારે છે, અભિનંદે છે.

આત્માની પ્રિયા એવી કાંતાદૃષ્ટિ મને ક્યારે પ્રાપ્ત થશે એવી ચિંતા કરવી તે પણ એક ગુણ છે.

છેવટે આ ગુણ તો આપણે ખીલવીએ જ.

**મન મહિલાનું રે વાહલા ઉપરે,**
**બીજાં કામ કરંત;**
**તેમ શ્રુત ધર્મે રે એહ મનમાં ધરે,**
**જ્ઞાનાક્ષેપકવંત. ........................ ધન ધન. ૬**

**અર્થ :** જેમ પતિવ્રતા સ્ત્રીનું મન વહાલા સ્વામી ઉપર - ઘરના બીજા સર્વ કાર્ય કરતાં છતાં જોડાયેલું જ હોય, તેમ કાંતા દૃષ્ટિવાળો આત્મા, જો કે સંસારમાં રહ્યો થકો સર્વ કાર્ય કરે,

તો પણ તેનું મન અર્હત્ પ્રણિત ધર્મમાં જ જોડાયેલું હોય. તેને સંસારના કાર્યોમાં આસક્તિ ન હોય અને સમ્યગ્ જ્ઞાનનો જ આક્ષેપક એટલે આદરવાળો હોય.

**ભાવાર્થ :** પતિવ્રતા સ્ત્રીના દાખલા દ્વારા પૂજ્યપાદ એમ ફરમાવે છે કે, કાંતાદૃષ્ટિવાળો આત્મા, સાંસારિક કાર્યો કરતો હોય ત્યારે પણ તેનું મન પતિવ્રતા સ્ત્રીની જેમ તત્ત્વમાં હોય, આત્મામાં હોય. વીતરાગપ્રણિત ધર્મમાં હોય, પણ સાંસારિક પ્રવૃત્તિમાં ન જ હોય.

સંસાર તેને ભૂંડો લાગે, આત્મા રૂડો લાગે, મોક્ષ રૂડો લાગે.

એટલે આત્મરતિ વધારનારા સમ્યગ્જ્ઞાનમાં તે પ્રીતિવાળો હોય. મનને એક ક્ષણ માટે પણ પરપદાર્થોની વિચારણામાં ન સરકવા દે.

આત્માની પ્રિયાને આત્મા જ પ્રિય હોય. અનાત્મા હરગીઝ નહિ.

સતી પરપુરુષનો વિચાર પણ ન કરે તેમ આ દૃષ્ટિમાં આત્મા સિવાયના બીજા વિચારો નથી હોતા.

પૌદ્‌ગલિક સુખ પાછળ અનંત ભવો બરબાદ કરવા છતાં, અનેક જીવોને સંતાપ્યા છતાં આ જીવ ખરેખર સુખી ન થયો તે એમ બતાવે છે કે ચેતનને સુખી કરવાની યોગ્યતા જડ એવા પુદ્‌ગલોમાં નથી.

આ સત્યમાં સ્થિર પ્રજ્ઞાવાળો પુરુષ કાંતાદૃષ્ટિ પ્રાપ્ત થયે આત્મા વડે આત્મામાં જ તૃપ્તિ અનુભવે છે.

**એહવે જ્ઞાને રે વિઘન - નિવારણા,**
**ભોગ નહિ ભવ-હેત;**
**નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી,**
**મન ગુણ-અવગુણ-ખેત. ............ ધન ધન. ૭**

**અર્થ :** એવા જ્ઞાનથી ધર્મમાં વિઘ્નકર્તા કારણોનું નિવારણ કરે. વળી અભયકુમારની પેઠે બીજાને શાસનપ્રભાવનાદિ કારણો મેળવી આપે.

આ દૃષ્ટિવાળો આત્મા જો કે ભોગ ભોગવે છે તો પણ તે તેને સંસારના હેતુભૂત થતા નથી. કારણ કે તે આત્માની નિરંતર એવી વિચારણા હોય છે કે, સંસારના વિષયો સ્વરૂપે ગુણરૂપ નથી તેમ દોષરૂપ નથી. તે વિષયાદિને વિષે મન જોડવું તે જ અવગુણનું ક્ષેત્ર છે, એમ જાણી તેમાં મનને પરોવે જ નહિ.

**ભાવાર્થ :** કાંતાદૃષ્ટિમાં વર્તતા આત્માની યોગ્યતા વર્ણવતાં પૂજ્યપાદ ફરમાવે છે કે, અર્હત્ પ્રણિત ધર્મની પરિણતિવાળો તે ધર્મમાં વિઘ્નકર્તા કારણોનું નિવારણ કરે.

ધર્મમાં વિઘ્ન અધર્મ કરે છે. અધર્મ તે જે ચેતનના ધર્મથી અતિરિક્ત છે, વિપરીત છે.

સૂર્યના કિરણો પ્રકાશમાં અંતરાયભૂત અંધકારને હઠાવે

છે તેમ આ દૃષ્ટિવાળો આત્મા સમ્યગ્જ્ઞાનના પ્રભાવે મિથ્યાજ્ઞાનરૂપ અંધકારને હઠાવીને ધર્મને પોષે છે.

રાજગૃહીના એક નવદીક્ષિતની નગરવાસીઓ દ્વારા થતી હાંસીના સમાચારથી વ્યાકૂળ બની ગયેલા શ્રી અભયકુમારે નગરજનોને નગરના બાગમાં એકઠા કર્યા અને પછી બોલ્યા, મારી પાસે કિંમતી પાંચ રત્નો છે. તમારામાંથી જે નાગરિક પોતાની એક ઇન્દ્રિયને વશમાં રાખવાની દૃઢ પ્રતિજ્ઞા લેશે તેને તેમાંથી એક રત્ન આપીશ અને જે નાગરિક પોતાની પાંચે ઇન્દ્રિયોને વશ કરવાનો નિયમ વિધિપૂર્વક ગ્રહણ કરશે તેને પાંચ રત્નો આપીશ. તો તમારામાંથી જે ભાઇ યા બહેન આવો નિયમ લેવા તૈયાર હોય તે ઊભા થાય.

આ જાહેરાતથી નગરજનો ખુશ થઇ ગયા. તેમના મોં પરનો ઉલ્લાસ જોઇને મહામંત્રી બોલ્યા, ‘એક વાત યાદ રહે, નિયમ લીધા પછી જે માણસ તેનો ભંગ કરશે તેને કડક શિક્ષા થશે. દા.ત. તમારામાંથી કોઇ એક ઇન્દ્રિયરૂપી આંખને વશ કરવાનો નિયમ લેશે એટલે તેનાથી તે આંખ વડે પરપુરુષ યા પરસ્ત્રી તરફ વિકારભરી નજરે જોઇ નહિ શકાય, પર પદાર્થોના રૂપમાં આસક્ત નહિ થઇ શકાય. ઇંટ-ચૂનાના મહાલયોમાં મુગ્ધ નહિ થઇ શકાય. એ આંખને આત્માની આંખ બનાવવી પડશે.

આ હકીકત સમજી-વિચારીને નિયમ લેવાનો છે. તો જેમની ભાવના હોય તે ઊભા થાય.

એક ઈન્દ્રિયને વશમાં રાખવાનું કામ પણ ખૂબ અઘરું છે, એ સમજાઇ જતાં નગરજનો નતમસ્તકે બેઠા રહ્યા. રત્ન મેળવવાનો તેમનો ઉલ્લાસ ઓસરી ગયો.

આ તક સાધીને શ્રી અભયકુમાર બોલ્યા, 'જો તમારામાંથી કોઈ એક ઈન્દ્રિયને વશ કરવાનો નિયમ લેવા જેટલું પણ શૂરાતન બતાવી શકતું નથી, તો આપણા નગરના જે યુવાને તાજેતરમાં દીક્ષા લઈને પાંચે ઈન્દ્રિયોને વશ કરવાનું બીડું ઝડપ્યું છે, તેની નિંદા કે હાંસી આપણાથી થાય ખરી?'

નગરજનો સાચી વાત સમજી ગયા. નવદીક્ષિતની હાંસી કરી તેનો પસ્તાવો તેમણે વ્યક્ત કર્યો અને હવે પછી કોઈ આરાધકની હાંસી નહિ કરવાનો નિર્ધાર કર્યો.

મતલબ કે શાસન જેને પરિણત થયું હોય છે તે મહાન આત્મા આવી અનેક રીતે શાસનની પ્રભાવના કરતો રહે છે.

આ દૃષ્ટિવાળા આત્મામાં આવી શાસનપ્રભાવક ક્ષમતા પણ હોય છે.

એટલે સંસારમાં રહેવા છતાં તેમાં આસક્ત થતો નથી.

મહાત્માઓ જમીન પર સંથારો કરીને પણ સુખે સૂઈ શકે છે, સંસારાસક્ત માણસને મણ રૂનું ગાદલું પણ ઓછું પડે છે.

પર પદાર્થો તરફનું આવું આકર્ષણ આત્માને સંસારમાં રખડાવે છે.

જડ પદાર્થો આત્માને સુખ આપી શકતા નથી એમ સારી રીતે જાણતો આ દૃષ્ટિવાળો આત્મા તેમાં મનને પરોવતો નથી.

સ્વાદિષ્ટ ભોજન મળ્યું તો ય શું અને નિરસ ભોજન મળ્યું તો ય શું - આ દૃષ્ટિવાળો તેને રાગદ્વેષરહિતપણે આરોગે છે. કારણ કે તે જાણતો હોય છે કે સરસ-નિરસ ભોજન એ જીભનો વિષય છે.

એટલે આ દૃષ્ટિવાળો આત્મા સંસારમાં રહેતો હોવા છતાં મનથી આત્મામાં રહે છે, આત્માને માફકસરનું જીવન જીવે છે.

આવી ઉચ્ચ આત્મરસિકતા ખીલવવી એમાં શ્રી જિન-શાસનને પામ્યાની સાર્થકતા છે.

શ્રી જિનની આજ્ઞાના શાસનવાળું નિર્મળ જીવન જીવનારાઓને ધન્ય છે.

**માયા-પાણી રે જાણી તેહને,**
**લંઘી જાય અડોલ;**
**સાચું જાણી તે રે બીતો રહે,**
**ન ચલે ડામાડોલ. .................... ધન ધન. ૮**

**અર્થ :** કાંતાદૃષ્ટિમાં વર્તતો આત્મા માયારૂપ પાણીના વિવિધ તરંગના વિલાસ દેખીને તેને ઉલ્લંઘી જાય. અર્થાત્ તેમાં પ્રવેશ કરે નહિ.

વળી સમ્યગ્જ્ઞાન તથા શ્રદ્ધાએ તે આત્મા અડોલ હોવાથી ભવપ્રપંચમાં ફસાતો નથી. આત્મસ્વરૂપનું સાચું જ્ઞાન થવાથી ભવપ્રપંચથી બીતો-ડરતો રહે. સંસારમાં અવિદ્યાના માયાયુક્ત પ્રપંચોથી ક્ષોભ પામે નહિ. ધર્મથી ચલાયમાન ન થાય.

**ભાવાર્થ :** અંબડ પરિવ્રાજકે શ્રી તીર્થંકરદેવની માયા રચી છતાં મહાસતી સુલસા તેનાથી પ્રભાવિત ન થયા, પણ ધર્મમાં જ સ્થિર રહ્યા.

ઉનાળાના સખ્ત તાપમાં વરાળ પાતળી પડી જઇને પાણી જેવો દેખાવ ઊભો કરે છે. એટલે તરસ્યા પશુઓ તેને સાચું પાણી માનીને પીવા માટે દોડે છે, પણ થાકીને હતાશ થાય છે.

અંધારી રાતે દોરડું સર્પ જેવું દેખાય છે અને તેને જોઇને માણસ ગભરાઇ જાય છે. પરસેવે રેબઝેબ થઇ જાય છે.

પદાર્થના યથાર્થ સ્વરૂપના દર્શનથી વંચિત રાખનારી આ માયાને કાંતાદૃષ્ટિમાં વર્તતો આત્મા યથાર્થપણે જાણી લઇને તેમાં ફસાતો નથી.

તેમ અનંત પદાર્થો ધારણ કરી ચૂકેલ આત્મા જ્યાં સુધી તેમાં જ રાચે છે ત્યાં સુધી તે આત્મસ્વરૂપને પામી શકતો નથી.

જ્યારે આ દૃષ્ટિમાં તો આત્મબોધ એટલો સ્પષ્ટ હોય છે કે તેમાં વર્તતો આત્મા દુનિયાના કોઇ પ્રપંચમાં ફસાતો નથી.

પદાર્થ વિજ્ઞાનના ગમે તેવા આવિષ્કારને પણ આ આત્મા પુદ્ગલનો ખેલ સમજે છે.

તાત્પર્ય કે સ્વ-સ્વરૂપના શુદ્ધ સંવેદન પછી આખો સંસાર માયામહેલ જેવો લાગે છે, તેનો કોઇ પદાર્થ આત્માને સ્વ-ભાવ-ભ્રષ્ટ કરી શકતો નથી.

'ચિત્ત ડમડોળતું વારીએ, પાળીએ સહજગુણ આપ રે.'

આ સજ્ઝાય પંક્તિ આ આત્માના લોહીમાં રમી ગઇ હોય છે.

એટલે સંસારીઓને ક્ષોભ પમાડનારી કોઇ પણ ઘટના તેને ક્ષોભ પમાડી શકતી નથી.

આખો સંસાર લપસણો છે, એમ સારી રીતે જાણતો તે જયણાપૂર્વક ચાલે છે. ઉપયોગપૂર્વક વર્તે છે, મનમાં તુચ્છ વિચારોના તરંગોને ઉત્પન્ન થવા દેતો નથી.

ધન્ય છે આવા આત્મનિષ્ઠ પુરુષોને !

**ભોગ તત્ત્વને રે એ ભય નવિ ટળે,**
**જૂઠા જાણે રે ભોગ;**
**તે એ દૃષ્ટિ રે ભવસાયર તરે,**
**લહે વલી સુયશ-સંયોગ............ ધન ધન. ૯**

**અર્થ :** જે સંસારના ભોગને તાત્ત્વિક જાણે તેને સંસારના ભય ટળે નહિ એવો દૃઢ નિશ્ચય થવાથી - આ દૃષ્ટિવાળો આત્મા ઇન્દ્રિયોના ભોગને જૂઠા-માઠા માણે છે. એવા સંસારના ભોગથી ભવપરંપરા વધે છે, પણ ભવસાગર તરાતો નથી, એવું જે આત્મા જાણે છે, તે આત્મા આ દૃષ્ટિમાં વર્તતો થકો ભવસમુદ્રના

પારને પામે છે. અર્થાત્ કર્મરહિત થઇ, સુયશ મેળવી આત્માના અક્ષય સુખના વિલાસનો સુસંયોગ પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થ :** સંસારના ભોગને રોગની જેમ ભોગવે તે તત્ત્વજ્ઞ પુરુષ કહેવાય છે.

સંસારના ભોગને ખરેખર ભોગવવા જેવા માને તે બધા મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.

મડદા સાથેની મહોબ્બતના વળતરરૂપે દુઃખ અને ગ્લાનિ જ મળે છે, પણ સુખ કે પ્રસન્નતા નથી મળતા, તેમ ઇન્દ્રિયોના વિષયોમાં ગળાબૂડ રહેવાથી આત્મા દુઃખી દુઃખી થઇ જાય છે. ચિત્તની શાંતિ હણાઇ જાય છે.

આવી યથાર્થ સમજમાં સ્થિરપ્રજ્ઞાવાળો પુરુષ કાંતા-દૃષ્ટિવાળો હોય છે.

આ દૃષ્ટિથી દોરાતો તે ભવવિરહ વાંચ્છતો થકો મોક્ષના માર્ગે આગળ વધે છે, પણ સ્વર્ગીય સુખોમાં પણ લપટાતો નથી. કારણ કે તે સુખો પણ વાસ્તવમાં પુણ્યની પેદાશ છે. પુણ્ય ક્ષીણ થયે તે હજારો વિનંતીઓ છતાં ટકતા નથી.

એટલે આ દૃષ્ટિ વડે દોરાતો આત્મા સિદ્ધશિલા પર નજર રાખીને ભવસમુદ્રને તરતો રહે છે. આત્માને કર્મરહિત બનાવીને પરમપદને પામે છે. પરમપદની જ પ્રતિષ્ઠાને વધારે છે. પોતાની નિષ્ઠા એ જ એક પદમાં હોવાની દૃઢ પ્રતીતિ વિવેકીજનોને કરાવે છે.

કદી નહિ બુઝાનારો આ દૃષ્ટિનો પ્રકાશ જીવને આ જગતમાં સગી માની જેમ સંભાળીને શિવપદને પાત્ર બનાવે છે.

તત્ત્વની ધારણામાં નિશ્ચલ આ દૃષ્ટિવાળો હર હાલતમાં આત્મશુદ્ધિને સાચવે છે. જડરાગના રંગમાં રંગાતો નથી. શ્રી વીતરાગના વચનથી આડો ફંટાતો નથી. પણ લક્ષ્યવેધી બાણની જેમ સાધ્યરૂપ મોક્ષને પામે છે.

આવી દૃષ્ટિના દાતા શ્રી જિનેશ્વરદેવ અને શ્રી જૈન શાસનને કોટિ કોટિશઃ પ્રણામ.

⌘ ⌘ ⌘

## સાતમી પ્રભાદૃષ્ટિની સજ્ઝાય

(એ છિંડી કિહાં રાખી : એ દેશી)

**અર્ક-પ્રભા-સમ બોધ પ્રભામાં,**
**ધ્યાન-પ્રિયા એ દિટ્ઠી;**
**તત્ત્વ તણી પ્રતિપત્તિ ઈહાં વળી,**
**રોગ નહિ સુખ પુટ્ઠી રે.**
**ભવિકા ! વીરવચન ચિત્ત ધરીએ...................... ૧**

**અર્થ :** (હવે 'પ્રભા' નામની સાતમી દૃષ્ટિ કહીએ છીએ.)

આ દૃષ્ટિમાં બોધનો પ્રકાશ સૂર્યની પ્રભા સરખો હોય. સૂર્યનો પ્રકાશ જેમ અંધકારનો નાશ કરે તેમ આ દૃષ્ટિમાં વર્તતો આત્મા અજ્ઞાનનો નાશ કરે. પ્રશાંતવાહિતા આદિ જે ગુણો કાયરોને દુર્ધર છે, તે આ દૃષ્ટિવંતને હોય.

આ દૃષ્ટિમાં ધ્યાનપ્રિય હોય. આ દૃષ્ટિ 'ધ્યાનપ્રિય' હોવાથી તે આત્મા ધ્યાનમાં જ વર્તતો રહે, તત્ત્વની પ્રતિપત્તિ એટલે ચારિત્રાદિક રત્નત્રયની આદરણા હોય. બાહ્ય-અભ્યંતર શરીરના રોગ, ઉપાધિ કે અસમાધિ તેને ન હોય અને સુખની પુષ્ટિ હોય.

હે ભવ્યો ! એવા શ્રી વીરપ્રભુના વચનને મનમાં તત્ત્વરૂપે ગ્રહણ કરો.

ભાવાર્થ : સાતમી પ્રભા નામની દૃષ્ટિને સૂર્યના પ્રકાશની ઉપમા આપી છે.

સૂર્યના પ્રકાશમાં અંધકાર નથી ટકતો તેમ આ દૃષ્ટિમાં વર્તતો આત્મા અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કરે છે. 'હું આત્મા છું' એ બોધ તેના રૂંવાડે રૂંવાડે પરિણત થઈ જાય છે. પૌદ્‌ગલિક દૃષ્ટિ ક્ષીણ પ્રાયઃ થઈ જાય છે.

યોગનું સાતમું અંગ 'ધ્યાન' આ દૃષ્ટિમાં સિદ્ધ થાય છે.

એટલે આ દૃષ્ટિવાળો યોગી પુરુષ આત્મધ્યાનમાં રહે છે. તેના ધ્યાનમાં આત્મા જ હોય છે. આત્માના શુદ્ધ સ્વરૂપને શોધવો તે સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રયીની આરાધનામાં સહજ પ્રીતિવાળો બને છે.

સૂર્ય અને પ્રકાશ વચ્ચે છે તેવો અભેદ આ આત્મા અને આત્મતત્ત્વ સાધે છે, તેથી તે નિત્ય આત્માનંદ માણે છે. રોગ-શોક-ચિંતા આદિ તેને ત્યાં મુકામ કરી શકતાં નથી. કારણ કે તેમને રહેવાની જગ્યા જ ત્યાં હોતી નથી.

ચરમ તીર્થપતિ શ્રી વીરજિનેશ્વરદેવના વચનના આ મર્મને મનમાં વારંવાર મમળાવતા રહેવાથી, મનને ડામાડોળ કરનારા રાગ-દ્વેષરૂપી સંસારથી અલિપ્ત રહેવાની પાત્રતા આપણે પણ જરૂર પ્રગટાવી શકીશું.

તાત્પર્ય કે શ્રી જિનવચનને આગળ રાખીને ચાલવામાં જ દેવદુર્લભ માનવભવની ઇજ્જત છે.

સઘલું પરવશ તે દુઃખ લક્ષણ,
 નિજ વશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમગુણ પ્રગટે,
 કહો સુખ તે કુણ કહીએ રે. ........ભવિકા. ૨

**અર્થ :** જે પર-પુદ્‌ગલાદિકને વશવર્તીપણું તે જ દુઃખનું લક્ષણ છે અને પોતાના આત્મ સ્વભાવમાં જ વર્તવું તે સુખનું લક્ષણ છે. એવી રીતે આ દૃષ્ટિમાં આત્મગુણથી પરમાનંદ સુખ પ્રગટ થાય. તે સુખના સ્વરૂપને જ્ઞાની વિના બીજો કોણ કહી શકે ?

**ભાવાર્થ :** પરાધીનતાથી મોટું કોઇ દુઃખ નથી, સ્વાધીનતાથી મોટું કોઇ સુખ નથી.

સુખની આશાએ પર પદાર્થોને સેવવા તે જ મોટું દુઃખ છે.

સાચા અખંડ - અખૂટ સુખના મહાસગર જેવો આત્મા જડ પદાર્થોમાં સુખ શોધે એ ઘટના જ અત્યંત કરૂણ છે. તૃષા છીપાવવા માટે રેતી ફાકવા જેવી દુઃખદાયી છે.

બધા પુદ્‌ગલાનંદી જીવોની આ દુઃખદ સ્થિતિનું પૂરૂં વર્ણન જ્ઞાની ભગવંત જ કરી શકે તેમ છે.

આવી પૌદ્‌ગલિક દૃષ્ટિ - પોતાની નાભિમાં રહેલી કસ્તુરીથી અજ્ઞાત કસ્તુરીમૃગની માફક, જીવોને સંસારના ભયંકર જંગલમાં અતિશય દોડાવે છે અને છતાં તેમને એક ચમચી જેટલું પણ સાચું સુખ મળતું નથી.

સાચું સુખ આત્મામાં છે, આત્મા સિવાયના જડ પદાર્થોમાં નહિ. પેલા ડોસીમાની જેમ ઘરમાં ખોવાઇ ગયેલી સોય શેરીમાં શોધવાથી લાખો ઉપાયોએ પણ મળતી નથી, તેમ આત્મામાં રહેલા સુખની શોધ સંસાર-શેરીમાં કદી મળતું નથી.

જે જ્યાં નથી, ત્યાં તેની શોધ કરવી તે ભારે અજ્ઞાન છે.

સૂર્યના પ્રકાશ જેવા આત્મબોધવાળા યોગી પુરુષો આ સુખ આત્મામાં જ માણે છે. શબ્દો વડે પૂરૂં ન વર્ણવી શકાય તેવું આ સુખ આ દૃષ્ટિમાં વર્તતા યોગીને એવી તૃપ્તિ બક્ષે છે કે, તેને પર-પદાર્થની સ્પૃહા રહેતી જ નથી. એટલે તે આત્મધ્યાનમાં જ રહે છે. અર્થાત્ તેની સમગ્રતામાં આત્મભાવ એવો ફેલાઇ જાય છે કે, ધ્યાતા અને ધ્યાનનો સ્વાભાવિક અભેદ તે અનુભવતો હોય છે.

આત્માનુભવગત આ સુખનો આસ્વાદ અનુભવ્યે જ માણી શકાય છે અથવા તો સર્વજ્ઞ ભગવંત જ તેની યત્કિંચિત રજૂઆત કરી શકે છે.

આવા પરમ સુખનો માર્ગ બતાવનારા શ્રી જિનેશ્વરદેવના વચનના મર્મને આપણે હૃદયમાં ધરીએ !

**નાગર સુખ પામર નવ જાણે,**
**વલ્લભ સુખ ન કુમારી;**
**અનુભવ વિણ તેમ ધ્યાનતણું સુખ,**
**કોણ જાણે નરનારી રે................ભવિકા. ૩**

**અર્થ :** જેમ નગરમાં રહેનારા ચતુર પુરુષોના સુખનો વિલાસ, ગામડામાં રહેનાર ગરીબ માણસ જાણી શકે નહિ તથા જેમ કુંવારી કન્યા, સુંદર ભર્તારયુક્ત વલ્લભના સુખને જાણી શકે નહિ, તેમ આત્માના અનુભવજ્ઞાન વિના ધ્યાનનું સુખ બહિરાત્મદૃષ્ટિમાં રહેતા સ્ત્રી અથવા પુરુષ કોણ જાણી શકે ? અર્થાત્ જાણી શકે નહિ.

**ભાવાર્થ :** એક રાજા જંગલમાં ભૂલો પડ્યો. ખૂબ તરસ્યો થયો, 'પાણી-પાણી' કરતો તે બેહોશ થઈ ગયો. એવામાં એક જંગલવાસીએ તેને જોયો. પાસેના સરોવરમાંથી પાણી લાવીને તેના મોં પર છાંટયુ. રાજા હોશમાં આવ્યો. જંગલવાસીએ તેને પાણી પાયું. એટલે રાજા પુનઃ સ્વસ્થ થયો. પોતાના પ્રાણ બચાવનારા જંગલવાસીને તે રાજમહેલે લઇ ગયો અને પોતાના સેવકોને આજ્ઞા કરી કે આ ભલા માણસની ઉત્તમ પ્રકારે સેવા કરજો.

રાજમહેલના ઉત્તમ વૈભવ વચ્ચે જંગલવાસી ઘરને ભૂલી ગયો. પણ થોડા દિવસ પછી તેને ઘર સાંભર્યું. દુઃખી પરિવાર સાંભર્યો એટલે તેણે રાજાને કહ્યું, હવે મારે ઘેર જવું છે. રાજાએ તેને રોકાઇ જવાનો આગ્રહ કર્યો, પણ તે ન માન્યો.

છેવટે રાજાએ તેને વહાલભરી વિદાય આપી.

જંગલવાસી ઘેર પહોંચ્યો. તેની રાહ જોતાં પત્ની-પુત્રાદિએ પૂછ્યું, આટલા દિવસ ક્યાં ગયા હતા ?

તેણે માંડીને સઘળી વાત કરી. તે સાંભળીને તેના પુત્રે પૂછ્યું, રાજમહેલનું સુખ કેવું હતું તે કહો.

તે બોલ્યો, બેટા ! હું કેમે કરીને તે કહી શકું તેમ નથી. ક્યાં આપણી આ ભાંગીતૂટી ઝૂંપડી, ક્યાં સંગેમરમરનો એ રાજમહેલ ? ત્યાંની અનેક વસ્તુઓનાં નામ પણ મને આવડતાં નથી, તો એના ભોગવિલાસમાં જે આનંદ મને આવ્યો તે હું કઇ રીતે કહી શકું ?

*બસ, આજ રીતે પૌદ્ગલિક દૃષ્ટિમાં વર્તતો કોઇ જીવ,* આત્માના અનુભવજ્ઞાનને જાણી શકે નહિ, ખાખરાની ખિસકોલી સાકરના સ્વાદને જાણી શકે નહિ. તેમ પૌદ્ગલિક સુખોમાં ગ્રસ્ત સ્ત્રી યા પુરુષ આત્માના અનુભવજ્ઞાનની કલ્પના પણ કરી શકે નહિ.

આ સુખ જીભ વડે ચાખી શકાતું નથી. નાક વડે સૂંઘી શકાતું નથી. કાન વડે સાંભળી શકાતું નથી. આંખો વડે જોઇ શકાતું નથી. ત્વચા વડે અનુભવી શકાતું નથી. આ સુખનો અનુભવ તો આ પાંચ ઈન્દ્રિયોના વિષયોથી પર બન્યા પછી જ અનુભવી શકાય છે.

આત્મધ્યાનજન્ય આ સુખ માણવા માટે સઘળા ભૌતિક સુખો મૃગજળ જેવાં ભ્રામક લાગવાં જોઇએ.

સાતમી પ્રભાદૃષ્ટિના પ્રકાશમાં આ ભ્રમણા ટળી જાય છે અને એક આત્મા જ આત્માને સેવવા જેવો લાગે છે.

સ્વ-રૂપથી ભ્રષ્ટ થનારા દુ:ખી જ હોય.

સ્વ-રૂપમાં મગ્ન રહેનારા સુખી જ હોય.

એક ખીણમાંથી પસાર સિકંદરના સૈનિકોની કૂચ એકાએક અટકી પડી એટલે સિકંદરે ત્રાડ નાખી, આગળ વધો. છતાં સૈનિકો આગળ ન વધી શક્યા. એટલે સિકંદર જાતે આગળ વધવા ટુકડીની મોખરે આવ્યો. તો તેણે ત્યાં એક યોગીને બેઠેલા જોયા.

તેણે કહ્યું, સાંકડી ખીણનો માર્ગ રોકીને આમ ન બેસાય. રસ્તો આપો !

યોગીએ કહ્યું, તડકામાં આડ ન કર.

સિકંદર બોલ્યો, તમે જાણો છો કે હું કોણ છું ?

યોગી બોલ્યા, મર્ત્ય માનવી.

યોગીની આ આત્મમસ્તી આગળ સિકંદર ઝૂકી પડ્યો.

આત્માના અખૂટ આનંદ અને અનંત સામર્થ્યનો અનુભવ નથી થતો ત્યાં સુધી જ માનવી બાહ્ય ઉપાધિઓ કોટે લગાવીને મિથ્યા મગરૂબી અનુભવતો હોય છે, પણ જ્યારે સાચો આત્માનુભવ થાય છે, ત્યારે તેને ચક્રવર્તીપદનું સુખ પણ ધૂળના ફાકડા જેવું ફીક્કું - થૂંકી દેવા જેવું લાગે છે.

આત્માના બોધનો સ્પર્શ જેમ જેમ અધિક સ્પષ્ટ થતો જાય છે, તેમ તેમ પરપદાર્થજન્ય સુખની લાલસા મંદ-મંદતર બનતી જાય છે.

પહેલી મિત્રાદષ્ટિના સ્પર્શથી શરૂ થતો આ આત્મબોધ, આ સાતમી પ્રભાદષ્ટિમાં સૂર્યના પ્રકાશ જેવો પ્રભાવશાળી બને છે. એટલે આ દષ્ટિમાં વર્તતો સંસારમાં બેભાન રહે છે. એક આત્મા માટે જ સભાનપણે જીવે છે.

સંસારરસિક કોઇ જીવને આ અવસ્થાના અનુપમ સુખની કલ્પના પણ આવી શકતી નથી.

કાદવમાં આળોટવાની રૂચિવાળું ભૂંડ, માનસરોવરમાં તરતા રાજહંસના સુખની કલ્પના ન કરી શકે તેમ પૌદ્ગલિક સુખોના કીચડમાં ફસાયેલો કોઇ જીવ, આત્માના નિર્મળ આનંદમાં મગ્ન યોગીપુરુષોના સુખની કલ્પના ન કરી શકે તે સ્વાભાવિક છે.

એટલે આ દષ્ટિમાં વર્તતો આત્મા વિનશ્વર એવા કોઇ સુખને, યથાર્થ સુખરૂપે જોતો નથી, જાણતો નથી, સ્વીકારતો નથી અને એવું સુખ આપનારા કોઇ પદાર્થની લાલસા રાખતો જ નથી.

આંગણામાં ઘૂઘવી રહેલા આનંદના અર્ણવને છોડીને હે ભવ્ય જીવો ! તમે સંસારના કીચડમાં કાં આળોટો છો ! છોડો એ કુમાર્ગ અને મનને જોડો આત્મામાં, આત્માના ગુણોમાં !

**એહ દષ્ટિમાં નિર્મળ બોધે,**
**ધ્યાન સદા હોય સાચું;**
**દૂષણ રહિત નિરંતર જ્યોતિ,**
**રતન તે દીપે જાચું રે. ...............ભવિકા. ૪**

**અર્થ :** આ દૃષ્ટિવંત આત્માને નિર્મળ બોધનો પ્રકાશ થવાથી નિરંતર ધર્મધ્યાન તથા શુક્લધ્યાન સાચા જ હોય.

જેમ દૂષણરહિત, નિર્મળ જાતિવંત રત્નની જ્યોતિ નિરંતર વિશેષ પ્રકાશ આપે તેમ ધ્યાનમાં લીન આત્મા કર્મઉપાધિને અભાવે વિશેષપણે આત્મપ્રકાશથી દીપે.

**ભાવાર્થ :** પકવ ફલ અને રસ વચ્ચે જેવો અભેદ હોય છે, તેવો અભેદ આ દૃષ્ટિમાં વર્તતા યોગી અને ધ્યાન વચ્ચે હોય છે.

એટલે આ દૃષ્ટિવાળો આત્મા મુખ્યત્વે આપસ્વભાવમાં લીન રહે છે. કારણ કે પરભાવ પેદા કરનારા કર્માણુઓનો અત્યંત અલ્પ જથ્થો તેની આ આત્મરમણતામાં કશી જ ગરબડ પેદા કરી શકતો નથી, પણ સૂર્યના પ્રકાશમાં ઓગળી જતા ઝાકળના બિંદુઓની જેમ તે રહ્યો સહ્યો જથ્થો પણ નાબૂદ થતો જાય છે.

પૂરપાટ દોડતી ટ્રેઈનના માર્ગમાં એક સૂકું પાંદડું કશો ખાસ અવરોધ પેદા કરી શકતું નથી તેમ રહ્યા-સહ્યા આ કર્માણુઓ નિર્મળ આત્મધ્યાનમાં કશો ખાસ અવરોધ પેદા કરી શકતા નથી.

એટલે આ દૃષ્ટિવાળો નિરંતર ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં રહી શકે છે.

ધર્મધ્યાન પરિપકવ થાય છે ત્યારે શુક્લ ધ્યાન શરૂ થાય છે.

ધર્મધ્યાન એટલે આત્મસ્વભાવરૂપ ધર્મનું ધ્યાન કરવું તે, તેમાં રમણતા કરવી તે.

શુક્લધ્યાનમાં કશું કરવાપણું રહેતું નથી, પણ આત્મા આત્મપ્રકાશમાં નિમગ્ન રહે છે.

શુક્લધ્યાનની ધારામાં સમસ્ત કર્મરાશિને તત્કાલ નાબૂદ કરી દેવાની સ્વાભાવિક અપ્રતિમ શક્તિ હોય છે.

ધર્મધ્યાનમાં અપૂર્વ સિદ્ધિ હાંસલ કરવા માટે પર ધર્મોમાંથી ધ્યાન હટાવી લેવું પડે છે. પરપદાર્થોની વિચારણાને મનમાંથી નાબૂદ કરવી પડે છે. શરીરાદિ પરપદાર્થોના ધર્મોમાં મન જોડાયેલું રહે છે. ત્યાં સુધી સ્વાત્માના ધર્મનું ધ્યાન તે ધરી શકતું નથી. કદાચ ધરવાનો પ્રયત્ન કરે છે તો તે પણ અલ્પકાળમાં નિષ્ફળ નીવડે છે.

નિર્મળ જાતિવંત રત્નને ગમે ત્યાં મૂકો, પણ પ્રકાશ પાથરવાનો સ્વધર્મ તે બજાવશે જ તેમ આ પ્રભાદષ્ટિવાળો આત્મા, ગમે તે દેશ અને કાળ વચ્ચે પણ આત્મસ્વભાવનો પ્રકાશ પાથરતો રહે છે.

**વિષભાગક્ષય શાંત વાહિતા,**
**શિવમારગ ધ્રુવનામ;**
**કહે અસંગ ક્રિયા ઈહાં યોગી,**
**સુયશ પરિણામ રે. ..................ભવિકા. ૫**

**અર્થ :** આ દષ્ટિનું લક્ષણ કહે છે.

**વિષભાગક્ષય** એવું બૌદ્ધમાં મોક્ષનું નામ છે. એટલે -

'રાગ, દ્વેષ, અહંકૃતિ, કામેચ્છા આદિના ક્ષયથી મોક્ષ પ્રાપ્ત થાય છે', એવો બૌદ્ધનો મત છે.

'અપરાધી ઉપર પ્રશાંતવાહિતા એટલે નિરંતર શાંતપણું તે મોક્ષ' એવો સાંખ્યનો મત છે.

'જયાં ઉત્પાદ કે વિનાશ નહિ અને જે ધ્રુવ હોય તે મોક્ષ' એવો જૈમિનીયનો મત છે.

અને 'સર્વ પદાર્થમાં અસંગભાવથી અલિપ્ત ક્રિયાયુક્ત, ઉત્તમ યશરૂપ, આત્મગુણના પરિણામ સહિત, કર્મોપાધિરહિત-પણે શુદ્ધ તે મોક્ષ.' આ વ્યાખ્યા જૈનશૈલી પ્રમાણે મોક્ષની છે. એવા પરિણામવાળો આ દષ્ટિવાળો જીવ હોય છે.

**ભાવાર્થ :** 'પરિણામે બંધ' જેવો પરિણામ તેવો બંધ.

તાત્પર્ય કે એકની એક વસ્તુ જોતાં જુદા-જુદા જીવોને પોતપોતાની દષ્ટિ મુજબનો પરિણામ થતો હોય છે.

વસ્તુ પોતે વસ્તુરૂપે જ હોય છે. એ કોઇ પણ જીવને વળગવા જતી નથી, પણ તથાપ્રકારની દષ્ટિના કારણે જીવને તે વસ્તુ જોતાં તથાપ્રકારનો પરિણામ થાય છે.

લાલ કાચના ચશ્મા વડે જોનારને દુનિયા લાલ દેખાય, પીળા કાચના ચશ્મા વડે જોનારને દુનિયા પીળી દેખાય.

દુનિયા તો જેવી છે, તેવી છે, પણ તેને જુદી જુદી દષ્ટિ વડે જોનારને તે જુદા-જુદા રૂપરંગ વાળી દેખાય છે.

આ બધી જ દૃષ્ટિઓ મિથ્યા પ્રકારની છે. વાસનાજન્ય છે. ભૌતિક લાલસાજન્ય છે. પૌદ્ગલિક સુખેચ્છાજન્ય છે.

એટલે આ દૃષ્ટિવાળો જીવ સંસારમાં જ સુખ શોધતો રહીને, સુખ જ્યાં છે તે આત્માના ઘરથી દૂરને દૂર ઘસડાતો જાય છે.

જ્યારે પ્રભાદૃષ્ટિ વડે દોરાતો આત્મા, પરપદાર્થમાં લપટાતો નથી. પરપદાર્થને સેવવાથી આત્મા સુખી થાય એ ભ્રમણામાં રાચતો નથી. પરપદાર્થની વિચારણામાં સ્વ-સમય બરબાદ કરતો નથી, પણ પ્રત્યેક સમયે આત્મપરિણામયુક્ત રહીને પૂર્ણાનંદ માણતો હોય છે.

જડ પરમાણુઓની રચનામાં લુબ્ધ થનારો કોઇ સુખી થયો નથી, સુખી થતો નથી.

સાચું સુખ આત્મામાં છે. આત્મા બહારના કોઇ પદાર્થમાં નથી જ એ જ એક સનાતન સત્યમાં સ્થિરપ્રજ્ઞાવાળો યોગી કદી આત્માના આત્મપરિણતિને છોડતો નથી. પરપરિણતિ સ્વીકારતો નથી.

કામ, ક્રોધ, લોભ, માન, મદ, મોહ આદિ વિકારોના શિકાર બનવા છતાં જેને તેનો ખેદ નથી, પસ્તાવો નથી, શરમ નથી, તે સ્થૂલ દૃષ્ટિવાળો જીવ આ દૃષ્ટિવાળા યોગીને ભાગ્યે જ ઓળખી શકે છે.

'પરિગ્રહના પુંજ પર નાચનારા જીવો ખરેખર દયાપાત્ર છે.' એવું શાસ્ત્રવચન અસ્થિમજ્જાવત્ત બનાવનારી આ દૃષ્ટિ

જેમણે પ્રાપ્ત કરી છે તેમની અનુમોદના કરવાથી તેમજ જેઓ તેને પ્રાપ્ત કરવા માટે સાધના કરી રહ્યા છે તેમની પ્રશંસા કરવાથી પણ આપણા અંતર્વર્તી પરિણામમાં પવિત્રતા સંચરશે તેમાં કોઇ શક નથી.

પરપદાર્થની લાલસા પણ આત્માને અપવિત્ર બનાવે છે. આત્મભાવને દૂષિત કરે છે, એ સત્ય આપણે સ્વીકારવું જ પડશે. સ્વીકારીને પાળવું પડશે. તો જ આપણે સુખી થઇ શકીશું. કદી નાશ નહિ પામનારા આત્માના આનંદને માણવાની લાયકાત કેળવી શકીશું.

આ દૃષ્ટિવાળાને વધુમાં વધુ સ્વાદિષ્ટ, એક આત્મપદાર્થ જ લાગે છે. તેવો સ્વાદ આપણા જીવનમાં પણ આત્મા માટે સવેળા જાગો - ઉઘડો - પેદા થાઓ !

⌘ ⌘ ⌘

## આઠમી પરાદૃષ્ટિની સજ્ઝાય

(તુજ સાથે નહિ બોલું મારા વાલમા : એ દેશી)

દૃષ્ટિ આઠમી સાર સમાધિ,
નામ પરા તસ જાણું જી;
આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ,
શશિ-સમ બોધ વખાણું જી,
નિરતિચાર પદ એહમાં યોગી,
કહીએ નહિ અતિચારી જી,
આરોહે આરૂઢે ગિરિને,
તેમ એહની ગતિ ન્યારી જી. .................. ૧

**અર્થ :** ભવ્ય જીવનો આત્મસ્વભાવ જ્યાં અક્ષયપણે વર્તે છે, એવી આઠમી દૃષ્ટિ સારપ્રધાન આત્મસમાધિરૂપ છે. તેનું નામ પરા છે.

આ દૃષ્ટિમાં પોતાના આત્મસ્વભાવમાં પૂર્ણ પ્રવર્તન હોય. વળી બોધપ્રકાશ સંપૂર્ણ ચંદ્રમા સરખો નિર્મળ પ્રશાંતવાહિતા આદિ ગુણયુક્ત હોય.

આ દૃષ્ટિમાં પ્રવર્તતો યોગી નિરતિચારપદે પ્રવર્તે, કોઈ પણ વખત અતિચારપદમાં વર્તે નહિ. (૧) અતિક્રમ, (૨) વ્યતિક્રમ, (૩) અતિચાર. આવા ત્રણે દોષના પ્રકારમાં આવે નહિ, તો પછી અનાચારની પ્રવૃત્તિ તો હોય જ ક્યાંથી ?

જેમ મુનિરાજ ઉપશમ કે ક્ષપક શ્રેણિરૂપ ગિરિ=પર્વત ઉપર આરોહે=ચઢે, તેમ અહીં પરિણામની ધારાએ આત્માના પંડિતવીર્યના વિલાસે તે પણ ગુણ શ્રેણિને આરોહે, માટે તેની ગતિ ભવગતિથી ન્યારી હોય.

**ભાવાર્થ :** આ આઠમી દૃષ્ટિ **પરા** નામની છે અને તેનું આ 'પરા' નામ સર્વથા યથાર્થ છે, કારણ કે એનાથી પર કોઈ નથી અને એ સર્વથી પર છે, પરમ છે, સર્વોત્કૃષ્ટ છે, ઊંચામાં ઊંચી છે. અત્રે જ આધ્યાત્મિક વિકાસરૂપ યોગની પરાકાષ્ઠા - છેલ્લામાં છેલ્લી હદે પ્રાપ્ત થાય છે. અર્થાત્ અત્રે આત્મા સાક્ષાત્ પરમાત્મા બને છે.

આ દૃષ્ટિમાં ચંદ્રપ્રભા સમાન નિર્મળ બોધ, યોગનું આઠમું અંગ સમાધિ, આઠમા આસંગ નામના દોષનો ત્યાગ અને પૂર્ણ-પ્રવૃત્તિ નામના ગુણની સંપ્રાપ્તિ હોય છે.

સૂર્યનો પ્રકાશ તેજસ્વી છે, પરંતુ તાપ પમાડે છે અને ચંદ્રનો પ્રકાશ તો કેવળ સૌમ્ય ને શાંત હોઈ શીતળતા ઉપજાવે છે, પરમ આલ્હાદ આપે છે. એટલે ચંદ્રના પ્રકાશનું સ્થાન સૂર્ય કરતાં ચઢિયાતું માન્યું છે. આમ પૂર્ણ ચંદ્રની જેમ જયાં પૂર્ણ જ્ઞાનચંદ્રનો પ્રકાશ સોળે કળાએ ખીલી ઉઠે છે, એવી આ દૃષ્ટિનો બોધ પરમોત્કૃષ્ટ હોય છે અને તે બોધ - ચંદ્રની જયોત્સના સમસ્ત વિશ્વને પ્રકાશિત કરે છે, પણ તે વિશ્વરૂપ થતો નથી.

અને આમ બોધની પરાકાષ્ઠા પ્રાપ્ત હોવાથી અત્રે યોગનું આઠમું અંગ સમાધિ પ્રાપ્ત થાય છે.

આ દૃષ્ટિ સમાધિનિષ્ઠ હોય છે - સદા સદ્ધ્યાન રૂપ જ હોય છે. આ સમાધિ એ ધ્યાનનું ફળ છે.

ચિત્તનો દેશબંધ તે ધારણા. તેમાં પ્રત્યયની એકતાનતા તેજધ્યાન અર્થ માત્ર નિર્ભાસરૂપ હોઇ જાણે સ્વરૂપ શૂન્ય હોય તે સમાધિ. અર્થાત્ જ્યાં ધ્યેય વસ્તુ માત્ર જ દેખાય છે ને ધ્યાનનું સ્વરૂપ રહેતું નથી અને આમ જ્યાં ધ્યાતા, ધ્યાન ને ધ્યેયની એકતા સધાય છે, કેવળ એક સહજ એવું આત્મસ્વરૂપ જ સહજ સ્વરૂપે ભાસે છે, તેનું નામ સમાધિ છે.

એટલે આ દૃષ્ટિમાં સ્થિર કરતા યોગીની સહજાત્મરૂપે અખંડ સ્થિતિ હોય છે. કારણ કે પરભાવનું દ્વૈત આ દૃષ્ટિમાં દાખલ થઇ શકતું નથી.

સાતમો પ્રતિપત્તિ - તત્ત્વાનુભવરૂપ ગુણ પ્રગટ્યા પછી, સ્વાભાવિક ક્રમે આ દૃષ્ટિમાં આઠમો પ્રવૃત્તિ ગુણ પ્રગટે છે. જેથી યથાતત્ત્વ પ્રવૃત્તિ હોય છે.

એટલે કે જેવા પ્રકારે શુદ્ધ આત્મતત્ત્વનું સ્વરૂપ અનુભવવામાં આવ્યું, તેવા પ્રકારે પ્રવર્તનરૂપ, આચરણરૂપ, ચારિત્રરૂપ સ્થિતિ પ્રવર્તે છે. અર્થાત્ આત્માનો સ્વભાવ જ્ઞાન-દર્શનરૂપ છે. તે સ્વભાવમાં નિયત ચરિત્ર હોવું, આત્મસ્વભાવમાં પૂર્ણપણે પ્રવર્તવું, 'આપસ્વભાવે પ્રવૃત્તિ પૂરણ' થવી, એવો ઉત્કૃષ્ટ પ્રવૃત્તિગુણ આ દૃષ્ટિમાં પ્રગટે છે.

આ દૃષ્ટિમાં વર્તતો યોગી સર્વ આચારથી પર બને છે. અત્યાર સુધી યોગસાધના માટે જે-જે આચાર આવશ્યક હતા તે હવે કરણીય નથી રહેતા.

ગિરિ ઉપર ચઢેલાને, પછી નવું ચઢવાપણું નથી રહેતું એટલે તેને ચઢવા માટેની ક્રિયા પણ કરવાની નથી રહેતી.

તેમ છતાં ઉપર ચઢાવનારી તે-તે આચારક્રિયાઓની તે ક્યારેય અવગણના નથી કરતો.

ગુણના શિખરે પહોંચેલા આવા યોગીને અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચાર - એ ત્રણમાંનો કોઈ દોષ લાગતો નથી. કારણ કે તે નિરંતર આત્મસ્વભાવમાં વસે છે. પરપદાર્થનો આંશિક પણ વિચાર તેના મનના કોઈ પ્રદેશમાં હોતો નથી. ત્યાં-ત્યાં બધે જ આત્મસ્વભાવ પ્રતિષ્ઠિત થયેલો હોય છે.

આમ પરમ અદ્‌ભૂત આત્મસમાધિમય પરમ જ્ઞાનદશાને પામેલા યોગીશ્વરની વાત જ ન્યારી છે.

કર્મોપાધિરહિત તેમનો આત્મા પાંચમી ગતિને પામે છે.

સ્વભાવને પૂર્ણતયા ગ્રહણ કરીને સર્વથા કૃતકૃત્ય બનેલ આવા યોગીશ્વરને વંદન હો !

સંગના ત્યાગી, અંગના ત્યાગી, વચન-તરંગના ત્યાગી, મનના ત્યાગી, બુદ્ધિના ત્યાગી એવા આ વીતરાગ યોગીશ્વરને આત્મામાં નિહાળવાનું સૌભાગ્ય પાત્ર માત્રને સાંપડો !

ચંદનગંધ સમાન ક્ષમા ઈહાં,
વાસકને ન ગવેષે જી;
આસંગે વર્જિત વલી એહમાં,
કિરિયા નિજ ગુણ લેખે જી;
શિક્ષાથી જેમ રતન નિયોજન,
દૃષ્ટિ ભિન્ન તેમ એહો જી;
તાસ નિયોગે કરણ અપૂર્વે,
લહે મુનિ કેવલગેહો જી. ........................ ૨

**અર્થ :** વળી આ દૃષ્ટિમાં વર્તતા મુંનીરાજને શરીરાદિકનો ગંધ ચંદન સમાન સહજથી હોય, તેમ વચન પણ સહજથી ચંદન સમાન શીતળ હોય, ક્ષમાદિક ધર્મ પણ સહજથી હોય. વળી તેવી વાસના સહજથી હોય કે બીજા કોઈ દ્રવ્યની અપેક્ષા ન કરે.

વળી આ દૃષ્ટિમાં સંસારની આસંગતા ન હોય, સમિતિ-ગુપ્તિ વગેરે મૂલોત્તર ગુણોની પૂર્ણ પરિણતિ હોય, તેથી સર્વ ક્રિયા આત્મામાં આત્માર્થે થાય. જે ક્રિયાને અનુસરતો હોય એ ક્રિયા એવી હોય કે અક્રિય ગુણને સાધે.

દરેક રત્ન પરીક્ષક રત્નની પરીક્ષામાં જુદી જુદી રીતે પરીક્ષા કરે છે. તે દરેકની દૃષ્ટિ જેમ ભિન્ન જ હોય છે, તેમ આ યોગીની તે જ ભિક્ષાટનાદિ આચાર ક્રિયા પણ ભિન્ન જ હોય છે.

વળી આ દષ્ટિવાળા યોગી-મહામુનિ અહીં ધર્મસંન્યાસના વિનિયોગથી કૃતકૃત્ય થાય છે, તેમનો બેડો પાર થઇ જાય છે. કેવળ લક્ષ્મીને વરે છે.

**ભાવાર્થ :** ચંદન અને સુગંધ વચ્ચે જેવો સહજ અભેદ પ્રવર્તે છે, તેવો અભેદ આ દષ્ટિવાળા મહામુનિ અને ક્ષમાદિ ધર્મો વચ્ચે પ્રવર્તે છે.

આ દષ્ટિવાળા મહામુનિને કોઇ ચંદનનો લેપ કરે કે કોઇ વાંસલા વડે છેદે તો પણ તે બંને તરફ સમભાવ રાખે છે, તેમના આત્માના કોઇ પ્રદેશમાં પરભાવ હોતો જ નથી, એટલે આત્માથી ભિન્ન એવા દેહના સુખ-દુઃખ તેમને હોતાં નથી.

વળી આ દષ્ટિ, પ્રવૃત્તિથી ઉત્તીર્ણ આશયવાળી હોય છે. મતલબ કે ચિત્તને કંઇ પ્રવૃત્તિ કરવાપણું રહેતું નથી. એટલે તેની સમસ્ત પ્રવૃત્તિ નિવૃત્તિ થાય છે ને તે આત્મામાં લય પામે છે.

વાસનાનું બીજ સર્વથા બળી જતાં, આત્મા પોતે જ આત્મસ્વરૂપમાં પ્રવૃત્તિ કરે છે અને આવા મફતીઆ દલાલોની ડખલ બંધ થઇ જાય છે.

આમ ચિત્તવૃત્તિનિરોધરૂપ યોગની સંપૂર્ણ સિદ્ધિ અત્રે સંપ્રાપ્ત થાય છે.

વળી આ દષ્ટિમાં વર્તતા મુનિરાજને આંતર બાહ્ય નિર્ગ્રન્થતા હોય છે. એક આત્મા સિવાય અન્ય કોઇના સંગનો

રંગ તેમને લાગતો નથી. તેમજ એવો સંગ કરવા માટેનો લવલેશ ઉંમગ તેમના મનમાં કોઈ પ્રદેશમાં જાગતો નથી.

પૂર્ણત્વને પામેલા પુરુષશ્રેષ્ઠને કોઈ જાતનો અભરખો ન જ હોય તે સ્વાભાવિક છે. ઈચ્છા અને અભરખા, વાસના અને વિચારો અપૂર્ણને હોય. પરાદષ્ટિવંતને કદી ન જ હોય.

એટલે આ દષ્ટિવાળા મુનિરાજ જે ક્રિયા કરે તે આત્મામાં આત્માર્થે હોય. તેમાં કોઈ જાતનો સાંસારિક ભાવ ન હોય, પણ આત્માના ગુણોની જ પુષ્ટિ હોય.

વળી આ સિદ્ધ યોગીની દષ્ટિ, સાધક યોગીની દષ્ટિ કરતાં ભિન્ન હોય છે.

પ્રથમ શિક્ષા લેતી વેળાએ રત્નપરીક્ષા વિષે શિખાઉની જે દષ્ટિ હોય છે, તેના કરતાં શીખીને પાર ઉતરી ગયા પછી તે રત્નનું નિયોજન કરે છે એવા તે શિક્ષિતની દષ્ટિ જુદી જ હોય છે. કારણ કે પ્રથમ તો શિખાઉ એવા તેને તે વિષય સંબંધી કશું ખાસ જ્ઞાન હોતું નથી. રત્ન કેવું છે ? તેનું સ્વરૂપ શું ? તેના પ્રકાર કેટલા ? તેના ગુણ-દોષ શું ? તેનું ખરેખરું મૂલ્ય કેટલું ? ઈત્યાદિ બાબતમાં તે લગભગ અભાન હોય છે. એથી તે જિજ્ઞાસાપૂર્વક તે-તે રત્નની પરીક્ષા સંબંધી જ્ઞાન મેળવવા પ્રવૃત્તિ કરે છે. આમ અભ્યાસ કરતાં કરતાં તે, તદ્‌વિષયક જ્ઞાનમાં નિષ્ણાત થાય છે અને પછી રત્નપરીક્ષામાં સુશિક્ષિત એવો તે ઉપલબ્ધ જ્ઞાનનો વ્યવહારમાં વિનિયોગ કરે

છે. એટલે પહેલાંની શિખાઉ દૃષ્ટિ કરતાં, આ વિનિયોગ દશાની દૃષ્ટિ જુદા જ પ્રકારની હોય છે, તેમ અત્રે પણ યોગીની તે જ ભિક્ષાટન આદિ આચારક્રિયા પણ ભિન્ન જ હોય છે. પહેલા પણ સાધક અવસ્થામાં એ જ ભિક્ષાટનાદિ ક્રિયા હતી, અને હમણાં સિદ્ધાવસ્થામાં પણ એ જ ભિક્ષાટનાદિ ક્રિયા છે, પણ બંને દૃષ્ટિમાં મહદ્ અંતર છે.

તે જ પ્રકારે આ દૃષ્ટિવાળો યોગી - મહામુનિ ધર્મસંન્યાના વિનિયોગથી અર્થાત્ શુદ્ધદૃષ્ટિથી તાત્ત્વિક આચરણરૂપ વિશિષ્ટ પ્રયોગથી ધર્મવ્યાપારરૂપ પ્રયોજનથી કૃતકૃત્ય થાય છે.

રત્નપરીક્ષા કરી જાણનારો ઝવેરી જ્યારે રત્નનો યથેચ્છપણે વ્યાપાર કરતો થાય છે, ત્યારે કૃતકૃત્યતા અનુભવે છે તેમ સાધેલા ધર્મના વિનિયોગરૂપ વ્યાપારથી સિદ્ધયોગી કૃતકૃત્યતા અનુભવે છે.

આ કક્ષાએ વિનિયોગ પણ સહજભાવે થાય છે.

ખીલેલા ફૂલની સુગંધને વિનિયોગ માટે કદાચ પવનનો આસરો લેવો ય પડે પણ પરાદૃષ્ટિવંત મહામુનિનો પ્રત્યેક શ્વાસોચ્છવાસ આ વિનિયોગ - ધર્મ બજાવતો હોય છે.

બીજા અપૂર્વકરણમાં મુખ્ય એવો આ ધર્મસંન્યાસ પ્રગટે છે અને તે ધર્મસંન્યાસના વિનિયોગ થકી નિરાવરણ એવી કેવલશ્રી ઉપજે છે, કે જે પ્રતિપાતના અભાવે સદોદયા હોય છે.

આ ધર્મસંન્યાસ યોગ તાત્ત્વિક પ્રકારનો હોય છે અને તેમાં ક્ષયોપશમભાવરૂપ ધર્મોનો પણ સંન્યાસ-ત્યાગ હોય છે.

આ તાત્ત્વિક ધર્મસંન્યાસ બીજા અપૂર્વકરણમાં પ્રગટે છે એવું પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજીનું વિધાન સહેતુક છે. કારણ કે પહેલા અપૂર્વકરણમાં ગ્રંથિભેદ થાય છે.

એટલે ગ્રંથિભેદના કારણરૂપ તે પહેલું અપૂર્વકરણ, ક્ષપકશ્રેણિ વેળાનું તે બીજું.

અપૂર્વકરણ એટલે અનાદિકાળના ભવભ્રમણમાં જે કદી પૂર્વે પ્રાપ્ત થયો નથી, એવો શુભ-પ્રશસ્ત આત્મપરિણામ.

આ અપૂર્વકરણરૂપ અ-પૂર્વ આત્મ સામર્થ્યને પામીને, પરમ આત્મવીર્યોલ્લાસ સ્ફુરાવીને જે યોગીપુરુષ ક્ષપકશ્રેણિ પર આરૂઢ થાય છે, તેને આ તાત્ત્વિક ધર્મસંન્યાસ નામનો સામર્થ્યયોગ હોય છે. કારણ કે ક્ષયોપશમરૂપ ધર્મોનું ક્ષપણ કરતો કરતો, કર્મ પ્રકૃતિઓને સર્વથા ખપાવતો-ખપાવતો ગુણસ્થાનકની શ્રેણિ પર વેગે ચઢતો જાય છે અને તેરમા સયોગી કેવલી ગુણસ્થાનકે પહોંચી નિજ કેવલનિધાન પ્રગટાવે છે.

આવા આત્મસામર્થ્યવંતા યોગીપુરુષને અંતઃકરણપૂર્વક કોટિ-કોટિ પ્રણામ !

**ક્ષીણ દોષ સર્વજ્ઞ મહામુનિ,**
**સર્વ લબ્ધિ-ફલ-ભોગી જી;**
**પર-ઉપગાર કરી શિવસુખ તે,**
**પામે યોગી અયોગી જી;**

સર્વ શત્રુ ક્ષય, સર્વ વ્યાધિ લય,
પૂરણ સર્વ-સમીહા જી;
સર્વ અરથ યોગે સુખ તેહથી,
અનંત ગુણ નિરીહાજી.......................... ૩

**અર્થ :** આ દૃષ્ટિમાં વર્તતા મહામુનિ સર્વ દોષનો ક્ષય કરે, વળી સર્વજ્ઞ કેવળજ્ઞાનવંત થાય. સમસ્ત લબ્ધિના ફળના ભોગી થાય. ભવ્ય આત્માઓને ચારિત્ર ધર્મ પમાડતાં તેઓને અત્યંત ઉપકારી થાય. પોતે શિવસુખ પામે. સયોગી ગુણઠાણે વર્તી, અયોગી ગુણઠાણે અયોગીપદ લઇ સિદ્ધિ પામે. સર્વ કર્મરૂપ શત્રુઓનો ક્ષય કરતાં રોગાદિ સર્વ વ્યાધિઓનો પણ નાશ કરે.

એ પ્રમાણે સર્વ સમીહા-વાંચ્છાઓ-ઇચ્છાઓ પૂર્ણ થવાથી આત્મસ્વરૂપમાં લીન થયા થકા એકરૂપતા પામે. સર્વ અર્થના યોગથી સંપૂર્ણ સુખે તૃપ્તિવંત રહે. તેથી નિરીહા-નિ:સ્પૃહપણે પ્રગટ થયા છે જે અનંત ગુણ, તેનું અવ્યાબાધ સુખ વધતાં-વધતાં પૂર્ણ આત્માનંદી થાય.

**ભાવાર્થ :** પરાદૃષ્ટિ, પરમદૃષ્ટિ, પરમસ્વરૂપમયદૃષ્ટિ પ્રાપ્ત કરનારા મહામુનિના પૂર્ણાનંદનું પરમ પ્રમોદવર્ધક ચિત્ર આ ગાથામાં પૂજ્યપાદે પ્રસ્તુત કર્યું છે.

આજે આપણે આ પદથી દૂર છીએ તે સાચું, પણ આ પદને પામવાની તાલાવેલી પણ ન હોય તો-તો ઘણા દુ:ખી

થઇ જઇએ. સ્થૂલદષ્ટિમાં જ અટવાઇ જઇએ, કૂવાને કબૂતર જેવી દયાજનક દશા આપણી પણ થાય.

પરમપદનું જે સુખ આ ગાથામાં વર્ણવ્યું છે, તે વાંચતાં, સાંભળતા પણ સાચા આત્માર્થીને તો મોમાં પાણી છૂટે. શૂળીની સેજ કરતાં ય વધુ પીડાકારી સંસારમાંથી છૂટવાની લગની લાગે. જ્યાં એક ક્ષણની પણ સાચી શાંતિ અનુભવવા મળતી નથી. અનેક પરાધીનતાઓ ચૂપચાપ, નત મસ્તકે સહન કરવી પડે છે એવા સંસારને સિંહવૃત્તિનો કોઇ પુરુષ સેવવા જેવો ન જ માને.

આ ગાથા કહે છે કે માણવા જેવું સર્વોત્તમ સુખ આત્મામાં જ છે. આત્માની બહાર તેનો એક અંશ પણ નથી.

એ આત્માને આપણે આપણી વૃત્તિમાં પરોવવાને બદલે આપણી વૃત્તિ મુજબ ઘસડવાની મિથ્યામતિથી દોરાઇને આપણે આજ સુધી જન્મ-મરણ વચ્ચે જ આત્માને સબડાવ્યો છે.

અપૂર્ણ, એકાંગી યાને મિથ્યાદષ્ટિ વડે જ દોરાતા રહીને આપણે આત્માને વધુ કર્મગ્રસ્ત બનાવીએ છીએ એ સત્ય જેટલું વહેલું આપણને સમજાશે તેટલા વહેલા આપણે મન અને ઇન્દ્રિયોના લવારાને બંધ કરીને આત્માને સાંભળતા થઇ શકીશું. આત્માના ગુણો સાથે પ્રીતિ કેળવી શકીશું. આત્મસ્વરૂપમાં રસ વધારતા થઇ શકીશું.

રાગ-દ્વેષ આગનો ગોળો છે.

આત્મા આનંદનો ઘન છે.

નક્કર આનંદ, સો ટચનો આાનંદ, અખંડ આનંદ, અનંત આનંદ, પરિપૂર્ણ આનંદ - આત્માના પરમ સ્વરૂપમાં જ છે. બીજે નથી - નથી ને નથી જ.

આજે ભલે આપણે મિત્રા, તારા કે સ્થિરાદષ્ટિમાં વર્તતા હોઈએ પણ આપણું લક્ષ્ય પરાદષ્ટિને પામવાનું હેય તો આપણે તદનુરૂપ પ્રવૃત્તિ કરતા રહીને જરૂર તે દષ્ટિને પામીને પામવા જેવું બધું જ પામી શકીએ.

છોડવા જેવા પદાર્થોને મેળવવા માટે મથવું, તેની પાછળ માનવભવ બરબાદ કરવો એ તો પશુકૃત્ય છે.

આપણી જાત કઇ ધાતુની છે તે. આપણે જાતે શાસ્ત્રના પ્રકાશમાં નક્કી કરી શકીએ તેમ છીએ. જો તેમાંથી બોદો અવાજ આવતો હોય તો માની લેવું કે તે કથીરની બનેલી છે. બુલંદ રણકાર આવતો હોય તો સ્વીકારવું કે તે સુવર્ણની છે.

પૌદ્‌ગલિક સુખની ઇચ્છા એ બોદો અવાજ છે.

અખૂટ આત્માનંદની ઉત્કટ તાલાવેલી એ બુલંદ રણકાર છે.

આત્મા, પુદ્‌ગલાશ્રિત થાય તેનાથી મોટી બીજી કઇ કરૂણતા હોઇ શકે. સિંહ ઘાસ ખાય તેના જેવી આ કરૂણતા છે.

કરૂણાવંત ભગવંતોએ કરૂણા કરીને જે તત્ત્વ પીરસ્યું છે તેનું પાન કરવાની ખરી તાલાવેલી જો આ માનવભવમાં

આપણા જીવનમાં નહિ જાગે તો બાજી હારી જઈશું. જંતુવત્ જીવનમાં ગાઢ અંધકારમાં ધકેલાઈ જઈશું. પાંદડા જેવું પરાધીન અને ચંચળ જીવન આપણું હશે કે જેમાંથી બહાર નીકળવા માટે આપણે અબજો વર્ષો સુધી અકામ નિર્જરા કરવી પડશે.

માટે વધુ નહિ તો રોજના ૨૪ કલાકમાંથી ૨૪ મિનિટ તો આત્માને જ સોંપી દેવી જોઈએ. તે ગાળામાં આત્માને જ કામ કરવા દેવું જોઈએ. આપણે સાક્ષીભાવે તે જોવું જોઈએ.

અનુભવ કરે છે કે, આ રીતે જીવનમાં આત્મા ઝળહળતો થાય છે. તેનું પ્રગટ બળ વર્તાય છે. તેના સ્વભાવનો અનુભવ થાય છે. અપૂર્વ શાંતિનો અનુભવ થાય છે.

'પરાદૃષ્ટિનો કરી સંકલ્પ, ક્ષણ-ક્ષણ ગાળું આત્મામાં.'

તો આત્મામાં ઘર કરીને રહેલા રાગદ્વેષરૂપી સંસારને વિદાય લીધે જ છૂટકો.

ખર્ચેલા સમયનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વળતર, આત્મા જ આપી શકે છે, પણ જો આત્મામાં આત્મા માટે ખર્ચાતો હોય - તો.

વિષ્ટા ચૂંથતા ભુંડ અને પુદ્ગલ સંગે રાચતા માણસ - એ બંનેમાં તાત્ત્વિક દૃષ્ટિએ કોઈ તફાવત નથી.

તાત્પર્ય કે આપણે રાજરાજેશ્વર ચેતનરાજના ઉપાસક બનીને પરમાત્મપદના ખેલી બનવું જ જોઈએ. તેમાં જ જીવનની સાર્થકતા છે.

એ અડદિટ્ઠી કહી સંક્ષેપે,
યોગશાસ્ત્ર સંકેતે જી;
કુલયોગીને પ્રવૃત્તચક્ર જે,
તેહ તણે હિત-હેતે જી;
યોગીકુલે જાયા તસ ધર્મે,
અનુગત તે કુલયોગી જી;
અદ્વેષી ગુરૂ-દેવ-દ્વિજ-પ્રિય,
દયાવંત ઉપયોગી જી. ............................. ૪

અર્થ : આ આઠ દૃષ્ટિ ભવ્ય પ્રાણીઓના ઉપકારને અર્થે યોગશાસ્ત્ર અનુસાર સંક્ષેપમાં કહી છે.

યોગી બે પ્રકારના છે : (૧) કુલયોગી, (૨) પ્રવૃત્ત-ચક્રયોગી.

તેમાં કુલયોગીઓ પોતાના ચિત્તમાં અહંકારથી એમ માને છે કે - 'અમે પણ યોગી છીએ.' તેથી તેઓના હિતને અર્થે આ દૃષ્ટિઓ કહી છે.

હવે તે યોગીઓનાં લક્ષણ બતાવે છે.

જે યોગીના કુળમાં જન્મ્યા હોય તથા જેના ધર્માચાર રૂઢિ માર્ગને અનુસરતા હોય એવા સામાન્ય બુદ્ધિએ વર્તતા સર્વ તાપસાદિ ષડ્દર્શનીઓ તે કુળયોગી જાણવા.

અને જેઓ અદ્વેષી હોય તથા દેવ, ગુરૂ અને બ્રહ્મચર્યાદિ ગુણ જેમને પ્રિય હોય એવા, વળી દયાવંત અને યતનાવંત હોય તેવા.

**ભાવાર્થ :** આ આઠ દૃષ્ટિમાંથી કઇ દૃષ્ટિમાં પોતે વર્તે છે તે તે-તે દૃષ્ટિવંતના લક્ષણો ઉપરથી નક્કી કરાય.

આ લક્ષણો રજૂ કરીને પૂજ્યપાદે ભવ્ય જીવો ઉપર અનહદ ઉપકાર કર્યો છે. કારણ કે તે સિવાય જીવને પોતાની તાત્ત્વિક કક્ષાનું યથાર્થ ભાન નથી થતું.

આ આઠ પૈકી કોઇ એક પણ દૃષ્ટિવાળો જીવ ભવવાટને કાપતો મોક્ષમાર્ગમાં કંઇક પણ આગળ વધી શકે છે અને તે સિવાયના બધા જીવો ઓઘદૃષ્ટિ-સ્થૂલદૃષ્ટિવાળા ગણાય છે કે જેઓ પુદ્ગલ સંગે રંગે રમતા રહીને આત્માને અવગણે છે.

આ આઠ પૈકી કોઇ એક દૃષ્ટિને લાયક બનવું તેમાં ધર્મસામગ્રીયુક્ત માનવભવની સાર્થકતા છે.

આ દૃષ્ટિઓનું વર્ણન યોગશાસ્ત્રના આધારે કરવામાં આવ્યું છે.

યોગશાસ્ત્ર એટલે આત્માને પરમાત્મા બનવાનો માર્ગ ચીંધનારું શાસ્ત્ર.

યોગી અંદર આત્મામાં રહે.

ભોગી બહાર સંસારમાં રહે.

યોગીઓ મુખ્યત્વે બે પ્રકારના છે :

**(૧) કુલયોગી :**

યોગીના કુળમાં જન્મવા માત્રથી શ્રી જિનોપદિષ્ટ

યોગસાધના સુલભ બની જાય, એવો કોઈ નિયમ નથી. ઉલ્ટાનો કુલ યોગીપણાનો તે ઘમંડ આત્માને સંસારમાં રખડાવે.

આવા યોગીઓના આત્મહિતાર્થે આ આઠ દૃષ્ટિઓનો બોધ ખરેખર ઉપકારક છે.

શુદ્ધ આત્મ-સાધનાનો આધારસ્થંભ જીવદયા છે અને શ્રી જિનોપદિષ્ટ ધર્મની પરિણતિ દ્વારા જ તેનું શ્રેષ્ઠ પ્રકારનું પાલન કોઈ પણ યોગમાર્ગી આત્મા કરી શકે છે.

કેવળ મતિકલ્પના અનુસાર યોગ સાધવાથી યથાર્થ યોગ સધાતો નથી, પણ મન વધુ ઉદ્દંડ બને છે, નશા દ્વારા તેને શૂન્ય બનાવવાના સઘળા પ્રયોગો - આત્માને વધુ બગાડનારા છે.

આ બધી વાતો કુળયોગીઓએ ખાસ લક્ષ્યમાં લેવા જેવી છે.

**(૨) પ્રવૃત્તચક્રયોગી :**

ગતિ ધારણ કરી ચૂકેલું ચક્ર. એક પછી એક સુંદર - ઘાટીલા વાસણ ઉતારવા માંડે છે, તેમ આ યોગીની પ્રત્યેક પ્રવૃત્તિમાંથી નિર્મળ આત્મસ્નેહ નીતરે છે. તે દેવ-ગુરૂ-બ્રહ્મચર્યાદિનો પાકો પ્રેમી હોય છે.

નિરંતર આત્મરમણતારૂપ બ્રહ્મચર્યનું પાલન તો આ યોગીઓને પ્રાણાધિક પ્યારું હોય છે.

યોગના પ્રતિપક્ષી એવા ભોગથી આ યોગીઓ સર્વથા દૂર રહે છે. દયા અને ઉપયોગ એ બે ઊંચા તાત્ત્વિક ગુણો

તેમની બે આંખો સમાન હોય છે. કદાચ આંખો ઝીણી થાય યા મીંચાય તો પણ આ બે ગુણો જીવતા-જાગતા રહે છે.

વીતરાગ, સર્વજ્ઞ શ્રી તીર્થંકર પરમાત્મા અને પંચ મહાવ્રતના પાલનમાં અપ્રમત્ત એવા ગુરૂ - એ બે આ યોગીના હૃદયમાં રહે છે.

પરમાત્માનું ધ્યાન ધરનારને સુદેવ અને સુગુરૂ એ બે ઠેઠ ૧૨-૧૩ ગુણસ્થાનક સુધી અત્યંત - અત્યંત જરૂરી છે.

ઊંચા ગુણસ્થાનકે પણ સૂક્ષ્મ અહં કંઈક પ્રમાણમાં આત્મામાં વિદ્યમાન હોય છે, એટલે તેના હુમલાથી બચવા માટે સુદેવ-સુગુરૂની નિશ્રા ખૂબ જ જરૂરી છે.

જીવનો દ્વેષ અને યોગમાર્ગ એ બે વચ્ચે આસમાન-જમીનનું અંતર છે.

આત્માનો ચાહક, ન કીડીના આત્માને દૂભવી શકે, ન કુંજરના આત્માને દૂભવી શકે.

આત્મા દૂભાય એટલે યોગ ન રહે.

પ્રવૃત્તચક્રયોગી આ સત્યને પચાવીને નિરંતર આત્મામાં રમે છે. આત્મસ્વભાવમાં રહે છે, પરભાવમાં ખસતો નથી. પરભાવનો સ્પર્શ તેને સર્પડંશ જેવો લાગે છે.

સુયોગ્ય પ્રયત્નો દ્વારા જીવને મિત્રની આંખે જોવાની પ્રથમ મિત્રાદષ્ટિને પાત્ર બનવાની તાલાવેલી પ્રત્યેક ભવ્ય આત્માને લાગે તેવી અગાધ કરૂણા આ દૃષ્ટિબોધમાં છલકાઈ રહી છે.

કોઈ જીવ, જડભાવને પામવાની કુદૃષ્ટિને વશ ન થાઓ !

**શુશ્રૂષાદિક અડગુણ સંપૂરણ,**
**પ્રવૃત્તચક્ર તે કહીએ જી;**
**યમ દ્વય લાભી પર દુગ અર્થી,**
**આદ્ય અવંચક લહીએ જી;**
**ચાર અહિંસાદિક યમ ઈચ્છા,**
**પ્રવૃત્તિ થિર સિદ્ધિ નામે જી;**
**શુદ્ધ રુચે પાળે અતિચારહ,**
**ટાળે ફળ પરિણામે જી.......................... ૫**

शुश्रूषा श्रवणं चैव, ग्रहणं धारणं तथा ।
उहाऽपोहोऽर्थविज्ञानं, तत्त्वज्ञानं च धीगुणाः ॥

**અર્થ :** 'સાંભળવાની ઈચ્છા, સાંભળવું, ગ્રહણ કરવું, તેને ધારી રાખવું, વિચારણા કરવી, વિશેષ વિચારણા કરવી, અર્થવિભાજન અને તત્ત્વજ્ઞાન એ બુદ્ધિના આઠ ગુણો છે.'

અથવા– (૧) શુશ્રૂષા, (૨) શ્રુતજ્ઞાન, (૩) વિરતિ, (૪) આશ્રવરોધ, (૫) સંવર, (૬) નિરીહતપ, (૭) નિર્જરા અને (૮) ક્રિયાનિવૃત્તિ તથા ઉપર બતાવેલ શુશ્રૂષાદિ આઠ ગુણ જેનામાં સંપૂર્ણ હોય તે **પ્રવૃત્તચક્રયોગી** કહેવાય.

વળી યમદ્વય એટલે અહિંસા અને સત્ય તેના લાભવંત હોય તથા પરદુગ એટલે અસ્તેય અને બ્રહ્મચર્યના અર્થી હોય. વળી આદ્ય અવંચક ફળના ધણી હોય.

અવંચક ત્રણ પ્રકારના છે : (૧) યોગાવંચક, (૨) ક્રિયાવંચક, (૩) ફલાવંચક. તેમાંથી આદ્ય અવંચકના ધણી હોય. વળી અહિંસાદિ ચાર યમને વશ હોય, વળી ઇચ્છા એટલે ગુણીજનની સમ્યક્ કથા કરવાનું મન કરે, આચારનું ઉત્કૃષ્ટપણે પાલન કરે, થિર-નિરતિચારપણે પ્રવૃત્તિમાં દૃઢ રહે, સિદ્ધિ-સ્વાર્થ પરાર્થને નિપજાવે - એ પ્રમાણે અતિ શુદ્ધ રૂચિપણે ચારે પ્રકાર પાળે. વળી અતિચાર ટાળી જે રીતે ફળીભૂત થાય તેવા પરિણામ સાધે. તેવા યોગી સદા સફલાભ્યાસી હોય, જેમ એક વખત ફેરવેલું ક્રિયા ભાજન ઉતાર્યા કરે, તેમ આ યોગીની ક્રિયા નિષ્ફળ ન હોય.

**ભાવાર્થ :** પ્રવૃત્તચક્રયોગીની આગવી લાક્ષણિકતા આ ગાથામાં વર્ણવવામાં આવી છે.

આ લક્ષણો દ્વારા તે સંસારચક્રને ભેદનારો થાય. અર્થાત્ તેની આધ્યાત્મિક પ્રવૃત્તિનું ચક્ર સતતપણે એવું ગતિમાન રહે કે તે સર્વ પૌદ્ગલિક આશંસાનો ઉચ્છેદ કરી નાખે.

તેની પ્રત્યેક વૃત્તિના દોરામાં આત્મા જ પરોવાયેલો હોય. એટલે તે સત્યથી વિખૂટો ન પડી શકે. બ્રહ્મચર્ય તેને અસ્થિમજ્જાવત્ હોય. અહિંસા તેના પ્રાણોના પ્રાણના સ્થાને હોય. પરપદાર્થથી સર્વથા પર એવા તેને અસ્તેય તો હૃદયરૂપ હોય.

તાત્પર્ય કે આવા યોગીવર્યની કોઇ પ્રવૃત્તિમાંથી સંસારની દુર્ગંધ ન છૂટે, પણ આત્મા જ નીતરે.

ઉત્તમ સુગુરૂનો સુયોગ તેને હોય જ અને તેમાંથી બીજા બે યોગ નિષ્પન્ન થાય.

આત્મામાં રમતો તે જયણાપૂર્વક બોલે, ચાલે, ઉઠે-બેસે. એવી સૂક્ષ્મ જાગૃતિ તેના ભાવપ્રાણોમાં રહે.

મધરાતે બગાસું આવે તો પણ તેનો ઉપયોગ આત્મામાં હોય.

આવા મહામુનિની મુખમુદ્રા પર સમભાવ અંકિત થયેલો હોય. માનો કે તેમના દર્શને દિલ પાવન થાય, મન શાંત થાય, રાગ-દ્વેષનો વેગ એકદમ મંદ પડી જાય.

પરાદષ્ટિવંત આવા મહામુનિ મહાયોગીનો શબ્દવચન જેટલો બળવાન હોય. એ બોલે કે, 'સુખી રહો' તો આખી કર્મપ્રકૃતિ ઉપર તેની અસર થાય. કારણ કે પરાદષ્ટિવંત મહામુનિની વાણી-પરાવાણી હોય છે. તેઓ વૈખરી, મધ્યમા અને પશ્યન્તી વાણીની કક્ષા વટાવીને પરાવાણીને પામેલા હોય છે.

આત્મસ્વભાવમાં મગ્ન આવા મહામુનિઓ એવા પ્રભાવશાળી હોય છે કે તેમની હાજરીમાં વાઘ જેવા હિંસક પશુની હિંસક બુદ્ધિ અંકુશિત થાય છે.

રત્નત્રયીની ઉત્કૃષ્ટ પ્રકારની આરાધના દ્વારા આવા પરમ યોગી પદે પહોંચાય છે.

આવા યોગીવર્યો એ આ દુનિયાના સમર્થ આત્મહિતૈષીઓ છે. તેમને સદા વંદન હો !

કુળયોગી ને પ્રવૃત્તચક્રને,
શ્રવણશુદ્ધિ પક્ષપાત જી;
યોગદષ્ટિ-ગ્રંથે હિત હોવે,
તેણે કહી એ વાત જી;
શુદ્ધ ભાવ ને સુની કિરિયા,
બેહુમાં-અંતર કેતો જી;
જળહળતો સૂરજ ને ખજૂઓ,
તાસ તેજમાં જોતો જી.......................... ૬

**અર્થ :** કુળયોગી તથા પ્રવૃત્તચક્રયોગીને શુદ્ધમાર્ગ, યમ-નિયમાદિનું પાલન અને ધર્મશાસ્ત્રનું શ્રવણ-મનન હોય તથા શુદ્ધાચાર વિનયાદિકરણ, સત્સંગ અને ગુણોનો પક્ષપાત હોય. આવા ગુણના ધારક તે યોગી કહેવાય, પરંતુ દંભી અને વિષયના પ્રસંગી તે યોગી ન કહેવાય.

આ વાતથી વિસ્તૃત સ્વરૂપ પૂ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી **યોગદષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં જોવું.

શૂન્ય મન અને શૂન્ય આચારે યોગી ન જ કહેવાય. ભર બપોરે પ્રકાશ રેલાવતા સહસ્ર કિરણોવાળા સૂર્યના અને અંધારી રાતે ક્ષણભર ચમકતા ખજૂઆના-આગીઆ કીડાના તેજમાં જેટલો તફાવત છે, તેટલો તફાવત સમ્યક્ ક્ષયોપશમ વિનાની ક્રિયામાં અને શુદ્ધભાવવાળી ક્રિયામાં છે.

**ભાવાર્થ :** જમાનાવાદમા અનુસરીને વિવિધ વિકૃત માર્ગે યોગસાધનાની વાતો કરવાથી આત્મા લભ્ય નથી જ થતો. તે સત્ય પર ઉપકારક પ્રકાશ આ ગાથામાં પૂજ્યપાદે પાથર્યો છે.

અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય આદિના નિષ્ઠાપૂર્વકના પાલન સિવાય તેમજ ચંચળવૃત્તિઓનું નિયમન કરનારા સુયોગ્ય નિયમોના દૃઢતાપૂર્વકના પાલન સિવાય પણ જો આત્મા સાધી શકાતો હોત તો શ્રેષ્ઠ યમ-નિયમબદ્ધ સુસાધુઓ કરતાં તેનાથી સર્વથા રહિત પશુઓ સહુથી પહેલાં આત્માને સાધી શક્યાં હોત.

નિરંકુશપણે વર્તવું, મનના ચાળાને વશ થવું, ખાદ્યાખાદ્યાદિ વિવેકને તિલાંજલિ આપવી, સ્ત્રીઓનો સંગ કરવો, રાત્રિભોજન કરવું, બિભત્સ સાહિત્યની રૂચિ રાખવી - એ વલણ આત્માર્થીનું નહિ, પણ સંસારકામી જીવનું છે.

કુળયોગી અને પ્રવૃત્તચક્રયોગીને તો એ જ ગમે જેનાથી સંસાર તરફ અણગમો પેદા થાય, આત્મામાં પ્રીતિ પેદા થાય. એમના મન અને ઇન્દ્રિયો આત્મપ્રીતિ વધારનારા સત્ શાસ્ત્રોના શ્રવણમાં લીન રહે, સત્સંગમાં તેમનો સમય સાર્થક થાય. નિયમ વગરના પશુવત્ જીવનમાં તેમનો એક શ્વાસ પણ ખર્ચાઇ જાય તો તેમને પારાવાર ખેદ થાય.

એરકંડીશન (વાતાનુકૂલિત) મકાનોમાં બેસીને દેહાતીત ધ્યાન ધરવાની જે વાતો વર્તમાનકાળે વહેતી થઇ છે, તે બધી

તાત્ત્વિક યોગસાધનાની અપેક્ષાએ પાણી વલોવીને માખણ મેળવવાની વૃત્તિ રાખવા જેવી નાપાયાદાર છે.

દેહાદિકની સાનુકૂળતાએ યોગસાધના અતિ સાનુકૂળ રીતે થઇ શકે એમ માનવું એ જ મોટો ભ્રમ છે.

દૃષ્ટિમાં આત્માની મુખ્યતા પરોવાઇ જાય છે તે પછી જ યોગમાર્ગે એક પણ સાચું પગલું ભરી શકાય છે.

જે અંદરથી ઠર્યો નથી. શાંત, ઉપશાંત, પ્રશાંત, ચૂપ થયો નથી તે સાચો યોગી નથી.

અનંતકાળના સંચિત પાપકર્મોને બાળી નાખવા માટે ચુસ્તપણે રત્નત્રયીની આરાધના કરવી જ પડે છે. આત્મશુદ્ધિના સમ્યગ્ આ માર્ગને છોડી દઇને મનઘડત વિચારો દ્વારા આત્મા શુદ્ધ થતો નથી.

મેલું કપડું પણ પાણી, સાબુ અને ધોકાના મારથી શુદ્ધ થાય છે, તેમ મલિન આત્મા પણ અહિંસા, સંયમ અને તપના ત્રિવિધ સેવનથી શુદ્ધ થાય છે.

'હું શુદ્ધ જ છું, મારે તપ-જપ આદિની કોઇ જરૂર હવે નથી', એમ બોલવું તે મિથ્યા અહં છે.

સૂર્ય અને આગીઆ વચ્ચે જેટલું અંતર-તફાવત પ્રકાશની બાબતમાં છે, તેટલું અંતર આવા દંભી યોગીઓ અને યથાવિધિ-નીતિ યોગમાર્ગમાં પ્રવર્તતા મહાપુરુષોના જીવન વચ્ચે છે.

મન અને આત્મા એ બે વચ્ચે સંપૂર્ણ અભેદ - અર્થાત્ સંસારમાં રમતા મનનું આત્મામાં વિલીનીકરણ તે રૂપ યોગ સાધના કેવળ બાહ્ય મન વડે સાધી શકાતી નથી, પણ મનના બધા જ પ્રદેશોમાં આત્મભાવની પરિણતિ દ્વારા સાધી શકાય છે.

તાત્પર્ય કે બહિરાત્મદશામાં રહીને અંતરાત્મામાં વસવાની વાતો કરવી તે બોલવા છતાં 'હું મૌન છું' એવો મિથ્યા પ્રલાપ છે.

અનેક પ્રકારના ઉપાયો દ્વારા સપાટી ઉપરના મનને શૂન્ય કરી શકાય છે, પણ એમ કરવા માત્રથી મલિન વૃત્તિઓ નિર્મૂળ થતી નથી એ તો નિમિત્ત મળતા જ આત્માને પાપમાં ઘસડી જાય છે.

એટલે આત્મદૃષ્ટિવંત યોગીઓની દુનિયામાં પ્રધાનતા આત્માની હોય છે. આત્માના ગુણોની હોય છે, પરમાત્માના ધ્યાનની હોય છે, પણ જે વૃત્તિ યા પ્રવૃત્તિ વડે આત્મભાવ જરા પણ દૂષિત થાય તેવો કોઇ અભિગમ તેમના જીવનમાં જાગતો જ નથી.

યોગની આ આઠ દૃષ્ટિ સંબંધી વિસ્તૃત વર્ણન, સમર્થ શાસનપ્રભાવક પરમ પૂ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજીકૃત **યોગદૃષ્ટિ સમુચ્ચય** ગ્રંથમાં છે.

પ્રાતઃ સ્મરણીય આ સૂરિ-પુરંદરની આ કૃતિમાં સૂતેલા ચેતનરાજને જગાડનારું સૂક્ષ્મ સંગીત વહી રહ્યું છે. મિત્રા,

તારા, પ્રભા આદિ દૃષ્ટિમાં વર્તતા આત્માની વિશેષતાઓ વર્ણવવામાં આવી છે. પરમાત્માનો પ્રેમી કેવો હોય તેનું યથાર્થ નિરૂપણ છે. શુદ્ધ આત્માના અચિંત્ય સામર્થ્યનું સ્વરૂપ છે. બાજીગરના ખેલ જેવા સંસારનું યથાર્થ ચિત્ર છે.

આત્માર્થીને સંસાર ન ભાવતો હોવાનું મુખ્ય કારણ પણ આ ગ્રંથમાં છે.

આત્માને વાંચવા માટે, આત્મામાં વિચરવા માટે, આ ગ્રંથરત્ન અવશ્ય મનનીય છે અને તેનો સાર આ લખાણમાં સાંકળવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

**રખડ્યો બહુ સંસારમાં,**
**છતાં ન ચાખ્યું સુખ લવલેશ;**
**હવે જઈ વસું આત્મ ભવને,**
**છોડી રાગ ને દ્વેષ.**

એવી પ્રશસ્ત ભાવના જગાડનારું આ લખાણ પણ હોંસે-હોંસે આરોગવાની વિનંતી છે કે જેથી ભવરોગને દૂર કરનારી આત્માની તાકાત આળસ મરડીને સક્રિય બની શકે.

**ગુહ્ય ભાવ એ તેહને કહીએ,**
**જેહ શું અંતર ભાંજે જી;**
**જેહશું ચિત્ત પટંતર હોવે,**
**તેહ શું ગુહ્ય ન છાજે જી;**

યોગ્ય અયોગ્ય વિભાગ અલ હતો,
કરશે મોટી વાતો જી;
ખમશે તે પંડિત પરિષદમાં,
મુષ્ટિ પ્રહાર ને લાતો જી. ........................ ૭

**અર્થ :** શાસ્ત્રના ગુહ્યભાવ-રહસ્ય તે તેને જ કહીએ કે જેની સાથે અંતરંગ મળતું હોય. અર્થાત્ મિથ્યાત્વનો ત્યાગ કરી સમ્યગ્ દર્શન પરિણતિ - શ્રદ્ધાન હોય, તેની આગળ જ શાસ્ત્રનાં રહસ્ય ખોલીએ. જેને પ્રવચનાનુસાર સમ્યક્ શ્રદ્ધાન ન થયું હોય તેની આગળ શાસ્ત્રના રહસ્યનો પ્રકાશ કરવો તે ઉચિત નથી.

યોગ્ય-અયોગ્યનો વિભાગ-વહેંચણી જે સમજતો નથી અર્થાત્ ગુરૂનો વિનય કરતો નથી, શુદ્ધાચાર પાળતો નથી, દ્રવ્યાદિભાવને સમજતો નથી, છતાં પોતે દોઢ-ડાહ્યો થઈને શાસ્ત્ર-સંબંધી થઈને મોટી મોટી વાતો કરે છે, તે પંડિતોની પર્ષદામાં - સભામાં હાર પામી મુષ્ટિપ્રહાર એટલે ગચ્છાદિકથી બહાર કાઢવું તથા નરકાદિમાં વધ, બંધન અને લાતોનાં પ્રહાર અને અપયશ પામશે.

**ભાવાર્થ :** અણુબોમ્બ બનાવવાની ફોર્મ્યુલા જાહેર કરવામાં રહેલા ગંભીર જોખમોને ધ્યાનમાં લઈને રશિયા, અમેરિકા આદિ દેશોએ તેમ કરવા ઉપર સખ્ત પ્રતિબંધ મૂક્યો છે.

તો પછી આત્માને પરમાત્મા બનાવનારી ફોર્મ્યુલારૂપ સુશાસ્ત્રોના રહસ્યો જેની તેની આગળ ખુલ્લા કરી દેવાય તો ભયાનક દંભ અને માયાચાર ફેલાઈ જાય. પાત્રતાહીન માનવો તેનો સરિયામ દુરૂપયોગ કરીને સ્વ-પરનું ભયાનક અહિત કરે.

કહ્યું છે કે—

'कुपात्रस्य करं धत्ते, शास्त्रो शस्त्रं भविष्यति ।'

અર્થાત્ કુપાત્રના હાથમાં મૂકાયેલું શાસ્ત્ર શસ્ત્રનું કામ કરે છે.

કુપાત્ર અને કુમતિવાળો મિથ્યામતિવાળો.

શસ્ત્રવિદ્યા શૂરવીર પચાવી શકે, તેમ શાસ્ત્રરહસ્ય સુપાત્ર જ પચાવી શકે.

ગોશાળાએ તેજોલેશ્યાનો કેવો ભયંકર દુરૂપયોગ કર્યો હતો, તે જગજાહેર છે.

ઉત્તમ એવી સાકર જો ગર્દભને ખવરાવાય તો તેનું મોત થાય. કારણ કે તેનો કોઠો તે સાકરને લાયક હોતો જ નથી.

સૂઠના ગાંગડે વૈદ થઇ જઇને અનેક ભોળા જીવોને ભરમાવતા પેટભરા માણસો જગતમાં હાહાકાર મચાવતા હોય છે.

કાચો પારો પચાવવા કરતાં વધુ કઠિન શાસ્ત્ર-રહસ્યને પચાવવાનું કામ છે.

દેવ, ગુરૂ અને ધર્મરૂપ તત્ત્વત્રયીમાં સંપૂર્ણ શ્રદ્ધાવાળો આત્મા જ શાસ્ત્રના રહસ્યને પચાવી શકે છે.

પણ જેઓ કાર્ય શું અને અકાર્ય શું. હેય શું અને ઉપાદેય શું, તેની સુયોગ્ય પ્રકારે તારવણી કરવારૂપ સમ્યક્મતિ ધરાવતા નહિ હોવા છતાં પોથી-પંડિત બનીને ફૂલાય છે, તેઓ તત્ત્વજ્ઞ પુરુષો આગળ પરાજિત થાય છે. તેમજ દુર્ગતિના અપાર દુઃખો વેઠે છે.

ગંભીર આશયવાળા તત્ત્વજિજ્ઞાસુને શાસ્ત્રરહસ્ય કહેવાથી તે તેનો ઉત્તમ પ્રકારે સદુપયોગ કરે છે, તેમજ બીજા જીવોનું પણ હિત કરે છે.

શાસ્ત્રના મર્મમાં સ્વમતિને ઢાળવાના બદલે, તે મર્મને પોતાની મતિ અનુસાર ઘાટ આપનારા જીવોને શાસ્ત્ર-મર્મ કહેવાથી કમળાના દર્દીને દૂધ પાવા જેવું ભયાનક અહિત થાય છે.

એટલે તત્ત્વવિદ્ પુરુષો, પાત્રની પાત્રતા અનુસાર તત્ત્વ જ તેને પીરસતા હોય છે. કારણ કે તત્ત્વનો અપચો કેવો ભયાનક હોય છે તે તેઓ સારી રીતે જાણતા હોય છે.

એટલે આ દૃષ્ટિના રહસ્યો પણ જેનું મન આત્મામાં રમતું હોય, જે પાપભીરૂ હોય, દેવ-ગુરૂનો ભક્ત હોય, શાસ્ત્ર શ્રદ્ધાળુ હોય તેને જ તેની કક્ષા જોઇ-વિચારીને પીરસવા.

જેના મનમાં સંસાર રમતો હોય, કંચન અને કામિની બેઠા હોય, ગમે તેવા આરંભ-સમારંભમાં જે મદભર મહાલતો હોય તેવા કોઇ જીવને આ રહસ્યો ન બતાવવા.

આવું નકારાત્મક વિધાન અનંત કરૂણાવંત શ્રી તીર્થંકરદેવના શાસનના સૂત્રધારોએ ખૂબ ખૂબ ઉપકારક દૃષ્ટિપૂર્વક કહેલું છે.

પોતાના બાળકને કિંમતી અલંકારો નહિ પહેરાવનારી માતાને તે બાળક તરફ અણગમો નહિ પણ વાત્સલ્ય હોય છે, તેમ શ્રી જૈનશાસનના મર્મને જાણનારા મહર્ષિઓને પણ જીવ

માત્ર તરફ વાત્સલ્ય હોઈને જ તેમણે આ વિધાન - તેમના આત્માના હિતની ઉપકારક દૃષ્ટિએ કહેલું છે.

તિજોરીની ચાવી પણ નાદાનને નથી અપાતી તો શાસ્ત્રનું રહસ્ય, મિથ્યામતિવાળાને શી રીતે બતાવાય ?

શ્રી જિનાજ્ઞાના પ્રત્યેક આરાધકે આ વિધાનને સારી રીતે સમજીને વર્તવું જોઈએ. પણ અણમોલ એવા તત્ત્વને ગમે તેની આગળ ન ખોલવું જોઈએ.

તત્ત્વને પચાવી જાણનારો જ સાચો તત્ત્વવિદ્ છે.

**સભા ત્રણ શ્રોતા ગુણ અવગુણ,**
**નંદી સૂત્રે દીસે જી;**
**તે જાણી એ ગ્રંથ યોગ્યને દેજો,**
**સુગુણ જગીશે જી;**
**લોક પૂરજો નિજ નિજ ઈચ્છા,**
**યોગભાવ - ગુણ રયણે જી;**
**શ્રી નયવિજય-વિબુધ-પય-સેવક,**
**વાચક યશને વયણે જી.........................૮**

**અર્થ :** શ્રી નંદીસૂત્રમાં સભા ત્રણ પ્રકારની કહી છે :

(૧) જે ગુણ તથા દોષને સમજે તેવા શ્રોતાઓની સભા તે રાજહંસ સમાન ડાહી સમજવી.

(૨) જ્યાં શ્રોતાઓનો અભાવ છે, તે સભા પશુમૃગના બાળકો સરખી મૂર્ખ સમજવી.

(૩) જ્યાં શ્રોતાઓ ગીતાર્થનું અપમાન કરનારા નિંદક છે, તે **અયોગ્ય** સભા સમજવી.

તેવી રીતે સભાનું સ્વરૂપ સમજીને આ ગ્રંથનો હાર્દ-રહસ્ય તેવી યોગ્ય સભાને આપજો કે જેઓને દેતાં ઉત્તમ પ્રવચનની શોભા વધે તેવા ગુણો તથા જગીશ - તે ગુણો દ્વારા થઈ શકે તેવા સુખની પ્રાપ્તિ તેમને થાય.

એમ ઈચ્છાયોગ તથા શાસ્ત્રાદિના જે યોગ તે રૂપ ભાવગુણ તદ્રૂપ મણિરત્નોથી સમસ્ત લોક પૂરાજો - વિશિષ્ટ આત્મયોગરૂપ ભાવરત્નોથી સમગ્ર લોક તૃપ્તિ પામો.

આ ગ્રંથનું રહસ્ય પામી ભવ્યજનો સંસારભાવથી મુક્ત થાઓ, આપ સ્વભાવમાં મગ્ન બનો ! એમ શ્રી નયવિજય પંડિતના ચરણકમળના સેવક ઉપાધ્યાય **શ્રી યશોવિજયજી** ગણિ, જેમણે કાશીમાં **ન્યાયવિશારદ** એવું બિરૂદ પ્રાપ્ત કર્યું હતું. તેમનાં વચન જાણજો.

**ભાવાર્થ :** આ ગાથામાં મહત્ત્વના બે મુદ્દા છે.

એક તો એ કે આ ગ્રંથનું રહસ્ય એવા શ્રોતાઓને પીરસજો કે જે તેને ખરેખર લાયક હોય કે જેથી ગુણગણને પામીને પરમ સુખને પામે.

બીજો મુદ્દો ભાવનાત્મક છે અને તે એ કે વિશિષ્ટ આત્મયોગરૂપ ભાવરત્નોથી સકળ લોકતૃપ્તિ-પામો !

પ્રસ્તુત સજ્ઝાય ગ્રંથના રચયિતા ભગવંતને સકળ લોકના પરમ હિતની ઊંચી જે ભાવના આ શ્લોકના ઉત્તરાર્ધમા રજૂ થઇ છે તે શ્રી જૈનશાસનની અસીમ વિશ્વોપકારિતાનું સહુને દર્શન કરાવે છે.

આ ગ્રંથનું રહસ્ય મૂર્ખ અને અયોગ્ય શ્રોતાઓને ન પીરસવાની ખાસ જે સૂચના આ ગાથાના પૂર્વાર્ધમાં છે તેના મૂળમાં પણ શ્રી જૈનશાસનની અસીમ વિશ્વોપકારિતા જ રહેલી છે.

રાજહંસ જેવા વિવેકી શ્રોતાઓને આ ગ્રંથનું રહસ્ય પીરસવાથી વક્તા અને શ્રોતા ઉભયના સમય અને શક્તિની સાર્થકતા થાય છે.

આવા શ્રોતાઓ સારગ્રાહી દૃષ્ટિવાળા હોય છે.

સારગ્રાહી દૃષ્ટિ એટલે ગુણગ્રાહી દૃષ્ટિ અને ગુણગ્રાહી દૃષ્ટિવાળા આત્માઓ મિથ્યાદૃષ્ટિવાળા નથી હોતા. આત્મદૃષ્ટિથી વિપરીત એવી જડદૃષ્ટિવાળા નથી હોતા.

એટલે આ ગ્રંથમાંના પદાર્થોને ઝીલીને તેઓ કોઇ જીવનું તેના અવગુણોને ધ્યાનમાં લઇને અશુભ નહિ ચિંતવે યા જાહેરમાં ઘસાતું નહિ બોલે. કારણ કે આમ કરવું તે પણ મોટો એક અવગુણ છે એ તેઓની દૃષ્ટિમાં બરાબર બેસી ગયું હોય છે.

આત્મદૃષ્ટિવાળા યાને જેની દૃષ્ટિમાં આત્મા મુખ્ય છે એવા ભવ્ય આત્માઓ મિત્રાદૃષ્ટિથી પરાદૃષ્ટિ પર્યંતની આત્મ-સાધનામાં દિનપ્રતિદિન આગળ વધો !

અનેક ગ્રંથરત્નોના રચયિતા આગમ સારવેત્તા, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય પૂજ્યશ્રી યશોવિજયજી ગણિવરે આ **આઠ દૃષ્ટિની સજ્ઝાય** ગ્રંથની રચના પૂજ્ય શ્રી **જ્ઞાનવિમલ-સૂરીશ્વરજી**એ લખેલ બાલાવબોધ અનુસાર કરેલી છે.

પૂ.શ્રી **જ્ઞાનવિમલસૂરિ**એ શ્રી ખંભાતના દોશી મેઘજીભાઇ ઉદેકરણ તથા વડનગરીઆ શા અમુલખચંદના અનુગ્રહ અર્થે આ બાલાવબોધની રચના કરી છે.

ગુણરત્નોના ધારક મહાપુરુષો કેવા વિનમ્ર સ્વભાવના હોય છે તે આ ગાથામાં પોતાને પૂ.શ્રી નયવિજયજી પંડિતના ચરણ સેવક વર્ણવીને પૂજ્યપાદે પૂરવાર કર્યું છે.

આજ્ઞાપ્રધાન શ્રી જૈનશાસનની એ ઉજ્જવળ પરંપરા રહી છે કે, ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્માના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીજી થી માંડીને આજ સુધીના સર્વ આચાર્યદેવોએ પોતપોતાના ગુરૂવર્યોને આગળ રાખ્યા છે.

દોરામાં પરોવાયેલા મણકાની જેમ આ સજ્ઝાય ગ્રંથની ગાથાઓ રૂપ મણકાઓ આત્માના તારમાં પરોવાયેલા છે. એટલે આ સજ્ઝાયનો સ્વાધ્યાય કરવાથી મન આત્મામાં પરોવાય તે સ્વાભાવિક છે. અસાર સંસારમાં ન લપટાય તે પણ સ્વાભાવિક છે.

સત્ શાસ્ત્રોના સ્વાધ્યાયની રૂચિ વધવાથી જ સંસાર તરફની આસક્તિ પાતળી પડીને ક્રમશઃ નાશ પામે છે અને પરાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.

સહુ ભવ્ય આત્માઓને પરાદૃષ્ટિ પ્રાપ્ત કરવાના મનોરથ થાઓ !

**ઉપસંહાર :**

દુનિયાના મોટા ભાગના જીવો ઓઘદૃષ્ટિએ વર્તે છે.

તેમાંના થોડાક મિત્રાદૃષ્ટિએ વર્તે છે. તેના કરતા ઓછા તારાદૃષ્ટિએ વર્તે છે અને તે ક્રમે વિચારતાં પરાદૃષ્ટિવંત યોગીવર્યોની સંખ્યા ઓછામાં ઓછી છે.

ઓઘદૃષ્ટિવાળા જીવો અંધકારમાં આથડતા જન્માંધ જેવા હોય છે. તેમનું સમગ્ર જીવન વિષય-કષાય પાછળ બરબાદ થાય છે. પોતાના દેહમાં આત્મા હોવા છતાં તેની આછી પણ ઝલક તેમના વર્તનમાં નથી હોતી.

એટલે તેમને સંસાર રૂચે છે, મુક્તિની વાતો માથાના દુ:ખાવા જેવી લાગે છે. વ્યાખ્યાન સાંભળતાં ઝોકા આવે છે. સંસારની વાતો સાકર જેવી લાગે છે.

અમાસની મધરાતે વાદળની ઘટા છવાયેલી હોય છે ત્યારે દેખતો માણસ પણ એક હાથ છેટેની વસ્તુને પણ જોઈ શકતો નથી, તેમ રાગ-દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ આદિના ગાઢ આવરણ તળે રહેલા આવા જીવો પોતાના જ દેહમાં રહેલા આત્માના આછા પણ બોધને પામી શકતા નથી.

આત્માનો આછો - અતિ આછો પ્રકાશ-બોધ જીવને મિત્રાદૃષ્ટિમાં પ્રાપ્ત થાય છે.

સૂકા ઘાસના અગ્નિના પ્રકાશ જેવી આ દષ્ટિમાં આત્માનો બોધ અલ્પકાલીન તેમજ મંદ હોવા છતાં અહિંસા, સત્ય આદિ પાંચ યમમાં મતિ કંઇક અંશે પ્રવર્તે છે. તેથી હિંસા, અસત્ય આદિનું સેવન થતાં આછું પણ દુઃખ થાય છે.

આત્માના સંસ્કારની ગાઢ છાપ સમગ્ર જીવન ઉપર ઉપસે છે, ત્યારે જ પાપ ઝેર કરતાં વધુ કડવું લાગે છે.

આવો ગાઢ આત્મ-સંસ્કાર રાગદ્વેષરૂપી ગ્રંથિને ભેદીને જીવ સમ્યક્ત્વ પ્રાપ્ત કરે છે ત્યારથી શરૂ થાય છે.

મિથ્યાત્વ ભેદાયું છે કે નહિ તેનું પારખુ કરવા માટે માણસે પોતાની દષ્ટિને પારખવી પડે છે. એ દષ્ટિ કઇ દુનિયામાં રાચે છે તે જોવું પડે છે. જો તે પુદ્‌ગલોની જ દુનિયામાં રાચતી હોય અને છતાં જેને તેનો કોઇ ભેદ પણ ન હોય, તો કહી શકાય કે તે જીવનું મિથ્યાત્વ ભેદાયું નથી.

મિથ્યાત્વ ભેદાય અને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય એટલે સ્થિર પ્રકાશમાં પદાર્થ પૂરેપૂરો દેખાય તેમ આત્મા દષ્ટિમાં સ્થિર થઇ જાય, દષ્ટિ આત્મામાં સ્થિર થઇ જાય.

એટલે જીવના કટ્ટરમાં કટ્ટર શત્રુ એવા મિથ્યાત્વનો નાશ કરવા માટે દુઃખમૂલક સંસારનો નાશ કરનારા સુખમૂલક ધર્મની આરાધના કરવી જ પડે છે.

ધર્મની આરાધના એટલે આત્માની આરાધના, આત્મ સ્વભાવની આરાધના, આત્માના શુદ્ધ સ્વરૂપની આરાધના.

આ આરાધના બધા જીવો કરી શકતા નથી, બધા માણસો પણ યથાર્થપણે કરી શકતા નથી, પણ ઉત્તમ ધર્મસામગ્રીને પામેલા મનુષ્યોમાંથી અમુક જ કરી શકે છે.

આ ઉત્તમ સામગ્રીમાં ઉત્તમ કુળ, જાતિ, શરીર, આરોગ્ય, ક્ષેત્ર આદિનો સમાવેશ થાય છે.

આવી ઉત્તમ સામગ્રી જીવને આ સંસારમાં ક્યારેક જ પ્રાપ્ત થાય છે.

આવી સામગ્રી મળ્યા પછી તેનો ઉપયોગ સંસાર સેવવા પાછળ કરવો તે ગંગાજળને ગટરમાં ફેંકી દેવા જેવું દુષ્કૃત છે, ઉકરડે અત્તર છાંટવા જેવું અપકૃત્ય છે.

વસ્તુ સ્વભાવનો પરિચય કરાવનારા સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ આત્મિક જીવનની ખરી મીઠાશ અનુભવવા મળે છે.

પાંચમી સ્થિરાદૃષ્ટિમાં આ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

મેળવવા જેવા આ અણમોલ રત્નને મેળવવા માટે દેવ-ગુરૂની ભક્તિને જીવનમાં અગ્રીમ સ્થાન આપવું પડે છે. મનના તરંગોને નાથવા પડે છે, સ્વાર્થને ગૌણ કરીને પરમાર્થને પ્રાધાન્ય આપવું પડે છે. પરપદાર્થો આત્મા માટે ખરેખર પરાયા છે. એ સત્યને જીવનમાં પ્રતિષ્ઠિત કરવું પડે છે.

મિથ્યાત્વને રહેંસી નાખ્યા સિવાય, આત્માના સ્વભાવને રહેંસવાનો તેનો સ્વભાવ તે નહિ છોડે.

સંયમ વિના હજી યે ઉદ્ધાર થાય, પણ સમકિત વિના તો ન જ થાય એવું જે શાસ્ત્રવચન છે, તેનો સાર એ છે કે, સમકિતની હાજરીમાં, સૂર્યની હાજરીમાં અંધકાર નથી ટકતો તેમ પાપકરણવૃત્તિનો અંધકાર મડદાળ બની જાય છે.

આ મિથ્યાત્વના વિલય પછી નિત્ય મંગળકારી ધર્મનો સ્થિર પ્રકાશ મનમાં ઉભરાય છે. તનમાં ફેલાય છે. લોહીના કણે કણમાં છવાઈ જાય છે.

'પુદ્ગલ સંગે રંગે રાચે, તે જીવ ધર્મરસે નહિ માચે.'

એ ઉક્તિ સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી જ ખરેખર સાચી લાગે છે.

વપુ વિનાશી છે, આત્મા અવિનાશી છે. વપુ યાને શરીરને ગમે તેટલું સાચવવા છતાં તે નાશ પામે જ છે એટલે સ્થિરા આદિ દૃષ્ટિમાં વર્તતા આત્માઓ, આત્માને સાચવે છે. આત્મ તત્ત્વમાં રાચે છે, આત્માના ગુણોમાં જીવનને ઢાળે છે.

ઈન્દ્રિયોને અનુકૂળ જીવન તે પશુજીવન. ઈન્દ્રિયોના વિષયોમાં રાચતા સહુ કોઈ-ભલે પછી તે દેવ હોય કે મનુષ્ય પણ તાત્ત્વિક રીતે પશુ સમાન છે.

પણ જે આત્માઓ આ યોગદૃષ્ટિઓની પ્રાપ્તિ માટે જીવે છે તેઓ એક માત્ર પોતાના જ આત્માના નહિ, પણ બધા જીવોના સહૃદયી મિત્ર તરીકેનો ધર્મ બજાવે છે.

નશામાં ચકચૂર માણસને પોતાની જાતનું પણ ભાન નથી રહેતું, તેમ પ્રવર્તમાન જડવાદની ગાઢ અસરમાં આવેલા જીવો,

આત્મા, પાપ, પુણ્ય, સ્વર્ગ, નરક, મોક્ષ આદિ પદાર્થોની બાબતમાં યથેચ્છ પ્રલાપો કરીને પોતાના જ ભાવિને વધુ અંધકારમય બનાવી રહ્યા છે અને તેનું મૂળ કારણ છે તેમના આત્મામાં જામી પડેલું ગાઢ મિથ્યાત્વ.

આ મિથ્યાત્વ, મિથ્યાને સત્ય સમજાવે છે, સત્યને મિથ્યા સમજાવે છે.

પરમ ઉપકારી શ્રી જિનશાસનને પામેલા વિશ્વહિતચિંતક પરમર્ષિઓએ જીવને આ મિથ્યાત્વના કલણમાંથી બહાર કાઢીને સમ્યક્ત્વના રાજમાર્ગ પર ચઢાવવા માટે પોતાના એક એક શ્વાસ સુદ્ધાને ખર્ચી નાખવામાં કોઇ કંજૂસાઇ નથી કરી, તે આ ગ્રંથ વાંચતાં-વિચારતાં ઝટ પ્રતીત થાય છે.

કહેવત છે કે 'સોબત તેવી અસર'. તો પછી આપણા આખા શરીરમાં આત્મા વ્યાપેલો હોવા છતાં, આપણી સાથેને-સાથે રહેવા છતાં આપણે તેની અસર નીચે નથી આવ્યા, તેના સ્વભાવને જ આપણો સ્વભાવ નથી બનાવી શક્યા તે શું ઓછા અચંબાની વાત છે ?

તાત્પર્ય કે આપણને આત્મા સાથે મેળ નથી, મનમેળ નથી. આપણાં મન બીજે ઢળેલાં છે.

આપણે સંસારમાં જીવીએ છીએ.

આત્મા, સ્વભાવમાં સદા મગ્ન રહે છે.

સંસારમાં જીવીશું ત્યાં સુધી મરતા રહીશું, પાપ કરતા રહીશું, દુઃખી થતા રહીશું. કારણ કે સંસાર એના સેવકને એ સિવાય બીજું કશું આપી શકતો નથી.

જો આત્મામાં જીવીશું તો જન્મને જીતી શકીશું. મૃત્યુને મારી શકીશું. પાપથી મુક્ત થઇ શકીશું. અવ્યાબાધ સુખને પાત્ર બની શકીશું. કારણ કે આત્મા એના આરાધકને એનામાં છે તે અનંતચતુષ્ટયમય બનાવી જ દે છે.

એક વાર, એક સેકન્ડ માટે એક સંતની દષ્ટિ, એક સ્ત્રીના સોહામણા શરીર તરફ ખેંચાઇ ગંઇ, બીજી જ સેકન્ડે તેમણે તે આંખોમાં મરચાં ભરી દીધાં. મરચાંની એ વેદના તેમને કુદષ્ટિની વેદનાની તુલનામાં નહિવત્ લાગી.

તાત્પર્ય કે પૌદ્ગલિક દષ્ટિને આત્મા તરફ વાળવા માટે, આપણે પણ આવી જાગૃતિ કેળવવી જોઇએ.

પૂજ્યપાદ મહર્ષિ ફરમાવે છે કે આત્માને અનુભવવા માટે આત્મદષ્ટિ કેળવો, દષ્ટિને આત્મામાં સ્થિર કરો.

કહેવાય છે કે લજામણીનો છોડ રજસ્વલા સ્ત્રીના સ્પર્શે તરત કરમાઇ જાય છે, તેમ પૌદ્ગલિક દષ્ટિ એ રજસ્વલા સ્ત્રી જેવી છે, તેના સ્પર્શે આત્મદષ્ટિ મૂરઝાઇ જાય છે. આત્મા, આત્મપરિણતિથી ભ્રષ્ટ થઇને પરપરિણતિવાન બને છે.

ત્રિભુવનપતિ શ્રી તીર્થંકર પરમાત્માએ જીવને વહાલ કરવાનું ફરમાવ્યું છે. જડને નહિ, એટલે શ્રી જિનાજ્ઞાના આરાધક

તરીકે આપણે વહાલ આત્માથી કરવું જોઈએ. આત્મસ્વભાવથી ભિન્ન આપણો-સ્વભાવ આપણને ખરેખર ખટકવો જોઈએ.

જડ, ચેતનને સુખી ન કરી શકે. જીવ જીવને દુઃખી ન કરી શકે, તેમ છતાં જડ સુખના રાગરૂપ પૌદ્ગલિક દૃષ્ટિમાં વર્તતા જીવો પોતે પણ દુઃખી થાય છે તેમજ બીજા જીવોને પણ દુઃખી કરે છે.

એટલે પુદ્ગલના સામ્રાજ્યરૂપ સંસારમાં રહેવું પડે ત્યાં સુધી આત્માની આંખે દોરાવું જોઈએ. એ આંખ સાફ ન હોય તો શાસ્ત્રને આપણી આંખ બનાવવી જોઈએ. એવા શાસ્ત્ર-દૃષ્ટિવંત ગીતાર્થ ભગવંતોની આજ્ઞા અનુસાર ચાલવું જોઈએ.

આત્મદૃષ્ટિવંતનું એ પ્રધાન લક્ષણ છે કે તે કદી વિષય-કષાયમાં આંધળો નથી બનતો. પણ તે તેને દુઃખ-દર્દની જેમ *વેદે છે*, ગૂમડાને પકવીને ફોડી નાખવાની ક્રિયારૂપે જોખે છે.

સતી નારી સ્વપ્નમાંય પરપુરુષને ન સેવે, તેમ સ્થિરા આદી દૃષ્ટિવંત આત્માઓ મનથી વિષયને નથી સેવતા.

આ સજ્ઝાય ગ્રંથમાં મિત્રા આદિ આઠેય દૃષ્ટિઓનું જે સ્વરૂપ વર્ણવવામાં આવ્યું છે, તેનો તલસ્પર્શી અભ્યાસ કર્યા પછી આપણે ગુણદૃષ્ટિ કેળવવાની છે, પણ તથાપ્રકારની દૃષ્ટિમાં નહિ વર્તતા જીવોની નિંદા કરવાની નથી.

એટલે તો પૂજ્યપાદને ખાસ ફરમાવવું પડ્યું કે આ ગ્રંથનું રહસ્ય તથાપ્રકારના તત્ત્વપિપાસુ આત્માઓ આગળ જ ખોલજો.

મિથ્યામતિને વશ જીવો આગળ આ રહસ્ય ખોલવામાં મોટું જોખમ એ છે કે એ જાણીને તેઓ બહુ ઉદંડ બનશે. તેમજ જેની તેની ભૂલ કાઢવામાં શૂરા બનીને પોતાના આત્મા તેમજ સમાજ બંનેમાં દોષનું વાવેતર કરતા થઈ જશે.

નાનકડો પણ ગુણ અમૃતના બિંદુ જેવો છે. એ સત્ય મિથ્યામતિવાળાને સમજાતું નથી, એટલે તે, તે-તે વ્યક્તિના દોષને જ આગળ કરતો રહીને એવું ધૂંધળું વાતાવરણ પેદા કરે છે કે તેનાથી તેને તેમજ સમાજને ઘણો મોટો આત્મિક ગેરલાભ થાય છે.

તરસ્યો ખોબે-ખોબે પાણી પીએ છે, તેમ તત્ત્વપિપાસુ હોંસે-હોંસે તત્ત્વરૂપી અમૃતનું પાન કર છે, તે સમયે તેને જે આનંદ આવે છે, તેને જ તે સાચો આનંદ સમજે છે.

પોતાની બંગડી ન નંદાય તેની પૂરતી કાળજી રાખનારી સન્નારીની જેમ, તત્ત્વપિપાસુ આત્મા, આત્મપરિણામથી ભ્રષ્ટ ન થવાયે તેની પૂરી કાળજી રાખે છે.

આત્માને શું ગમે એ વિચાર આ ગ્રંથના વાંચન-મનન પછી મનમાં સ્ફુરે જ છે. તે વિચારના તારને લંબાવતા રહીને સિદ્ધશિલા સુધી લઈ જવો જોઈએ. કારણ કે આત્માને એ જ એક સ્થાન ખરેખર ગમે છે. બાકીની ચાર ગતિઓ તેને ગમતી હોતી નથી, પણ પાપકર્મોની સજારૂપે તેમાં તેને ભટકવું પડે છે.

આ પાપકર્મોનું કારણ રાગદ્વેષ છે.

રાગ-દ્વેષને જીતવા માટે રાગદ્વેષવિજેતા શ્રી જિનેશ્વર દેવની ભાવપૂર્વકની ભક્તિ કરવી પડે છે. સુસાધુ ભગવંતોની ત્રિવિધે સેવા કરવી પડે છે. સત્ શાસ્ત્રોનું શ્રવણ કરવું પડે છે, વ્રતનિયમ પાળવા પડે છે.

આત્માને મનમાં પ્રતિષ્ઠિત નહિ કરીને જ આપણે સંસારમાં પ્રતિષ્ઠિત રહ્યા છીએ.

સંસાર-આસક્ત પ્રત્યેક જીવનું જીવન, પવનમાં કંપતા પાંદડું જેવું પરાધીન, પાંગળું અને ચંચળ હોય છે. એટલે કોઇ સંસાર-આસક્ત કદી સાચા સુખનો અનુભવ કરી શકતો નથી, પણ ખોટાને સાચું માનીને જીવતો રહીને દુર્ગતિમાં જાય છે.

લાખ પ્રયત્ને પિત્તળ સુવર્ણ ન બને, તેમ લાખ પ્રયત્ને પણ ભૂંડો સંસાર રૂડો ન બને. તેના સેવનારને સો ટચનું સુખ ન આપી શકે.

પોતાના મૂળ સ્વરૂપથી અનભિજ્ઞ એવો કોઇ પણ જીવ કદી સુખી થઇ શકતો નથી. કારણ કે સાચા સુખને - આત્માનુસંધાન સાથે પાયાનો સંબંધ છે એ સંબંધ જેમ જેમ સુદૃઢ બનતો જાય છે, તેમ તેમ કર્મોનાં બંધનો ઢીલાં પડતા જાય છે. આત્માની વધતી જતી કાન્તિનો અનુભવ થાય છે. પ્રાણના ભોગે પણ તે કાન્તિનું જતન કરવાની શક્તિ જાગે છે.

પડતા આ પાંચમા આરામાં આવા અદ્‌ભૂત તાત્ત્વિક ગ્રંથો આપણને સ્વાધ્યાય કરવા માટે મળ્યા છે. તેને આપણાં મોટા સદ્‌ભાગ્ય સમજીને આપણે નિશદિન એ ખુમારીપૂર્વક જીવવું જોઈએ કે, હું વિષય-કષાયનો દાસ નહિ, પણ ચેતનવંતો પુરુષ છું. જીવોનો મિત્ર છું. શ્રી જિનરાજનો દાસ છું. ગીતાર્થ ગુરૂ ભગવંતોનો સેવક છું.

**'મારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું આણું.'**

એ પંક્તિને વારંવાર મમળાવવાથી, આ ગ્રંથના રચયિતા ભગવંતની સાત્ત્વિક દઢતાનો આપણે પણ થોડા-ઘણા અંશે અનુભવ કરી શકીશું.


'આત્માને અનુભવવા માટે પરમાત્માને ખૂબ ખૂબ સેવો. કારણ કે પરમાત્મા આત્માથી ભિન્ન નથી અને જે પદાર્થો આત્માથી ભિન્ન છે તેની લાલસા છોડી દ્યો.'

આ ટંકશાળી વચનો જેમણે પચાવી જાણ્યાં છે તેમને ધન્ય છે.

મંગલમય આત્મદૃષ્ટિ પ્રાપ્ત કરીને સહુ જીવો પરમ મંગળકારી ધર્મના સંનિષ્ઠ આરાધક બનો ! આત્માના અખંડ આનંદનું સહુને ઘેલું લાગો ! કોઈ જીવ, કોઈ જીવને ન દૂભવો, કોઈ જીવનો દ્વેષ ન કરો.

પરમાત્મદૃષ્ટિને પામવાના શ્રેષ્ઠ સંકલ્પપૂર્વકના જીવનમાં સહુને મીઠાશ જાગો ! પ્રેમ જાગો ! લગની જાગો !

⌘ ⌘ ⌘



Tejas Printers
AHMEDABAD PH. (079) 26601045